અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ માર્ચ ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૨
વર્ષ : ૧૫
અંક : ૨૩૫
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## આત્મઘાતી હુમલામાં પાંચ એન્જીનિયર, ડ્રાયવરનું મોત

# પાકિસ્તાનમાં મોટો આત્મઘાતી હુમલો, 6 ચીની લોકોના મોત

### આત્મઘાતી હુમલાખોરે ચીની નાગરિકની કારને ટક્કર મારતા કાર ખીણમાં પડી : આત્મઘાતી હુમલામાં ચીની નાગરિકોના મોતને લઇ વિશ્વમાં ખળભળાટ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૬ ।

પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં ૬ ચીની નાગરિકોના મોતને લઈ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. ખૈબર પખ્તુનખ્વામાં આ હુમલો થયો છે. ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના શાંગલામાં તેમના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો. આત્મઘાતી હુમલાખોરે ચીની નાગરિકની કારને ટક્કર મારતા કાર ખીણમાં પડી હતી. પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં આત્મઘાતી હુમલામાં છ ચીની નાગરિકોના મોત થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે હુમલાખોરે તેમના કાફલાને નિશાન બનાવ્યો હતો. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર ખૈબર પખ્તુનખ્વાના શાંગલા જિલ્લાના બેશમ વિસ્તારમાં ચીની નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર આત્મઘાતી બોમ્બરે વિસ્ફોટકોથી ભરેલી કાર ચીની નાગરિકોના કાફલા સાથે અથડાવી હતી. સ્થાનિક પોલીસ અધિકારીઓએ પાંચ વિદેશી એન્જિનિયરો અને તેમના ડ્રાઈવરના મૃત્યુ થયાની પૃષ્ટી કરી છે. આ હુમલામાં અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઈસ્લામાબાદથી કોહિસ્તાન જતા સમયે ચીની નાગરિકોના કાફલાને નિશાન બનાવાયો અને હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે કથિત રીતે ચીની નાગરિકોની કારને ટક્કર મારી હતી જેના કારણે કાર ખીણમાં ખાબકી હતી.



#### આ પહેલા ૨૦ માર્ચે બલૂચિસ્તાન લિબરેશન આર્મીના લડવૈયાઓએ ગ્વાદર પોર્ટને નિશાન બનાવ્યું હતું

**બલૂચિસ્તાનમાં સ્થાનિક વસ્તી દાયકાઓથી પાકિસ્તાન સરકાર સામે બળવો કરી રહી છે પરંતુ તેમ છતાં ચીને અહીં ભારે રોકાણ કર્યું છે. ચીન પાકિસ્તાનથી તેના દેશમાં એક આર્થિક કોરિડોર બનાવી રહ્યું છે, જેમાં ગ્વાદર પોર્ટ અને તેની આસપાસના વિસ્તારોનો વિકાસ થવાનો છે. બલૂચિસ્તાનનો મોટો હિસ્સો આ ઑઈઝ પ્રોજેક્ટનો ભાગ છે, જેનો બલૂચિસ્તાન લિબરેશન આર્મીના લડવૈયાઓ વિરોધ કરે છે અને રોજેરોજ હુમલાઓ કરે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તમામ ચીની એન્જિનિયર્સ દાસુમાં તેમના કેમ્પ તરફ જઈ રહ્યા હતા. ખાસ કરીને દાસુ ભૂતકાળમાં પણ આતંકવાદીઓના નિશાન પર રહ્યું છે, જ્યાં ૨૦૨૧માં મોટો હુમલો થયો હતો. ત્યારબાદ બસ પર થયેલા હુમલામાં ૯ ચીની નાગરિકો સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર હુમલાખોરોએ નેવલ એર બેઝ પર હુમલો કર્યો છે, જેમાં એક સૈનિકનું પણ મોત થયું છે.**

## રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દાવો કર્યો

# મોસ્કો હુમલામાં ઇસ્લામિક કટ્ટરપંથીઓનો હાથ, યુક્રેન ભાગી રહ્યા હતા હુમલાખોરો

### પુતિને કહ્યું હતું કે આતંકવાદીઓએ હુમલો કર્યા પછી યુક્રેન ભાગી જવાનો પ્રયાસ કેમ કર્યો અને ત્યાં કોણ તેમની રાહ જોઈ રહ્યું હતું તે શોધવું મહત્વપૂર્ણ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સોમવારે (૨૫ માર્ચ) દાવો કર્યો હતો કે ગયા અઠવાડિયે મોસ્કોમાં એક કોન્સર્ટ હોલમાં હુમલો કરનારા હુમલાખોરો 'ઈસ્લામિક કટ્ટરપંથી' છે. આ હુમલામાં ૧૩૦થી વધુ લોકો માર્યા ગયા હતા. સરકારી અધિકારીઓ સાથેની બેઠકમાં પુતિને કહ્યું હતું કે આ હત્યાઓ ઈસ્લામિક ઉગ્રવાદીઓ દ્વારા કરવામાં આવી છે. પુતિને ગયા સપ્તાહના અંતે જણાવ્યું હતું કે ચાર હુમલાખોરો યુક્રેન ભાગી જવાનો પ્રયાસ કરતા પકડાયા હતા. રશિયન રાષ્ટ્રપતિએ સોમવારે પોતાની ટિપ્પણીમાં ફરી એકવાર ઈસ્લામિક સ્ટેટનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું હતું. વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે "આતંકવાદીઓએ હુમલો કર્યા પછી યુક્રેન ભાગી જવાનો પ્રયાસ કેમ કર્યો અને ત્યાં કોણ તેમની રાહ જોઈ રહ્યું હતું તે શોધવું મહત્વપૂર્ણ છે." આઈએસ દ્વારા હુમલાની જવાબદારી સ્વીકાર્યા બાદ અમેરિકાએ આતંકી સંગઠનના દાવાને યોગ્ય ઠેરવ્યો હતો.



#### હુમલામાં ૧૩૭ લોકો માર્યા ગયા હતા અને ૧૮૦ થી વધુ ઘાયલ થયા

**અમેરિકાએ રશિયાને ૭ માર્ચે સંભવિત આતંકવાદી હુમલા અંગે ચેતવણી આપી હતી. પેસ્કોવે કહ્યું કે આવી ગુપ્ત માહિતી સિક્રેટ હોય છે. રશિયન કોન્સર્ટ હોલ પર હુમલાના સંબંધમાં ધરપકડ કરાયેલા ચાર લોકોને રવિવારે મોસ્કોની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને આતંકવાદનો આરોપ મુકવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન આરોપીઓએ કોર્ટને ઈજાના નિશાન પણ બતાવ્યા હતા. રશિયાના વડાપ્રધાન મિખાઇલ મિશુસ્તિને જણાવ્યું હતું કે તપાસ હજુ ચાલુ છે પરંતુ તેમણે વચન આપ્યું હતું કે "ગુનેગારોને સજા કરવામાં આવશે, તેઓ દયાને પાત્ર નથી." હુમલામાં ૧૩૭ લોકો માર્યા ગયા હતા અને ૧૮૦ થી વધુ ઘાયલ થયા હતા.**

## ન્યૂઝ બ્રિફ



### જયરામ રમેશના મહિલા આયોગ પર ટિપ્પણી કરતા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ તેમની ટીકા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશના મહિલા આયોગ પર ટિપ્પણી કરતા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ તેમની ટીકા કરી હતી, મહિલા આયોગ પર ટિપ્પણી કરતા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ તેમની ટીકા કરી હતી. જયરામે આરોપ લગાવ્યો હતો કે ભાજપ સરકારના 'મહિલા શક્તિ' ના નારા વાસ્તવિક કાર્યવાહી નહીં પણ માત્ર શબ્દો બની ગયા છે. કોંગ્રેસે મહિલાઓને લગતા મુદ્દાઓ પર કેન્દ્ર સરકારની ટીકા કર્યા બાદ સ્મૃતિ ઈરાનીએ તેમની ટીકા કરી હતી. સ્મૃતિ ઈરાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોતાની પોસ્ટમાં જયરામ રમેશને ગાંધી પરિવારના 'દરબારી' ગણાવ્યા હતા.

### ગાઝામાં યુદ્ધવિરામ અંગે યુએન સુરક્ષા પરિષદમાં મતદાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ગાઝામાં યુદ્ધવિરામને લઈને સોમવારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં મતદાન થયું. દરખાસ્ત ૧૪-૦થી પસાર થઈ. ઈઝરાયેલના મિત્ર દેશ અમેરિકાએ મતદાનમાં ભાગ લીધો ન હતો. તેણે પોતાના વીટો પાવરનો ઉપયોગ ન કરવાનો નિર્ણય કર્યો. અમેરિકાએ અગાઉ યુદ્ધવિરામ સંબંધિત ત્રણ પ્રસ્તાવો પર મતદાન કર્યું હતું. તે ગાઝામાં યુદ્ધવિરામની તરફેણમાં રહ્યો છે. સોમવારે યુએનમાં વોટિંગ બાદ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ એક મોટું પગલું ભર્યું છે. તેણે ઈઝરાયેલના પ્રતિનિધિમંડળનો અમેરિકા પ્રવાસ રદ કર્યો છે.

### ઈન્ડિગોની પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબ એવિએશનના શેર રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

હોળીના કારણે સોમવારે દેશભરમાં રજા હતી, જેના કારણે ભારતીય બજારો સતત ત્રણ દિવસ પછી આજે બજાર ખુલ્યુ છે. સ્થાનિક ઈક્વિટી માર્કેટની શરૂઆત ઘટાડા સાથે થઈ હોવાનું જણાય છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને નુકસાન સાથે ખુલ્યા છે. જ્યાં એક તરફ શેરબજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે તો બીજી તરફ ઈન્ડિગોનો શેર નવો રેકોર્ડ બનાવી રહ્યો છે. અગ્રણી એવિએશન કંપની ઈન્ડિગોની પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબ એવિએશનના શેર ઘટી રહેલા બજારમાં પણ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા છે. મ્જીઈ પર ઈન્ડિગોનો શેર ૨ ટકાથી વધુના વધારા સાથે રૂ. ૩,૩૮૨.૫૦ પર ટ્રેડ થઈ રહ્યો છે. સવારે ૧૧.૧૦ વાગ્યા સુધીમાં ઈન્ડિગોના શેર રૂ. ૩૩૯૦.૪૦ની ઊંચાઈએ પહોંચી ગયા હતા.

## ક્રેડિટ કાર્ડના નિયમોમાં મોટો ફેરફાર

# RBIએ ગ્રાહકોને તેમની ઈચ્છા મુજબ ક્રેડિટ કાર્ડ વિકલ્પ પસંદ કરવાનો અધિકાર આપ્યો




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

આરબીઆઈએ બેંકો અને ફાઈનાન્સ કંપનીઓની મનમાની દૂર કરીને ક્રેડિટ કાર્ડ સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગ્રાહકોને તેમની ઈચ્છા મુજબ ક્રેડિટ કાર્ડ વિકલ્પ પસંદ કરવાનો અધિકાર આપીને તેમના અધિકારોમાં વધારો કર્યો છે.

હવે ગ્રાહકો પોતે પણ બિલિંગ સાયકલનો વિકલ્પ પસંદ કરી શકશે. રિઝર્વ બેંકે ગ્રાહકોને તેમની ઈચ્છા મુજબ કાર્ડનો વિકલ્પ પસંદ કરવાનો વિકલ્પ આપીને અધિકારો આપ્યા છે.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ક્રેડિટ કાર્ડ જારી કરનારાઓ માટે સૂચનાઓ જારી કરી છે. આ સૂચનાનો સીધો ફાયદો ગ્રાહકોને થશે. આરબીઆઈના નવા નિયમો અનુસાર, ગ્રાહકો પાસે બહુવિધ કાર્ડ નેટવર્ક પસંદ કરવાનો વિકલ્પ હશે. ક્રેડિટ કાર્ડ સંબંધિત આ નિયમ ટૂંક સમયમાં લાગુ કરવામાં આવશે. નવા નિયમ હેઠળ, કાર્ડ ધારકો તેમની ઈચ્છા મુજબ કોઈપણ નેટવર્ક જેમ કે વિઝા, માસ્ટરકાર્ડ વગેરે પસંદ કરી શકશે. કાર્ડ જારી કરતી વખતે, બેંકો અને ફાઈનાન્સ કંપનીઓ ગ્રાહકોને કાર્ડ નેટવર્ક વિકલ્પો માટે પૂછશે.

## પેટાપ્સકો નદી ઉપર બનેલા આ પુલનું નિર્માણ ૧૯૭૭માં થયું હતું

# કન્ટેઈનરથી લદાયેલું એક જહાજ ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ સાથે ટકરાયું

### બાલ્ટીમોર ફાયર ડિપાર્ટમેન્ટે પુલના તૂટવાથી મોટા પાયે જાનહાનિની આશંકા વ્યક્ત કરી છે નદીમાં બચાવ અભિયાન ચાલી રહ્યું છે

। (એજન્સી) બાલ્ટીમોર, તા.૨૬ ।

અમેરિકાના બાલ્ટીમોરમાં મંગળવારે સવારે કન્ટેઈનરથી લદાયેલું એક જહાજ ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ સાથે ટકરાયું. આ ટક્કર બાદ પુલનો એક મોટો ભાગ તૂટીને પાણીમાં સમાઈ ગયો. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં કહેવાયું છે કે દુર્ઘટના વખતે અનેક ગાડીઓ અને લોકો પુલ પર હાજર હતા. અનેક કારો અને લોકો પાણીમાં જોવા મળ્યા. સમાચાર એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ બાલ્ટીમોર ફાયર ડિપાર્ટમેન્ટે પુલના તૂટવાથી મોટા પાયે જાનહાનિની આશંકા વ્યક્ત કરી છે. નદીમાં બચાવ અભિયાન ચાલી રહ્યું છે. પેટાપ્સકો નદી ઉપર બનેલા આ પુલનું નિર્માણ ૧૯૭૭માં થયું હતું.



બાલ્ટીમોર ફાયર ડિપાર્ટમેન્ટના કમ્યુનિકેશન ડાયરેક્ટર કેવિન કાર્ટરાઈટે રોયટર્સને કહ્યું કે અમને મોડી રાતે લગભગ ૧.૩૦ વાગે ઈમરજન્સી સર્વિસ ૯૧૧ પર અનેક કોલ્સ આવ્યા કે એક જહાજ બાલ્ટીમોરમાં કી બ્રિજ સાથે ટકરાયું છે. જેનાથી પુલ તૂટી ગયો. હાલ આ દુર્ઘટનામાં મોટા પાયે જાનમાલના નુકસાનની સંભાવના છે અને અમે હાલ નદીમાં સાત લોકોની શોધ કરી રહ્યા છીએ. બાલ્ટીમોરના મેયર બ્રેન્ડન સ્કોટે પણ પુલ તૂટવાની ઘટનાને ગંભીરતાથી લેતા આશ્વાસન આપ્યું કે ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે કામ કરી રહી છે. ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ વોશિંગ્ટન મેટ્રોપોલિટન રીઝનમાં એક મહત્વપૂર્ણ ટ્રાન્સપોર્ટેશન લિંક છે. કારણ કે તે વોશિંગ્ટન, ડીસીના જોર્જટાઉનને આર્લિંગટન, વર્જીનિયાના રોસલિન સાથે જોડે છે.

આ બ્રિજ ફ્રાન્સિસ સ્કોટને સમર્પિત છે જેમણે અમેરિકાનું રાષ્ટ્રગીત લખ્યું છે. કાર્ગો શિપની લંબાઈ ૯૪૮ ફૂટ હોવાનું કહેવાય છે. ટક્કર બાદ જહાજ પણ ડૂબી ગયું. દુર્ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ છે. જેમાં જહાજ પુલ સાથે ટકરાતું જોવા મળે છે. ટક્કર બાદ જહાજમાં આગ લાગી જાય છે અને ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજનો એક ભાગ નદીમાં પડતો દેખાય છે. આ બ્રિજની લંબાઈ ૩ કિમી હોવાનું કહેવાય છે. દાલી નામના જહાજ પર સિંગાપુરનો ધ્વજ લાગેલો હતો.

## પોલીસે ટ્રાફિક એડવાઈઝરી કરી જાહેર

# કેજરીવાલની ધરપકડના વિરોધમાં આપ પાર્ટી PM મોદીના નિવાસ્થાનનો ઘેરાવો કરશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ગીરફતારી સામે તમારી વિરોધ દૃષ્ટિ માટે સાંજના આવાસનો ઘેરાવ કરશે. આપ નેતાઓના વિરોધને લઈને દિલ્હી ટ્રાફિક પર અસર થશે. દિલ્હીમાં ખાસ કાયદો અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને મંગળવારે એટલે કે ર૬મી માર્ચે દિલ્હીના ટ્રાફિકને લઈને એડવાઈઝરી જારી કરવામાં આવી છે. દિલ્હી ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક એડવાઈજરી જારી કરવામાં આવી છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે મંગળવારને તુગલક રોડ, સફદરજંગ રોડ અને મહત્તમ અતાતુર્ક માર્ગ પર કોઈપણ વાહનને કોઈપણ સ્થાન પર ઉભા રાખવાની મંજૂરી નથી. પોલીસના જણાવ્યા અનુસાર આપ નેતાઓના આ વિરોધ પ્રદર્શનને મંજૂરી આપવામાં આવી નથી. છતાં આપ પક્ષના નેતાઓ દ્વારા કરાતા વિરોધ પ્રદર્શનને પગલે કલ્યાણ માર્ગ મેટ્રો સ્ટેશન પર એન્ટ્રી અને એકઝીટ બંધ કરવામાં આવ્યા છે. તેમજ પટેલ ચોક મેટ્રો સ્ટેશનના ગેટ નંબર ૩ અને કેન્દ્રીય સચિવાલયના ગેટ નંબર ૫ પણ બંધ કરવામાં આવ્યો છે.

# ભારતે હિન્દ મહાસાગર પર ૩૫ યુદ્ધ જહાજ અને ૧૧ સબમરીન તૈનાત કર્યા

। (એજન્સી) નવીદિલ્લી,તા.૨૬ ।

હિંદ મહાસાગરમાં ચીનની વધતી ગતિવિધિ અને ચાંચિયાઓના આતંકને જોતા ભારતે મોટું પગલું ભર્યું છે. વાત જાણે એમ છે કે, ભારતે હિંદ મહાસાગર અને તેની આસપાસના વિસ્તારોમાં રેકોર્ડ ૧૧ સબમરીન તૈનાત કરી છે જે પાણીમાં મોટું ઓપરેશન હાથ ધરી છે. આ સાથે ભારતીય નૌકાદળે ૩૫ યુદ્ધ જહાજો પણ તૈનાત કર્યા છે જે સતત દેખરેખ અને પેટ્રોલિંગ કામગીરી કરી રહ્યા છે. દરિયાઈ વિસ્તારમાં ૫ એરક્રાફ્ટ પણ તૈનાત કરવામાં આવ્યા છે જેથી જરૂર પડ્યે તરત જ હવાઈ મદદ મળી શકે. તાજેતરના વર્ષોમાં ચીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં તેની હાજરી મજબૂત કરી છે. વિવિધ પ્રવૃત્તિઓના બહાના હેઠળ ચીન આ વિસ્તારમાં સતત નૌકાદળના જહાજો, સેટેલાઈટ ટ્રેકર્સ અને સબમરીન મોકલી રહ્યું છે. હવે ભારતે પણ પોતાની સ્થિતિ મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું ભર્યું છે. હિંદ મહાસાગરમાં ચીનની વધતી ગતિવિધિ અને ચાંચિયાઓના આતંકને જોતા ભારતે મોટું પગલું ભર્યું છે. વાત જાણે એમ છે કે, ભારતે હિંદ મહાસાગર અને તેની આસપાસના વિસ્તારોમાં રેકોર્ડ ૧૧ સબમરીન તૈનાત કરી છે જે પાણીમાં મોટું ઓપરેશન હાથ ધરી છે. આ સાથે ભારતીય નૌકાદળે ૩૫ યુદ્ધ જહાજો પણ તૈનાત કર્યા છે જે સતત દેખરેખ અને પેટ્રોલિંગ કામગીરી કરી રહ્યા છે. દરિયાઈ વિસ્તારમાં ૫ એરક્રાફ્ટ પણ તૈનાત કરવામાં આવ્યા છે જેથી જરૂર પડ્યે તરત જ હવાઈ મદદ મળી શકે. તાજેતરના વર્ષોમાં ચીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં તેની હાજરી મજબૂત કરી છે.

# બીજેપીએ પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી

। (એજન્સી) પંજાબ તા.૨૬ ।

લોકસભા ચૂંટણી પહેલા પંજાબથી સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ભારતીય જનતા પાર્ટીએ આગામી લોકસભા ચૂંટણીમાં પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. શિરોમણી અકાલી દળ સાથે ગઠબંધનની કોઈ વાત થઈ નથી. પંજાબ મ્ત્નઁ અધ્યક્ષ સુનીલ જાખરે વીડિયો સંદેશ દ્વારા આ અંગેની માહિતી આપી હતી. જાખરે કહ્યું કે, રાજ્યમાં લોકો અને પાર્ટી કાર્યકર્તાઓના અભિપ્રાયના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પંજાબની ૧૩ લોકસભા સીટો માટે ૧ જૂને મતદાન થશે. સૂત્રોનું માનીએ તો ભાજપ અને અકાલી દળ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને મતભેદો હતા જેના કારણે બંને પક્ષો વચ્ચે ગઠબંધન પર વાતચીત થઈ શકી ન હતી. અકાલી દળે ૯ બેઠકો પર ચૂંટણી લડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને બાકીની ચાર બેઠકો ભાજપને આપવાની ઓફર કરી હતી. જોકે ભાજપે PM મોદીની વ્યાપક લોકપ્રિયતાને પ્રતિબિંબિત કરતા મોટો હિસ્સો માંગ્યો હતો. SAD એ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ના ભાગ રૂપે ભાજપ સાથે પંજાબમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણી લડી હતી. પરંતુ બંને પક્ષો વધુ નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત કરી શક્યા ન હતા. કોંગ્રેસે ૧૩માંથી ૮ બેઠકો જીતી હતી. ગુરુદાસપુર અને હોશિયાર પુર સીટ ભાજપને ગઈ. અકાલી દળે ફિરોઝપુર અને ભટિંડા બેઠકો જીતી હતી. સંગરુર બેઠક પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી હતી. કેન્દ્ર દ્વારા લાવવામાં આવેલા ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં શિરોમણી અકાલી દળે સપ્ટેમ્બર ૨૦૨૦ માં ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા.

# અમદાવાદ મંડળના લોકો શેડ, વટવાને ભારતીય રેલવે સ્તર પર આયોજિત લોકો કેબ અપગ્રેડેશન પ્રતિસ્પર્ધામાં મળ્યુ પ્રથમ સ્થાન

। અમદાવાદ, તા.૨૬ ।

પશ્ચિમ રેલવે હેઠળ આવતા અમદાવાદ રેલવે મંડળના લોકો શેડ, વટવાએ સૌથી પહેલાં માર્ચ-૨૦૨૩ માં ૩-ફેઝ ઈલેક્ટ્રિક એન્જિનના મેઈન્ટેનન્સની શરૂઆત કરી હતી, આના પછી લોકો શેડએ જે ઝડપ પકડી છે, તે અત્યાર સુધી નિરંતર છે. વટવા શેડની આ જ સખત મહેનતનું પરિણામ છે કે તાજેતરમાં તારીખ ૨૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ પી.એલ.ડબ્લ્યુ. પટિયાલામાં સંપૂર્ણ ભારતીય રેલવે સ્તર ઉપર આયોજિત લોકો કેબ અપગ્રેડેશન પ્રતિસ્પર્ધામાં રેલવે બોર્ડ દ્વારા લોકો શેડ વટવાને ઈલેક્ટ્રિક લોકો શેડ, લાલગુડાની સાથે સંયુક્ત રૂપે વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.







આ પ્રસંગે સિનિયર મંડળ યાંત્રિક એન્જિનિયર ડીઝલ, વટવા શ્રી એસ.પી. ગુપ્તાએ જણાવ્યું કે લોકો શેડ, વટવા દ્વારા લોકો કેબ અપગ્રેડેશન પ્રતિસ્પર્ધા હેઠળ લોકો કેબને ક્રૂ-ફ્રેન્ડ્લી બનાવવાના હેતુથી લોકો નંબર ૩૩૬૮૮ WAG9HC ને અપગ્રેડ કરવામાં આવ્યું છે. આ ક્રમમાં વટવા શેડ દ્વારા કેટલાક મહત્વપૂર્ણ કામ જેવા લોકો કેબના સાઉન્ડ લેવલમાં ઉણપ, લોકો કેબનું આકર્ષક ઈન્ટિરીયર, લોકોમાં લુકાઉટ ગ્લાસની ડી-ફોગિંગ પ્રણાલીને અપગ્રેડ, લાઈન પર લોકો ટ્રબલ શુટિંગ માટે ટેબની જોગવાઈ, ક્રુ માટે પાણીરહિત શૌચાલય, લગેજ સ્ટોરેજ, ફ્રીજ વગેરેની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે શ્રી સુધીર કુમાર શર્મા, મંડળ રેલવે મેનેજર, અમદાવાદ તથા શ્રી વિવેક દીક્ષિત, મુખ્ય ઈલેક્ટ્રિક લોકો એન્જિનિયર, પશ્ચિમ રેલવેના સતત માર્ગદર્શનથી વટવા શેડએ અત્યંત ઓછા સમયમાં ઈલેક્ટ્રિક લોકોમોટિવના મેઈનટેનન્સના મામલામાં સંપૂર્ણ ભારતીય રેલવેમાં પોતાનું અલગ સ્થાન બનાવ્યું છે, આ કિર્તિમાનને સ્થાપિત કરવા માટે વટવા શેડના સમસ્ત કર્મચારી અને અધિકારી પ્રશંસાને પાત્ર છે. હાલમાં વટવા શેડમાં ૧૩૮ ઈલેક્ટ્રિક લોકોમોટિવના મેઈન્ટેનન્સનું કામ કરવામાં આવી રહ્યું છે, વટવા શેડના કર્મચારીઓએ પોતાની પૂરી મહેનત, લગન અને ક્ષમતાની સાથે કામ કર્યું, જેના પરિણામસ્વરૂપે જ વટવા શેડને ભારતીય રેલવેમાં પોતાના નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

શ્રી ગુપ્તાએ જણાવ્યું કે વટવા શેડ હાલમાં જ વર્ષ ૨૦૨૩ માં પૂર્ણ સ્વરૂપે ડિઝલ લોકોથી ઈલેક્ટ્રિક લોકો શેડમાં રૂપાંતરણ થયું છે અને જે રીતે લોકો શેડ, વટવાના અધિકારી અને કર્મચારી અલ્પ સમયમાં જ વિશ્વસનિયતા પ્રાપ્ત કરીને ઈલેક્ટ્રિક લોકોમોટીવનું મેઈન્ટેનન્સ કરી રહ્યા છે, તેનાથી આશા બંધાઈ છે કે વહેલી તકે વટવા શેડ ઈલેક્ટ્રિક લોકોના મેઈન્ટેનન્સ કામમાં એક નવી ઊંચાઈને સ્પર્શી લેશે.

**ન્યૂઝ બ્રિફ**

## ગુરૂવાર સુધી ગુજરાતમાં તાપમાનનો પારો ૪૩ને પાર જશે?

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

રાજ્યમાં હાલ વહેલી સવારે અને રાતે ઠંડક અને બપોર થતા કાળઝાળ ગરમી અનુભવાય છે. તો બીજી બાજુ પોરબંદર, કચ્છ અને ગીર સોમનાથમાં તો હીટવેવની સ્થિતિ પણ ઉદ્ભવી હતી. ત્યારે આજથી ગુજરાતમાં કોઈપણ જગ્યાએ હીટવેવની ચેતવણી કરવામાં આવી નથી. તો બીજી બાજુ રાજ્યમાં બેવડી ઋતુમાં રોગચાળાની સ્થિતિ તેમજ ઉનાળાને લઈ હિટ સ્ટોક કે લુ લાગતા દર્દીઓ આવે તો તેના માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તો આજે આપણે જોઈએ કે, ગુજરાતના હવામાનમાં આગામી પાંચ દિવસ કેવા કેવા બદલાવ થઈ શકે છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રની વેબસાઈટ પર આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતમાં પશ્ચિમથી ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, આજથી સાત દિવસ સુધી દીવ, દાદરાનગર હવેલી સહિત આખા ગુજરાતમાં વાતાવરણ શુષ્ક રહેશે. વરસાદની કોઈ શક્યતા નથી. પાંચ દિવસ સુધી લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. અમદાવાદના વાતાવરણ અંગે જણાવતા માહિતી આપી છે કે, અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આકાશ સ્વચ્છ રહેશે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ ૨૬, ૨૭ અને ૨૮ માર્ચ દરમિયાનનો ગાળો ભયંકર રહેશે તેમ જણાવ્યુ છે. આ ચાર દિવસના સમયમાં ગુજરાતના ઘણાં ભાગોમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને પાર જવાની સંભાવનાઓ પરેશ ગોસ્વામી વ્યક્ત કરી રહ્યા છે. કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી જવાની પણ શક્યતાઓ હોવાનું તેઓ જણાવે છે. આ સાથે તેમણે આ ગાળા દરમિયાન બપોરના સમયે બિનજરુરી બહાર ન નીકળવાની સલાહ પણ આપી રહ્યા છે. આ સિવાય જેઓ ખુલ્લા વાહનો કે ટુ-વ્હીલર પર ફરતા હોય તેમણે કાળજી રાખવી જોઈએ.



કાંકરિયા જલધારા વોટરપાર્કમા હોળી ધુળેટીનો ઉત્સવ મનાવ્યો હતો.

## હાલ ઘઉંન સીઝન ચાલી રહી છે

## સપ્તાહમાં ઘઉંના ભાવમાં રહી તેજી, ખેડૂતો થયા ખુશ





। (એજન્સી) ભાવનગર, તા.૨૬ ।

ભાવનગર જિલ્લામાં મોટાભાગના ખેડૂતોએ રવિ પાકમાં ઘઉંનું વાવેતર કર્યું છે અને ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં ઘઉંના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં ઘઉંનો ભાવ ૪૭૭ રૂપિયાથી ૬૧૭ રૂપિયા સુધી બોલાયો છે. માર્કેટિંગ યાર્ડના વેપારીએ જણાવ્યું કે, હાલ સમગ્ર ગુજરાતમાં ઘઉંની સીઝન ચાલી રહી છે અને મોટાભાગના લોકો હાલના સમયે એપ્રિલ મહિનામાં ઘઉંનો સંગ્રહ કરવા માટે ખરીદી કરતા હોય છે અને સાથે જ ખેડૂતોના ઘઉં પરિપક્વ થતા માર્કેટિંગ યાર્ડ ખાતે લાવી રહ્યા છે અને હાલ ઘઉંની માંગ વધારે હોવાને કારણે ઘઉંના ભાવમાં સતત વધારો થયો છે. ભાવનગર માર્કેટિંગ યાર્ડના ઘઉંના ભાવ એક મણનાં ૪૭૭ રૂપિયાથી ૬૧૭ રૂપિયા સુધી બોલાયા હતાં. સાથે જ પાલીતાણા માર્કેટિંગ યાર્ડમાં ૩૯૨ થી ૫૮૬ રૂપિયા સુધી ભાવ બોલાવ્યો હતો. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ૪૫૫ રૂપિયાથી ૬૬૨ રૂપિયા સુધી ભાવ બોલાવ્યો હતો અને બરવાળા માર્કેટિંગ યાર્ડમાં ૪૬૧ રૂપિયાથી ૪૯૬ રૂપિયા સુધી ઘઉંનો ભાવ બોલાવ્યો હતો. સૌરાષ્ટ્ર અને ભાવનગર જિલ્લામાં મોટાભાગના વેપારીઓ ઘઉંનું એક્સપોર્ટ પણ કરે છે અને સાથે જ ઘઉંમાંથી લોટ તૈયાર કરી અને વેચાણ પણ કરે છે. હાલ ઘઉં પરિપક્વ થવા થવાને કારણે મોટાભાગના ડિલરો અને વેપારીઓ ઘઉંની ખરીદી અને નિકાસ કરતા હોય છે.

## આચારસંહિતાના ઉલ્લંઘનની ફરિયાદોના નિવારણનું અસરકારક માધ્યમ બની C-vigil મોબાઈલ એપ્લિકેશન અને પોર્ટલ

### મોબાઈલ એપ્લિકેશન અને વેબપોર્ટલના માધ્યમથી તા.૧૬થી ૨૫ માર્ચ દરમિયાન અમદાવાદમાં કુલ બાવન ફરિયાદ નોંધાઇ



। અમદાવાદ, તા.૨૬ ।

દેશભરમાં આયોજિત થનાર લોકસભા સાન્ય ચૂંટણી અન્વયે નિષ્પક્ષમતદાનથાયતથાતમામનાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે રાજ્ય ચૂંટણીપંચના દિશાનિર્દેશ અનુસાર જિલ્લા ચૂંટણી તંત્ર સુસજ્જ છે. મતદારો અને જાગૃત નાગરિકોને વિવિધ એપ્લિકેશન અને વેબ પોર્ટલના માધ્યમથી અલગ અલગ પ્રકારની સુવિધા આપવામાં આવી રહી છે.

C-Vigil મોબાઈલ એપ્લિકેશન અને પોર્ટલ પણ આવી જ એક સુવિધા છે. આ બંને માધ્યમો દ્વારા કોઈપણ જાગૃત નાગરિક તેમના ધ્યાને આવતા આચારસંહિતા ઉલ્લંઘનના કિસ્સાને ચૂંટણી વહીવટી તંત્ર સુધી મોકલી શકે છે. C-vigil મોબાઈલ એપ્લિકેશન અને પોર્ટલના માધ્યમથી નાગરિકો આચારસંહિતા ઉલ્લંઘનના ફોટોગ્રાફ અને લોકેશન સહિતની જાણકારી ઓનલાઈન મોકલી શકે છે. જે મળ્યા બાદથી ૧૦૦ મિનિટમાં આ ફરિયાદનું નિવારણ લાવવા માટે તંત્ર કાર્યરત થઈ જાય છે.

આચારસંહિતા લાગુ થયા બાદથી એટલે કે તા.૧૬થી ૨૫ માર્ચ દરમિયાન મોબાઈલ એપ્લિકેશન અને વેબપોર્ટલ ના માધ્યમથી અમદાવાદમાં આવી કુલ બાવન ફરિયાદ નોંધાઈ છે. જેમાંથી કુલ ૪૭ નિકાલપાત્ર ફરિયાદોમાંથી મોટાભાગની ફરિયાદોનો નિકાલ ૧૦૦ મિનિટની સમયાવધિમાં કરાયો છે.

આમ, ટેકનોલોજીના યથાર્થ ઉપયોગ થકી નિષ્પક્ષ અને તટસ્થ લોકસભા ચૂંટણી માટે C-vigil મોબાઈલ એપ્લિકેશન અને પોર્ટલ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે.

### વર્લ્ડ થીએટર ડે ૨૦૨૪

## ઝી ટીવીના કલાકારો વર્લ્ડ થીએટર ડે પર તેમના થીએટરના મૂળ વિશે ચર્ચા કરે છે

। અમદાવાદ, તા.૨૬ ।

વર્લ્ડ થીએટર ડે, દર વર્ષે ૨૭મી માર્ચના રોજ ઉજવવામાં આવે છે, ઈન્ટરનેશનલ થીએટર ઈન્સ્ટિટ્યુટ દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક વૈશ્વિક ઉજવણી છે. આ દિવસ સમગ્ર વિશ્વના કલાકારો માટે નોંધપાત્ર સ્થાન ધરાવે છે, કેમકે તે તેમના જીવન અને કારકીર્દીમાં થીએટરની પરિવર્તનશીલ શક્તિને દર્શાવે છે. થીએટરથી લઈને ટેલિવિઝનનો પ્રવાસ ઘણા કલાકારોના મૂલ્યાંકનનું પ્રતિનિધિત્વ કરે છે, જે લાઈવ પર્ફોર્મન્સથી સ્ક્રીન દ્વારા વ્યાપક પ્રેક્ષકોની પહોંચ સુધીના પરિવર્તનને દર્શાવે છે. ઝી ટીવીના કલાકારો જેવા કે, કૈસે મુઝે તુમ મિલ ગયેંની હેમાંગી કવિ, પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિની નિક્કી શર્મા, ભાગ્ય લક્ષ્મીની ઐશ્વર્યા ખરે અને રબ સે હૈં દુઆની સીરત કપૂર તેમના માર્ગો પર પ્રતિબિંબિત કરે છે, જે તેમના મૂળને થીએટરની વાસ્તવિક્તામાં પાછા ખેંચશે.

હેમાંગી કવિ, ઝી ટીવીના કૈસે મુઝે તુમ મિલ ગયેંમાં જે ભવાનીનું પાત્ર કરી રહી છે તે કહે છે, “મારી કોલેજ દરમિયાન, હું થીએટરમાં ઊંડે સુધી પહોંચી હતી, જેને અભિનયમાં મારી કારકીર્દી બનાવવાના નિર્ણયમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તાજેતરમાં જ મેં જન્માવારી નાટકમાં મંજરીનું પાત્ર કર્યું હતું અને ઘણો સકારાત્મક પ્રતિસાદ મેળવ્યો હતો, તથા મારી



હસ્તકળાના મારા જુસ્સાને મજબૂત બનાવ્યું હતું. થીએટર પ્રત્યેનો મારે પ્રેમ એટલો ગાઢ હતો કે, તેના માટે મારે ક્યારેય સમય કાઢવો નથી પડ્યો, તે કુદરતી રીતે જ મારા જીવનનો હિસ્સો બની ગયો. થીએટરની અસર એટલી ઊંડી છે, જે સમાજ અને માનવતાને જોવા માટે અલગ જ દ્રષ્ટિકોણ આપે છે. મારા કોલેજના દિવસો મારા દિલમાં ખાસ સ્થાન ધરાવે છે, કેમકે તેને અભિનેતા બનવાના ગંભીર વિચારને વેગ આપ્યો હતો. ટેલિવિઝન એ મારું પ્રાથમિક પ્લેટફોર્મ હોવા છતા પણ થીએટર કલાકારો માટે અનંત શક્યતાઓ પ્રદાન કરે છે, જેમાં સંગીત, નૃત્ય, ડિઝાઈન અને વિઝ્યુઅલ આર્ટ જેવા વિવિધ કલાના સ્વરૂપોનો સમાવેશ થાય છે. અભિનય એ છે, જે ખરેખર મારા દિલમાં વસે છે અને મારું થીએટર બેકગ્રાઉન્ડ અમૂલ્ય છે, તેને મને અવરોધોમાંથી મુક્ત થવામાં અને વિવિધ પાત્રોને સહેલાઈથઈ સ્વિકારવામાં મદદ કરે છે.’’

# અમદાવાદ સ્ટેશનથી ઉપડતી કેટલીક ટ્રેનોના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર

। અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ સ્ટેશનની કાયાપલટ કરવામાં આવી રહી છે અને આને વિશ્વકક્ષાના સ્ટેશન તરીકે પુનઃવિકસિત કરવામાં આવશે. જેના કારણે અમદાવાદ રેલવે સ્ટેશનથી આરંભ થતી/ ઉપડતી કેટલીક ટ્રેનોના ટર્મિનલને ગાંધીનગર કેપિટલ અથવા સાબરમતીમાં સ્થાનાંતરિત કરવામાં આવી રહ્યું છે. ટર્મિનલોમાં આ ફેરફાર સંચાલનમાં સ્થિતિ સ્થાપકતા અપાવશે, અમદાવાદ સ્ટેશન ઉપર યાત્રીઓની ભીડ ઓછી કરશે, યાત્રી સેવાઓને વધારવા અને અપગ્રેડ કરવામાં મદદ કરશે અને અમદાવાદ શહેર વિસ્તારમાં મુળભૂત માળખાગત પ રિયોજનાઓનો ઝડપી અમલ સક્ષમ બનાવશે.

૭ જોડી ટ્રેનોના ટર્મિનલને સાબરમતી સ્થાનાંતરિત કરવામાં આવ્યું છે જ્યારે ત્રણ જોડી ટ્રેનોના ટર્મિનલને ગાંધીનગર કેપિટલ સ્થાનાંતરિત કરવામાં આવ્યું છે. તે મુજબ આ ટ્રેનોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવશે. પ્રભાવિત ટ્રેનો અને બદલાયેલા સમયની વિગતો આ પ્રકારે છે :

**અમદાવાદથી સાબરમતી સ્થાનાંતરિત કરવામાં આવેલી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૧૨૯૫૭ અમદાવાદ-નવી દિલ્લી સુવર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસનું ટર્મિનલ ૦૭ એપ્રિલ, ૨૦૨૪ થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૧૯.૦૫ કલાકે ઉપડશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૧૨૯૫૮ નવી દિલ્લી-અમદાવાદ સુવર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ ૦૬ એપ્રિલ, ૨૦૨૪ થી સાબરમતીમાં ટર્મિનેટ થશે તથા આ સાબરમતી સ્ટેશને ૦૮.૦૫ કલાકે પહોંચશે.

૨. ટ્રેન નંબર ૧૯૪૦૭ અમદાવાદ-વારાણસી અઠવાડિક એક્સપ્રેસનું ટર્મિનલ ૨૮ માર્ચ, ૨૦૨૪ થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૨૨.૦૦ કલાકે ઉપડશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૧૯૪૦૮ વારાણસી-અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ ૩૦ માર્ચ, ૨૦૨૪ થી સાબરમતીમાં ટર્મિનેટ થશે અને આ ટ્રેન ૨૧.૩૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.

૩. ટ્રેન નંબર ૧૯૪૦૯ અમદાવાદ-ગોરખપુર દ્વિ-અઠવાડિક એક્સપ્રેસનું ટર્મિનલ ૨૮ માર્ચ, ૨૦૨૪ થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૧૦.૦૫ કલાકે ઉપડશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૧૯૪૧૦ ગોરખપુર-અમદાવાદ દ્વિ-અઠવાડિક એક્સપ્રેસ ૩૦ માર્ચ, ૨૦૨૪ થી સાબરમતીમાં ટર્મિનેટ થશે અને આ ટ્રેન ૧૦.૦૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.

૪. ટ્રેન નંબર ૨૦૯૩૯ અમદાવાદ-સુલ્તાન પુર અઠવાડિક સુપરફાસ્ટ એક્સપ્રેસનું ટર્મિનલ ૨૬ માર્ચ, ૨૦૨૪ થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવ્યું છે અને આ ટ્રેન ૦૮.૨૦ કલાકે સાબરમતી સ્ટેશનથી કલાકે ઉપડશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૨૦૯૪૦ સુલ્તાનપુર-અમદાવાદ અઠવાડિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૭ માર્ચ, ૨૦૨૪ થી સાબરમતીમાં ટર્મિનેટ થશે અને આ ટ્રેન ૨૧.૩૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.

૫. ટ્રેન નંબર ૧૯૪૧૫ અમદાવાદ-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા અઠવાડિક એક્સપ્રેસનું ટર્મિનલ ૩૧ માર્ચ, ૨૦૨૪ થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૨૦.૪૫ કલાકે ઉપડશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૧૯૪૧૬ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ ૦૨ એપ્રિલ, ૨૦૨૪ થી સાબરમતીમાં ટર્મિનેટ થશે અને ૨૧.૩૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.

૬. ટ્રેન નંબર ૧૯૪૦૧ અમદાવાદ-લખનૌ અઠવાડિક એક્સપ્રેસનું ટર્મિનલ ૦૧ એપ્રિલ, ૨૦૨૪ થી સાબરમતી સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૧૦.૦૫ કલાકે ઉપડશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૧૯૪૦૨ લખનૌ-અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ ૦૨ એપ્રિલ, ૨૦૨૪ થી સાબરમતીમાં ટર્મિનેટ થશે તથા ૨૩.૨૦ કલાકે સાબરમતી સ્ટેશને પહોંચશે.

**અમદાવાદથી ગાંધીનગર કેપિટલમાં સ્થાનાંતરિત કરાયેલી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૨૨૯૫૭ અમદાવાદ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસનું ટર્મિનલ ૦૨ એપ્રિલ, ૨૦૨૪ થી ગાંધીનગર કેપટિલ સ્થળાંતરિત કરવામાં આવ્યું છે અને આ ટ્રેન ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી ૨૧.૫૫ કલાકે ઉપડશે. આ ટ્રેનને ચાંદલોડિયા સ્ટેશન (B) પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે અને આ ટ્રેનના આગમન/પ્રસ્થાનનો સમય ૨૨.૧૮/૨૨.૨૦ કલાક હશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ-અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૦૧ એપ્રિલ, ૨૦૨૪ થી ગાંધીનગર કેપિટલ ઉપર ટર્મિનેટ થશે અને ૦૫.૫૫ કલાકે ગાંધીનગર કેપટિલ સ્ટેશને પહોંચશે. આ ટ્રેનને ચાંદલોડિયા સ્ટેશન (બ) પર વધારાનું સ્ટોપેજ રહેશે અને આ ટ્રેનના આગમન/પ્રસ્થાનનો સમય ૦૫.૧૦/૦૫.૧૨ કલાક હશે.

૨. ટ્રેન નંબર ૧૯૨૨૩ અમદાવાદ – જમ્મૂ તવી એક્સપ્રેસનું ટર્મિનલ ૦૨ એપ્રિલ, ૨૦૨૪ થી ગાંધીનગર કેપટિલ સ્થળાંતરિત કરવામાં આવ્યું છે અને આ ટ્રેન ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી ૧૧.૨૦ કલાકે ઉપડશે. આ ટ્રેન સાબરમતી સ્ટેશન ઉપર જશે નહીં.

એ જ રીતે, ટ્રેન નંબર ૧૯૨૨૪ જમ્મુ તવી-અમદાવાદ એક્સપ્રેસ ૦૧ એપ્રિલ, ૨૦૨૪ થી ગાંધીનગર કેપિટલ ઉપર ટર્મિનેટ થશે અને ૧૩.૩૦ કલાકે ગાંધીનગર કેપિટલ સ્ટેશને પહોંચશે. આ ટ્રેન સાબરમતી સ્ટેશન ઉપર જશે નહીં.

**સુનીતા કેજરીવાલ કરી શકે છે ચૂંટણી પ્રચાર**

# પતિ જેલમાં બંધ, કલ્પના-શ્રીકલાની ચૂંટણી લડવાની ચર્ચા

## આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે ત્રણેય તેમના પતિના રાજકીય મેદાનને બચાવવા માટે ફ્રન્ટ ફૂટથી રમી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દેશના મોટા નેતાઓ જેલમાં ગયા પછી તેમની પત્નીઓ રાજકીય લડાઈમાં ઉતરે એ નવી વાત નથી. આ વખતે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ઘણા રાજકારણીઓની પત્નીઓ છે જેઓ પોતાના પતિના રાજકીય વારસાને બચાવવા ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. ત્રણેયના પતિઓની અલગ-અલગ કેસમાં ધરપકડ કરવામાં આવી છે અને લોકસભાની ચૂંટણી સુધી તેમના બહાર આવવાની શક્યતાઓ ઓછી છે. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે ત્રણેય તેમના પતિના રાજકીય મેદાનને બચાવવા માટે ફ્રન્ટ ફૂટથી રમી શકે છે.

ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેન જમીન કૌભાંડના આરોપમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કસ્ટડીમાં છે. તેમને ન્યાયિક કસ્ટડી હેઠળ રાંચીની જેલમાં રાખવામાં આવ્યા છે. હેમંત સોરેન જેલમાં ગયા પછી તેમની પત્ની કલ્પના સોરેન રાજકારણમાં એક્ટિવ થઈ ગયા છે. તાજેતરમાં જ મુંબઈમાં ઈન્ડિયા એલાયન્સની રેલી યોજાઈ હતી જેને JMM તરફથી કલ્પના સોરેને સંબોધિત કરી હતી. કલ્પના પણ ખૂબ જ એક્ટિવ છે અને સંથાલ પરગણામાં લોકોનો ટેકો મેળવવા માટે પ્રચાર કરી રહ્યા છે. જેએમએમના સૂત્રોના જણાવ્યા અનુસાર, કલ્પના સોરેનને ચૂંટણી લડાવવા માટે પાર્ટીની અંદર પણ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

કલ્પના Gandey બેઠક પરથી પેટાચૂંટણી લડી શકે છે. આ સીટ હેમંત સોરેને જેલમાં જતા પહેલા ખાલી કરી હતી. કલ્પનાને આગળ લાવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સંથાલ પરગણામાં JMM મતદારોને ભાવનાત્મક રીતે અપીલ કરવાનો છે. કલ્પના અને હેમંત સોરેનના લગ્ન વર્ષ ૨૦૦૬માં થયા હતા. તેઓ મૂળ ઓડિશાના મયુરભંજન જિલ્લાની છે. રાજકારણમાં આવતા પહેલા કલ્પના એક પ્લે સ્કૂલ ચલાવતી હતી. ઉત્તર પ્રદેશના



જૌનપુરના પૂર્વ સાંસદ ધનંજય સિંહ હાલમાં જેલમાં છે. ચૂંટણીની જાહેરાતના થોડા દિવસો પહેલા જ તે અપહરણના કેસમાં દોષિત સાબિત થયા હતા. તેને ૭ વર્ષની સજા ફટકારવામાં આવી છે. આ વખતે પણ ધનંજય જૌનપુરથી લોકસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા હતા. જો કે, જેલમાં જવાને કારણે અને સજા થવાના કારણે તેની ઈચ્છા પુરી થઈ શકી નથી. હવે તેમની પત્ની શ્રીકલા રેડ્ડી જૌનપુરથી ચૂંટણી લડશે તેવી ચર્ચા છે. શ્રીકલા જૌનપુર જિલ્લા પંચાયતના પ્રમુખ પણ છે. ધનંજય અને શ્રીકલાના લગ્ન વર્ષ ૨૦૧૭માં થયા હતા. શ્રીકલા વિશે જૌનપુરથી લખનઉ સુધી બે પ્રકારની ચર્ચાઓ થાય છે. ધનંજય સિંહની સહાનુભૂતિનો મત મેળવવા માટે સમાજવાદી પાર્ટી શ્રીકલા રેડ્ડીને ટિકિટ આપી શકે છે. જો તેમને SP અને BSP તરફથી ટિકિટ નહીં મળે તો શ્રીકલા રેડ્ડી અપક્ષ તરીકે લોકસભાની ચૂંટણી લડી શકે છે.

જૌનપુર એ ઠાકુર બહુમતી ધરાવતી બેઠક છે, જ્યાં ૨૦૦૯માં ધનંજય સિંહ જીત્યા હતા. ૨૦૧૪ની ચૂંટણીમાં ધનંજયને જૌનપુર સીટ પરથી ૬૫ હજાર વોટ મળ્યા હતા. ૨૦૨૨માં ધનંજય જૌનપુરની મલ્હની સીટ પરથી ઉમેદવાર હતા, જ્યાં તેમને લગભગ ૮૦ હજાર વોટ મળ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ દિલ્હીના દારૂ કૌભાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી છે. ધરપકડ બાદ કોર્ટે અરવિંદ કેજરીવાલને ૬ દિવસની કસ્ટડીમાં મોકલી દીધા હતા. ચૂંટણીઓ વચ્ચે કેજરીવાલની ધરપકડથી આમ આદમી પાર્ટી આઘાતમાં છે. જો કેજરીવાલ લાંબા સમય સુધી EDની કસ્ટડીમાં રહેશે તો તેમની પત્ની પાર્ટી માટે પ્રચાર કરી શકે છે. ગત વખતે પણ સુનીતાએ કેજરીવાલની નવી દિલ્હી સીટ પર પ્રચાર કર્યો હતો. એટલું જ નહીં, જ્યારે ઈડીએ અરવિંદની ધરપકડ કરી ત્યારે સુનીતાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા કેન્દ્ર પર નિશાન સાધ્યું હતું. આ સિવાય સુનીતાએ દેશવાસીઓને જેલમાં બંધ અરવિંદ કેજરીવાલનો સંદેશ પણ વાંચ્યો હતો. સુનીતા અને અરવિંદના લગ્ન વર્ષ ૧૯૯૪માં થયા હતા. સુનીતા IRS ઓફિસર પણ રહી ચુકી છે. જોકે, હવે તે VRS લઈને પોતાના પરિવારનું ધ્યાન રાખી રહી છે. રાજકીય દૃષ્ટિકોણથી પત્નીઓ માટે તેમના જેલમાં બંધ પતિ માટે મેદાનમાં ઊતરવું સૌથી અનુકૂળ માનવામાં આવે છે. તેનું મુખ્ય કારણ સહાનુભૂતિ ધરાવતા મતદારો છે.

**ન્યૂઝ બ્રિફ**

### ભાજપે ચૂંટણી મેદાનમાં ઉતાર્યા રામાયણના રામ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય જનતા પાર્ટી (ભ્તઁ) એ ૨૪ માર્ચે લોકસભા ઉમેદવારોની પાંચમી યાદી બહાર પાડી. ટિકિટ મેળવનાર ઉમેદવારોમાં લોકપ્રિય ટીવી શો રામાયણમાં ભગવાન રામની ભૂમિકા માટે પ્રખ્યાત અભિનેતા અરુણ ગોવિલનું નામ પણ છે. અરુણ ગોવિલને ઉત્તર પ્રદેશમાં તેમના વતન મેરઠથી આગામી લોકસભા ચૂંટણી માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત દેશભરમાં કુલ ૫૪૩ મતવિસ્તાર છે. તમામ બેઠકો માટે સંસદીય ચૂંટણી સાત તબક્કામાં યોજાશે. આ ચૂંટણીઓ ૧૯ એપ્રિલથી શરૂ થશે અને ૧ જૂનના રોજ સમાપ્ત થશે. મતોની ગણતરી એટલે કે પરિણામ ૪ જૂને આવશે. ભાજપના ઉમેદવારોની પાંચમી યાદી જાહેર, ૧૧૧ લોકોના નામ જાહેર કરવામાં આવ્યા છે. અરુણ ગોવિલ ત્રણ વખતના સાંસદ રાજેન્દ્ર અગ્રવાલનું સ્થાન લેશે, જેઓ ૨૦૦૪થી મેરઠ સીટ સંભાળી રહ્યા છે. પીઢ અભિનેતાએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમને લોકસભા ચૂંટણી માટે મેરઠ મતવિસ્તારમાંથી મેદાનમાં ઉતારવા બદલ પસંદગી સમિતિનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### બે પિતરાઈ ભાઈઓને મોતને ઘાટ ઉતારનારા પકડાયો

। (એજન્સી) કાનપુર, તા.૨૬ ।

કાનપુરના પશ્ચિમ પારા સ્થિત કાસિગવાનમાં પિતરાઈ ભાઈઓના સળગાવી દેવાના મામલામાં મોટો ખુલાસો થયો છે. પોલીસે જણાવ્યું કે રૂમમાં દારૂની બોટલ અને કોન્ડોમ રાખ્યા બાદ બંને ભાઈઓ દસ લીટર પેટ્રોલથી સળગી ગયા હતા. પ્રાથમિક તપાસમાં બંને ભાઈઓનું કોઈ કારણસર આગ લાગવાથી મોત થયું હોવાનું જણાયું હતું. પરંતુ ઘટનાના પાંચ દિવસ બાદ ફોરેન્સિક તપાસ અને ઘટનાસ્થળે મળેલા પુરાવાઓ પરથી જાણવા મળ્યું કે બંને ભાઈઓ સળગી ગયા હતા. આ કેસ અંગે વધુ માહિતી આપતાં ડીસીપી દક્ષિણ રવિન્દ્ર કુમારે જણાવ્યું હતું કે હત્યારાએ અગાઉ બે પિતરાઈ ભાઈઓને સળગાવવાનો ફૂલપ્રૂફ પ્લાન બનાવ્યો હતો. હત્યારાઓએ પહેલા મૃતકની પાસે દારૂની બોટલ અને કોન્ડોમનું પેકેટ દાટી દીધું હતું. ત્યારબાદ તેઓએ દસ લીટર પેટ્રોલ ઠાલવી તેને જીવતો સળગાવી દીધો હતો. એટલું જ નહીં, પ્લાસ્ટિકના પેકેટમાં ભરેલું પેટ્રોલ તેમના પર ફેંકવામાં આવ્યું જેથી તેમની ઓળખ ન થઈ શકે. કાનપુર પોલીસે રવિવારે આ હત્યાનો ખુલાસો કર્યો હતો. ૨૦ માર્ચે શહેરના સેન વેસ્ટ પરા વિસ્તારના કાસીગવાનમાં બે પિતરાઈ ભાઈઓ અનિલ ઉર્ફે સુનીલ અને રાજને તેમના પિતરાઈ ભાઈ વિનોદ અને તેમના પિતા બબલુએ જીવતા સળગાવી દીધા હતા. પોલીસને બાતમી મળી હતી કે બે યુવકો દાઝી ગયા છે. જ્યારે પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે બંનેના મૃતદેહ ખરાબ રીતે બળી ગયા હતા અને ઘરનો સામાન પણ બળી ગયો હતો.

**અબજોપતિ મુંબઈના ૬૦૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં છે**

# અબજોપતિઓની દ્રષ્ટિએ વિશ્વમાં હવે મુંબઈ ત્રીજા સ્થાને

## વર્લ્ડ રેન્કિંગમાં ભારતીય અબજોપતિઓના ક્રમાંકમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

બેઈજિંગના ૧૬ હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર કરતાં વધુ અબજોપતિ મુંબઈના ૬૦૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં છે. ચીનના મેગાલોપોલિસ (ખૂબ મોટું શહેર)ને પાછળ છોડીને પહેલીવાર મુંબઈ એશિયાનું બિલિયોનેર કેપિટલ બની ગયું છે. ચીનમાં ૮૪૧ અબજોપતિ છે જ્યારે ભારતમાં તેમનો આંકડો ૨૭૧ છે પરંતુ મુંબઈમાં ૯૨ અબજો પતિ છે અને તેની સામે બેઈજિંગમાં ૯૧ અબજોપતિઓ છે. આ વિગતો હુરન રિસર્ચના ૨૦૨૪ના ગ્લોબલ રિચ લિસ્ટમાં આપવામાં આવી છે. અબજોપતિઓની દ્રષ્ટિએ વિશ્વમાં હવે મુંબઈ ત્રીજા સ્થાને પહોંચ્યું છે. જ્યારે ૧૧૯ અબજોપતિઓ સાથે ન્યૂયોર્કે સાત વર્ષ બાદ પોતાનો પ્રથમ ક્રમાંક પાછો મેળવ્યો છે. ૯૭ અબજોપતિઓ સાથે લંડન બીજા ક્રમે છે. ચીનની પોલિટિકલ અને કલ્ચરલ રાજધાની બેઈજિંગને મુંબઈએ પાછળ છોડી કારણકે અહીં એક વર્ષમાં ૨૬ નવા અબજોપતિઓ ઉમેરાયા છે. જ્યારે છેલ્લા એક વર્ષમાં બેઈજિંગના ૧૮ ભૂતપૂર્વ અબજોપતિઓ આ યાદીમાંથી બહાર ફેંકાઈ ગયા છે. નેટવર્થની દ્રષ્ટિએ આ અબજો પતિઓ યાદીમાંથી બહાર થયા છે. મુંબઈના અબજોપતિઓની કુલ સંપત્તિ ૪૪૫ બિલિયન ડોલર થાય છે, જે ગત વર્ષ કરતાં ૪૭ ટકા વધારે છે. જ્યારે બેઈજિંગના અબજોપતિઓની કુલ સંપત્તિનો સરવાળો ૨૬૫ બિલિયન ડોલર થાય છે. તેમની સંપત્તિ ૨૮ ટકા ઘટી છે. મુંબઈના ધનિકો મુખ્યત્વે એનર્જી અને ફાર્માસ્યુટિકલ સેક્ટરના છે, જેમાં મુકેશ અંબાણી જેવા ધનિકોને ઘણો ફાયદો થઈ રહ્યો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો, રિયલ એસ્ટેટ પ્લેયર મંગલ પ્રભાત લોઢા અને તેમનો પરિવાર ૧૧૬ ટકા વધારા સાથે મુંબઈના સૌથી વધુ કમાણી કરનારા અબજોપતિ હતા.

**લોકોએ પોતાને ગણાવ્યો મોદીનો પરિવાર**

# BJPના સમર્થનમાં ઓસ્ટ્રેલિયામાં Modi for 2024 અભિયાન

## ઓસ્ટ્રેલિયાના વિવિધ શહેરોમાં વિકાસલક્ષી નીતિઓને જબરદસ્ત સમર્થન મળ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઑફ બીજેપી ઑસ્ટ્રેલિયાએ સમુદાયના સભ્યો માટે 'મોદી ફોર ૨૦૨૪ શીર્ષક હેઠળ એક અભિયાન શરૂ કર્યું હતું જેમાં જેમાં દેશના સાત મોટા શહેરો અને મહત્વપૂર્ણ સ્થળોને આવરી લેવામાં આવ્યા હતા. આ અભિયાનનો ઉદ્દેશ્ય ભારતમાં લોકસભા ચૂંટણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બીજેપીની આગેવાની હેઠળના NDA માટે વિદેશી સમર્થન મેળવવાનો છે. ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઑફ બીજેપી ઓસ્ટ્રેલિયાએ સિડની હાર્બર બ્રિજ, મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ, પર્થ ઓપ્ટસ સ્ટેડિયમ, બ્રિસ્બેન GABBA, ગોલ્ડ કોસ્ટમાં સર્ફર્સ પેરેડાઈઝ, કેનબેરામાં માઉન્ટ આઈન્સલી અને એડિલેડમાં નેવલ મેમોરિયલ ગાર્ડન્સ જેવા પ્રતિષ્ઠિત સ્થળોએથી એક મોટું અભિયાન શરૂ કર્યું છે. ઓસ્ટ્રેલિયાના વિવિધ શહેરોમાં વિકાસલક્ષી નીતિઓને જબરદસ્ત સમર્થન મળ્યું હતું. લોકોએ પોતાને મોદીના પરિવારનો ભાગ ગણાવ્યા હતા. અગાઉ, ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપી યુકેએ લોકસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદી અને કેન્દ્રમાં સત્તાધારી પક્ષને અચળ સમર્થન દર્શાવવા લંડનમાં કાર રેલીનું આયોજન કર્યું હતું. ભાજપે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ૧૧૧ ઉમેદવારોની પાંચમી યાદી જાહેર કરી છે. બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતને પણ ટિકિટ આપવામાં આવી છે. તે મંડીથી ચૂંટણી લડશે. ભાજપે આજે જ પાર્ટીમાં સામેલ થયેલા નવીન જિંદાલને કુરુક્ષેત્રથી ટિકિટ આપી છે. પટના સાહિબથી રવિશંકર પ્રસાદને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ બેગુસરાયથી ચૂંટણી લડશે. લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે રવિવારે ઉમેદવારોની પાંચમી યાદી જાહેર કરી છે.

# પ્રોટોકોલ તોડીને PM મોદીને વિદાય આપવા આવ્યાં ભૂતાનના સર્વેસર્વા

## તેઓ ખુદ પીએમ મોદીને વિદાય આપવા એરપોર્ટ આવ્યાં, ન માત્ર એરપોર્ટ આવ્યા બદલકે પોતે પણ પીએમ મોદીની સાથે તેમના પ્લેનમાં પણ સવાર થયા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૬ ।

તેમના તમામ વ્યસ્ત કાર્યક્રમ છતાં, PM મોદી જ્યારે ભૂટાન પહોંચ્યા ત્યારે તેમનું સ્વાગત કરવા માટે માત્ર સરકાર જ નહીં પરંતુ રાજાએ પણ તમામ પ્રોટોકોલ તોડી નાખ્યા હતા. તેમણે તેમના ઘરે પર્સનલ ડિનર નો કાર્યક્રમ તો રાખ્યો આ ઉપરાંત તેઓ ખુદ પીએમ મોદીને વિદાય આપવા એરપોર્ટ આવ્યાં. ન માત્ર એરપોર્ટ આવ્યા બદલકે પોતે પણ પીએમ મોદીની સાથે તેમના પ્લેનમાં પણ સવાર થયા.

પીએમ મોદીની આ મુલાકાત તાજેતરમાં જ ભારતની મુલાકાતે આવેલા ભૂટાનના પીએમના આમંત્રણ પર થઈ હતી. તેમણે ખાસ કરીને પીએમ મોદીને ચૂંટણી પહેલા ભૂટાનની મુલાકાત લેવા વિનંતી કરી હતી. ભૂતાનની તેમની મુલાકાત દરમિયાન,



પીએમ અને લોકો સાથે, રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે પણ તેમનું ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ દરમિયાન પીએમ મોદીને મહેલમાં બોલાવવામાં આવ્યા અને પરિવાર સાથે પરિચય કરાવ્યો. ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે પણ તેમને તેમના મહેલમાં લંચ આપ્યું હતું. ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું હતું જ્યારે રાજાએ કોઈ વિદેશી મહેમાનને પોતાના મહેલમાં આમંત્રિત કર્યા હતા અને તેમને ભોજન પીરસ્યું હતું. પીએમ મોદીને આ વિશેષ સન્માન આપવા પાછળ એક મોટો સંદેશ છુપાયેલો હતો અને તે એ હતો કે ચીનની રણનીતિ સામે બંને દેશ એક સાથે ઉભા છે. જ્યારથી શી જિનપિંગના નેતૃત્વમાં ભારત અને ભૂતાન વિરુદ્ધ વિસ્તારવાદી ચીનની સરહદી રણનીતિ વધી છે, ત્યારથી બંને દેશો વચ્ચે નિકટતા પણ વધી છે. ચીનનો ભારત સાથે લગભગ ૪ હજાર કિલોમીટર લાંબી સરહદ પર વિવાદ છે. છેલ્લા ૪ વર્ષથી પૂર્વી લદ્દાખમાં બંને દેશોના ૫૦ હજાર સૈનિક ભારે સાધનો અને હથિયારો સાથે સામસામે ઉભા છે.

### કંગનાને લઈને કોંગ્રેસ નેતાની વિવાદાસ્પદ પોસ્ટ બાદ રાજકીય ખળભળાટ મચ્યો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૬ ।

આ લોકસભાની ચૂંટણી માટે ભાજપે અભિનેત્રી કંગના રનૌતને હિમાચલ પ્રદેશની મંડી સીટ પરથી ઉમેદવાર બનાવી છે. આ જાહેરાત પછી તરત જ, સુપ્રિયા શ્રીનેતના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી કંગના રનૌતની એક તસવીર શેર કરવામાં આવી હતી જેમાં કંગનાના એક ફોટો પોસ્ટ કરી કેપ્શનમાં અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી. જ્યારે આ મામલે હોબાળો થયો ત્યારે આ પોસ્ટ ડિલીટ કરી દેવામાં આવી હતી. હવે રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ રેખા શર્માએ કહ્યું છે કે તેઓ આ મામલે ચૂંટણી પંચનો સંપર્ક કરશે. સુપ્રિયા શ્રીનેત એ કંગનાનો એક ફોટો મુક્યો જેના કેપ્શનમાં લખ્યું કે મંડીમાં શું ભાવ ચાલી રહ્યો છે આ એક વ્યક્તિગત અને કંગના શરીરના અંગ પર કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણી હતી. કોઈ પણ મહિલા માટે આ એક અપમાન જનક વાત હોવાથી રાષ્ટ્રિય મહિલા આયોગ હવે કંગનાના પક્ષમાં આવી છે.આ મામલે કંગના રનૌતે પણ સુપ્રિયા શ્રીનેટને જવાબ આપ્યો છે. કંગનાએ કહ્યું- “પ્રિય સુપ્રિયા જી, એક કલાકાર તરીકે મારી કારકિર્દીના છેલ્લા ૨૦ વર્ષોમાં, મેં તમામ પ્રકારની મહિલાઓની ભૂમિકા ભજવી છે.

**અમેરિકાએ ન કર્યું મતદાન**

# ગાઝામાં જલદી લાગુ થશે યુદ્ધવિરામ, UNSCમાં પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો

## અમેરિકાએ અગાઉ પણ સુરક્ષા પરિષદમાં એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને રશિયા અને ચીને વીટો કરી દીધો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ગાઝામાં યુદ્ધવિરામને લઈને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. અમેરિકાએ આ પ્રસ્તાવ પર મતદાન કર્યું ન હતું પરંતુ તેની તરફેણમાં ૧૪ મત પડ્યા હતા. યુએનએસસીના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે આ પ્રસ્તાવનો અમલ થવો જોઈએ. ગુટેરેસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે "સુરક્ષા પરિષદે ગાઝામાં લાંબા સમયથી રાહ જોવાતા ઠરાવને મંજૂરી આપી હતી જેમાં તાત્કાલિક યુદ્ધવિરામ અને તમામ બંધકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની હાકલ કરવામાં આવી હતી. "આ દરખાસ્તનો અમલ થવો જોઈએ. નિષ્ફળતા માફી યોગ્ય નથી.

અમેરિકા ગાઝામાં બંધક બનાવાયેલા લોકોની મુક્તિની સતત માંગ કરી રહ્યું છે. જો કે, યુએનએસસી દ્વારા પસાર કરાયેલા ઠરાવમાં તે બંધકોને મુક્ત કરવાની પણ માંગ કરવામાં આવી હતી, પરંતુ અમેરિકા તેના પર મતદાન કરવાથી દૂર રહ્યું હતું. અમેરિકાએ અગાઉ પણ સુરક્ષા પરિષદમાં એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને રશિયા અને ચીને વીટો કરી દીધો હતો. ગાઝામાં યુદ્ધવિરામની માંગણીના પ્રસ્તાવને અમેરિકાએ વીટો ન કરતા ઈઝરાયલના વડાપ્રધાન બેન્ઝામિન નેતન્યાહુ નારાજ થયા હતા. તેમનું કહેવું છે કે જો ગાઝામાં યુદ્ધવિરામ માટે યુએનએસસીના ઠરાવને વીટો નહીં કરવામાં આવે તો તેઓ યોજના અનુસાર પ્રતિનિધિમંડળને વોશિંગ્ટન મોકલશે નહીં.

અમેરિકા ઈઝરાયલ પર યુદ્ધવિરામ માટે સતત દબાણ કરી રહ્યું હતું. આ અંગે બંને દેશોમાં વાતચીત ચાલી રહી હતી. અમેરિકાએ ચેતવણી આપી છે કે સોમવારે પસાર કરવામાં આવેલા પ્રસ્તાવ અમેરિકા, ઈજિપ્ત અને કતાર વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોને અસર કરી શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી યુએસ સ્ટેટ સેક્રેટરી સતત મધ્ય પૂર્વની મુલાકાત લઈ રહ્યા છે અને ગાઝામાં બંધકોને મુક્ત કરવા માટે ચર્ચા કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે પણ યુદ્ધવિરામને સમર્થન આપ્યું છે. હવે જોવાનું એ રહે છે કે યુએનએસસી દ્વારા પસાર કરાયેલા ઠરાવનો કેટલા સમયમાં અમલ થશે.

**ધીમું ઝેર આપવાનો હતો આરોપ**

### જેલમાં બંધ માફિયા ડોન મુખ્તાર અંસારીની તબિયત બગડી

। (એજન્સી) બાંદા, તા.૨૬ ।

સોમવારે મોડી રાત્રે ઉત્તર પ્રદેશની બાંદા જેલમાં માફિયા મુખ્તાર અંસારીની તબિયત અચાનક બગડતાં જિલ્લા વહીવટીતંત્ર નિરાશ થઈ ગયું હતું. ઉતાવળમાં મુખ્તાર અંસારીને બાંદા જેલમાંથી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો. મુખ્તાર અંસારી આઈસીયુમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ, માફિયા મુખ્તાર અંસારીને નર્વસનેસ અને છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન માહિતી મળતાં મુખ્તાર અંસારીના પરિવારના સભ્યો પણ બાંદા મેડિકલ કોલેજ પહોંચી ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સોમવારે મોડી રાત્રે મુખ્તાર અંસારીની તબિયત બગડ્યા બાદ જેલ પ્રશાસન દ્વારા ડોક્ટરોને બોલાવવામાં આવ્યા હતા. તપાસ બાદ ડોક્ટરોએ મુખ્તારને મેડિકલ કોલેજના આઈસીયુમાં દાખલ કરવાની સલાહ આપી. જે બાદ મુખ્તારને કડક સુરક્ષા વચ્ચે મેડિકલ કોલેજના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો છે. થોડા દિવસ પહેલા જ જીવના જોખમની જાણકારી આપી હતી. નોંધનીય છે કે, મુખ્તાર અંસારીએ તેની સુનાવણી દરમિયાન ઘણી વખત કોર્ટમાં અરજી કરી હતી કે, તેને જેલમાં સારી તબીબી સુવિધાઓ મળી રહી નથી. આટલું જ નહીં, તેણે બાંદા જેલમાં કંઈક અઘટિત થવાની આશંકા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, તેના જીવને ખતરો છે. મુખ્તાર અંસારીએ પોતાના વકીલ એડવોકેટ રણધીર સિંહ સુમન મારફત જજ કમલકાંત શ્રીવાસ્તવ સમક્ષ અરજી પણ આપી હતી.

**આગ લાગતા ૧૩ લોકો દાઝ્યા**

# ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં ભસ્મ આરતી સમયે ગર્ભગૃહમાં લાગી આગ

## ગુલાલને કારણે ગર્ભગૃહમાં આગ ફેલાઈ હતી : મંદિરના પૂજારી ઘાયલ થયા, અમે તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા છીએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ઉજ્જૈનમાં ભસ્મ આરતી દરમિયાન મહાકાલ મંદિરના ગર્ભગૃહમાં આગ લાગી હતી. જેના કારણે ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટના સમયે અહીં હોળીની ઉજવણી ચાલી રહી હતી. જિલ્લા કલેક્ટર નીરજ કુમાર સિંહે કહ્યું છે કે, "ગર્ભગૃહમાં ભસ્મ આરતી દરમિયાન આગ લાગી હતી. આ ઘટનામાં ૧૩ લોકો ઘાયલ થયા છે. તેઓની સારવાર ચાલી રહી છે." આ અંગે તપાસ કરવામાં આવશે. પ્રાથમિક તબક્કે આગ કયા કારણોસર લાગી તેની તપાસ કરવામાં આવશે. મધ્યપ્રદેશના મહાકાલ મંદિરમાં સોમવારે સવારે ભસ્મ આરતી દરમિયાન ગર્ભગૃહમાં આગ લાગી હતી. મળતી માહિતી મુજબ આ દુર્ઘટનામાં પાંચ પૂજારી પણ દાઝી ગયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આરતી દરમિયાન ગુલાલ ઉડાડ્યા બાદ આગ લાગી હતી. ધૂળેટીના કારણે ગર્ભગૃહમાં એક કવર લગાવવામાં આવ્યું હતું, જેમાં આગ લાગી હતી. તમામ ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે ઉજ્જૈનના મહાકાલ મંદિરના પૂજારી આશિષ શર્માએ કહ્યું હતું કે , મહાકાલ મંદિરમાં પરંપરાગત હોળીની ઉજવણીનું આયોજન કરવામાં આવી રહ્યું હતું. ગુલાલને કારણે ગર્ભગૃહમાં આગ ફેલાઈ હતી. મંદિરના પૂજારી ઘાયલ થયા. અમે તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા છીએ. મંદિરના ઘાયલ સેવકે જણાવ્યું હતું કે આરતી કરી રહેલા પૂજારી સંજીવ પર કોઈએ પાછળથી ગુલાલ ઉડાડ્યો હતો જે ગુલાલ દીવા પર પડતા આગ ફેલાઈ હતી. ગુલાલમાં કેમિકલ હોવાના કારણે આગ લાગી હોવાની શક્યતા છે. બીજી તરફ, ગર્ભગૃહની ચાંદીની દિવાલને રંગ અને ગુલાલથી બચાવવા માટે ત્યાં ફ્લેક્સ મુકવામાં આવ્યા હતા. તેમાં પણ આગ ફેલાઈ હતી. તેમણે જણાવ્યું કે આગ લાગ્યા બાદ કેટલાક લોકોએ અગ્નિશામક સાધનો વડે આગ પર કાબૂ મેળવ્યો હતો. પરંતુ ત્યાં સુધીમાં આરતી કરી રહેલા સંજીવ પૂજારી, વિકાસ, મનોજ, સેવાધારી આનંદ કમલ જોષી સહિત ગર્ભગૃહમાં હાજર ૧૩ લોકો દાઝી ગયા હતા. આ મામલે કલેક્ટર નીરજ સિંહે કહ્યું કે આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

## તંત્રી લેખ...

# હેપીનેસ ઇન્ડેક્સના માપદંડના ક્રમાંકમાં ભારતનો નજીવો ઘટાડો

દેશનાં ૨૦ મોટાં રાજ્યમાં ખુશીના માપદંડોની દષ્ટિએ પહેલા નંબર પર કેરળ ત્યારબાદ હિમાચલ પ્રદેશ છે. આ યાદીમાં ગુજરાત ૧૬મા ક્રમે છે. જોકે દિવસમાં સૌથી વધુ હસવા-સ્મિત કરવામાં રાજસ્થાન સૌથી વધુ આગળ છે. સૌથી વધુ વાર ગુસ્સો કરવામાં ઝારખંડ આગળ છે. જો ગુજરાતની વાત કરવામાં આવે તો યાદીમાં ત્રીજા ક્રમે છે. હેપ્પીનેસ રેકિંગ વ્યક્તિના જીવન સંતોષના સ્વ-મૂલ્યાંકન તેમજ માથાદીઠ જીડીપી, સામાજિક સમર્થન, સ્વસ્થ આયુષ્ય, સ્વતંત્રતા, ઉદારતા અને ભ્રષ્ટાચાર પર આધારિત છે. સમાચાર એજન્સી એએફપીને જણાવ્યું હતું કે ફિનલેન્ડમાં રહેતા લોકો પ્રકૃતિ સાથે ગાઢ જોડાણ અને તેમના જીવન સંતોષમાં તંદુરસ્ત કાર્ય-જીવન સંતુલન મહત્વપૂર્ણ માને છે. સુખ અને સંતોષની કોઈ લિમિટ હોય એવું સાબિત થયું જ નથી. જીવનમાં દુ:ખ અને સુખ દરેક વ્યક્તિ દીઠ અલગ સાબિત થયા કરે છે. આ સંજોગોમાં વર્લ્ડ હેપીનેસ ઈન્ડેક્સમાં આવતા આંકડા સાચા હોવા માટે કોઈ સાબિતી કે માપદંડ મળતા નથી. દરેક દેશની વસ્તી અલગ છે, દરેક દેશની કુદરતી સંપત્તી અલગ છે તો સંસ્કૃતિ અને પરંપરા પણ અલગ હોય ત્યારે સુખી હોવાનો માપદંડ એક ન હોય તો આ આંકડા માટે પણ અલગ રીતે જ ચર્ચા થાય એ સ્વાભાવિક છે. ભારતીયો વિશ્વના સૌથી દુ:ખી લોકોમાં સામેલ છે. આ અવલોકન વાર્ષિક વર્લ્ડ હેપીનેસ રિપોર્ટમાંથી આવે છે, જે આરોગ્ય, અર્થતંત્ર અને સ્વતંત્રતાના પરિમાણોમાં વૈશ્વિક જીવન સંતોષનું માપ છે. ૧૪૩ દેશોમાંથી, ભારત ૧૨૬મા ક્રમે છે. ગયા વર્ષના ૧૨૫મા સ્થાનથી નજીવો ઘટાડો - યુદ્ધગ્રસ્ત પેલેસ્ટાઈન અને યુક્રેન અને પાકિસ્તાન અને નેપાળ જેવા પાડોશી દેશોથી પાછળ છે. અહેવાલમાં જાણવા મળ્યું છે કે મોટાભાગના દેશોમાં ખુશીની શોધ પણ દૂર રહી છે. યુવાનોમાં કલ્યાણ એ ચિંતાનો વિષય છે અને 'સુખની અસમાનતા'નું અંતર લગભગ દરેક જગ્યાએ વધી રહ્યું છે. આ રિપોર્ટ ગેલપ, યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક અને ઓક્સફોર્ડ વેલબીઈંગ રિસર્ચ સેન્ટર વચ્ચેનો સહયોગી પ્રયાસ હતો. સંશોધકોએ છ પરિબળોનું મૂલ્યાંકન કરતા વૈશ્વિક ડેટાસેટ્સનું વિશ્લેષણ કર્યું: સ્વસ્થ આયુષ્ય, માથાદીઠ જીડીપી, સામાજિક સમર્થન, સ્વતંત્રતા, ઉદારતા અને ભ્રષ્ટાચારની ધારણા. તેઓએ કેન્ટ્રિલ લેડર તરીકે ઓળખાતા સ્વ-મૂલ્યાંકન સાધન દ્વારા લોકોના જીવન સંતોષને પણ માપ્યો. વિશ્વ, સરેરાશ, પહેલા કરતા વધુ નાખુશ છે. પ્રથમ વખત, સૌથી ખુશ રાષ્ટ્રોમાં હવે વિશ્વના કોઈપણ મોટા દેશોનો સમાવેશ થતો નથી, યુ.એસ.ને ટોચના ૨૦ દેશોમાં સ્થાન મળ્યું નથી, જે રિપોર્ટના પ્રકાશનના ૧૨ વર્ષમાં પ્રથમ વખત છે. બીજી તરફ ફિનલેન્ડ સતત સાતમા વર્ષે ટોચના સ્થાન પર કબજો કરવામાં સફળ રહ્યું છે. યાદીના સૌથી નીચેના છેડે અફઘાનિસ્તાનનું નામ છે, જેણે ૨૦૦૬-૧૦ પછી ખુશીમાં સૌથી વધુ ઘટાડો જોયો છે, રિપોર્ટમાં નોંધ્યું છે. ૨૦૨૦ માં તાલિબાને ફરીથી નિયંત્રણ મેળવ્યું ત્યારથી દેશ માનવતાવાદી, આબોહવા અને આર્થિક સંકટની વચ્ચે છે. આ પ્રથમ આવૃત્તિ હતી જે વય અને પેઢીઓ સાથેના જીવન સંતોષની આંતરછેદને જોતી હતી. વિશ્વના યુવાન અને વૃદ્ધો માટે સુખ બે અલગ-અલગ ચાપમાં વિભાજિત થાય છે. મધ્ય અને પૂર્વ યુરોપિયન દેશોમાં નાના ૩૦ વર્ષથી ઓછી ઉંમરના વધુ ખુશ છે; યુ.એસ. અને કેનેડા જેવા દેશો માટે વિપરીત સાચું છે, જ્યાં જીવન સંતોષ ૬૦ અને તેથી વધુ વયના લોકોમાં સૌથી વધુ હતો એ રીતે હંમેશા એવું નથી હોતું. ૨૦૦૬ અને ૨૦૧૦ની વચ્ચે, ઉત્તર અમેરિકા અને ઑસ્ટ્રેલિયા/ન્યૂઝીલેન્ડમાં યુવાનો વૃદ્ધ લોકો જેટલા જ ખુશ હતા. ત્યારથી તેમના જીવન સંતોષમાં તીવ્ર ઘટાડો થયો છે. અહેવાલ નોંધે છે કે ૧૯૮૦ પછી જન્મેલા લોકોમાં, દરેક વીતતા વર્ષ સાથે ખુશીઓ ઘટતી જાય છે.

## ભગવાનનું નામ સ્મરણ અને ઇશ્વર શરણાગતિ



ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે ભૌતિક પ્રકૃતિના ત્રણ ગુણોની મારી દૈવીમાયાને જાણવી ખૂબ મુશ્કેલ છે. પરંતુ જે માણસો મારું શરણ લે છે તેઓ આ માયાને તરી જાય છે. સામાન્ય રીતે માયા શબ્દનો અર્થ કૌશલ્ય, કરુણા અને અઘટિત ઘટના એવો થાય છે. જે નથી તે કરી દેખાડવી એટલે અઘટિત ઘટના. ભીની માટીના પિંડને આકાર મળે અને એમાંથી મટકી બને છે. ત્યારે મૂળ રૂપે રહેલી માટી આપણને દેખાતી નથી. માત્ર મટકી જ આપણા ધ્યાનમાં આવે છે. આ જે કોઈ માણસનું કૌશલ્ય છે એવી રીતે માયા એ પરમેશ્વરનું કૌશલ્ય છે. તે ફૂલ ખિલાવે છે. પરંતુ એ ફૂલ કેવી રીતે ખીલ્યું એની આપણને ખબર પડતી નથી. આપણે તો તેની સુવાસમાં જ મસ્ત બની જઈએ છીએ. આ સંસાર ભગવાનની માયા છે, એક લીલા છે, ખેલ છે. તેને સમજવાનું, જાણવાનું કોઈનાથી શક્ય નથી. જે માણસને સતત આકર્ષતી રહે છે, ખેંચતી રહે છે તે માયા ઉપલક નજરે તો સુંદર હોય છે પરંતુ એનું ભીતરી રૂપ અલગ હોય છે. સંસારની માયા લોભામણી અને અસાર છે. જે નિરંતર પરિવર્તન પામતી રહે છે. જે આજે દેખાય છે તે કાલે નહિ રહે. જે કાલે રહેશે તે આજે નથી. એટલે આ સંસારરૂપી માયામાં પ્રાપ્ત કરવા જેવું કશું જ નથી. અહીં દરેક વસ્તુ પાણીમાં ઊઠતા પરપોટાની જેમ ઉત્પન્ન થાય છે અને એ રીતે વિલીન પણ થઈ જાય છે. અહીં લોકો એક દિવસ જન્મ ધારણ કરે છે અને એક દિવસ મરી જાય છે. છતાં તેઓ આ માયામાં એટલા બધા ડૂબેલા છે કે તેમને જીવનની કોઈ સૂધ-બૂધ નથી. ભગવાનની આ માયામાં સત્ય પણ છે અને મિથ્યાતત્વ પણ છે. સત્ય એ રીતે કે આ સંસારના કણેકણમાં પરમાત્માનો વાસ છે. કહો કે આ સંસારના પ્રત્યેક પ્રાણીમાં જીવાત્મારૂપે પરમાત્માનો અંશ રહેલો છે. જે તેમને જોઈ શકે છે, સમજી શકે છે અને અનુભવી શકે છે તેઓ આ સંસારની માયામાં ફસાતા નથી. એટલું જ નહિ, તેઓ પરમાત્મા સુધી પહોંચી બ્રહ્મનો સાક્ષાત્કાર પણ કરી શકે છે. પરંતુ જે મનુષ્યો સંસારના આ દિવ્યસ્વરૂપને જાણતા નથી. તેઓ પેલો મૃગજળની જેમ તેમાં ભટકતા રહે છે. આ સંસારની સમસ્ત પ્રાણીસૃષ્ટિ સત્વ, રજ અને તમ એમ ત્રણ ગુણોથી સંમિશ્રિત છે. કોઈકમાં તમોગુણ વધારે છે. કોઈકમાં રજ તો કોઈકમાં સત્ત્વ. તમો ગુણી વ્યકિતના જીવનમાં અજ્ઞાનરૂપી અંધકાર છે, જડતા છે. જેને કારણે તે કંઈ વિચારવા. સમજવાની સ્થિતિમાં હોતો નથી. રજોગુણી વ્યકિતના જીવનમાં ઈચ્છાઓ અને વાસનાઓ હોય છે. જેની પૂર્તિ માટે તે આમતેમ ભટકતો રહે છે. તેનામાં સ્થિરતા પણ હોતી નથી. પરંતુ જે સત્ત્વગુણી છે. તેના જીવનમાં જ્ઞાન છે. પ્રકાશ છે અને સ્થિરતા પણ છે. એટલે તે સંસારમાં રહી સારાસાર સમજી શકે છે. માણસમાત્ર અહીં સુખ ઝંખે છે અને એ માટે તે અનેક પ્રકારનાં પ્રલોભનોમાં અટવાય છે. પરંતુ છેવટે તો એ સુખ મૃગજળ જેવું જ બની રહે છે. છતાં પણ તે સંસારના મોહથી છૂટી શક્તો નથી. આ સંસારની માયામાંથી મુક્ત થવાનો ઉપાય છે- ભગવાનનું નામ સ્મરણ અને ઈશ્વર શરણાગતિ. મહર્ષિ વાલ્મીકિ એક કાળે વાલિયો લૂંટારો હતા. લોકોને લૂંટતા હતા. પરંતુ અંતે ' મરા મરા' એમ જપતાં જપતાં સંસાર તરી જઈ મહર્ષિ તરીકે ખ્યાતિ પામ્યા. ભગવાનના શરણે જવું, તેમનું નામ સ્મરણ કરવું એ જ મનુષ્ય જીવનનો સાર છે. આ સંસારમાં સારરૂપ તત્ત્વ પરમાત્મા તત્ત્વ જ છે. જે તેને જાણી લે છે તે આ દુસ્તર માયાને તરી જાય છે.

---

**આપણે આપણાં માંથી જ ઉંચા આવતા નથી, અને પછી બોલીએ છીએ, બધી ભગવાનની માયા છે.**

# આ બધી ભગવાનની માયા છે! એટલે એને પરમાર્થ સુઝ્યો, કાશ! મને ભગવાને નિમિત્ત બનાવ્યો હોત તો!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પરમાર્થ કરવા માટે ફક્ત રૂપિયા જરૂરી નથી, ભાવ પણ હોવો જોઈએ, અને એવો ભાવ આપણા બધા પાસે નથી, કારણકે આપણને સામે વાળાની વેદના સંવેદના સ્પર્શતી નથી, પરંતુ સમાજમાં હજી પણ એવા કેટલાય છે, જેને ભગવાને જાણે એટલા માટે જ ઘડ્યાં હોય, એમ એ તેનો કાર્યભાર ઓછો કરતા રહે છે, અને માનવતા મરતી નથી, એટલે સમાજ હજી અડીખમ ઉભો છે.**

હે ઈશ્વર.

આપણી આસપાસમાં ઘટતી ઘટનાઓ વિશે આપણે વારંવાર ભગવાનની માયા અજબ ગજબની છે, એવા વાક્યો કોટ કરતા હોઈએ છીએ. પણ જ્યારે ભગવાન કંઈક કરવાનો મોકો આપે, ત્યારે ચૂકી જતા હોઈએ છીએ, અથવા તો મારી પાસે આટલા રૂપિયા નથી, નહીં તો! હું પણ પરમાર્થ કરત!: પણ પરમાર્થ કરવા માટે ફક્ત રૂપિયા જરૂરી નથી, ભાવ પણ હોવો જોઈએ, અને એવો ભાવ આપણા બધા પાસે નથી, કારણકે આપણને સામેવાળાની વેદના સંવેદના સ્પર્શતી નથી. પરંતુ સમાજમાં હજી પણ એવા કેટલાય છે, જેને ભગવાને જાણે એટલા માટે જ ઘડ્યાં હોય, એમ એ તેનો કાર્યભાર ઓછો કરતા રહે છે, અને માનવતા મરતી નથી, એટલે સમાજ હજી અડીખમ ઉભો છે. તો આજે બુધવારે બોધકથામાં આવી જ એક વાત લઈને હું આવી છું. ૧૦ થી ૧૨ વર્ષની એક બાળકી રસ્તાને એક ખૂણે આવેલા ઝાડ નીચે લપાઈને બેઠી હતી, અને રસ્તે નીકળતા માણસોથી પોતાની જાતને છુપાવી રહી હતી. એવામાં દૂરથી કોઈ ને જોઈ તે ત્યાંથી ભાગી, જાણે કોઈ તેને મારવા આવી રહ્યું હોય, એ રીતે ભાગતી હતી, અને તે માત્ર ૧૦ મિનિટમાં બે કિલોમીટરનું અંતર કાપી અને બીજા એરિયામાં આવી પહોંચી. અહીં ખાસી ભીડ હતી અને બજાર જેવું હતું એટલે આસાનીથી સંતાઈ શકાશે, એવું લાગતાં તે એક દુકાનની ઓથે બેસી ગઈ. દેખાવે તે સુંદર હતી, પરંતુ સામાન્ય કપડાં પહેર્યા હતાં, એટલે એમ કહી શકાય કે તે રૂપિયા પૈસા વાળી નહીં હોય, અને કોઈ તેનો પીછો કરી રહ્યો હોવાથી ઘડીકમાં અહીં તો, ઘડીકમાં ક્યાંક બીજે એમ સંતાતી ફરતી હતી. એ જ્યાં બેઠી હતી એ દુકાન ભગવાન ભાઈની હતી, અને ભગવાનભાઈ સાચે જ ભગવાનના માણસ હતાં. તેમને કરિયાણાની દુકાન હતી, એટલે સ્વાભાવિક રીતે કોઈને કોઈ તો લેવા આવે, એમ ખાસ્સા એક કલાક સુધી ઘરાકી ચાલી. પછી તેમની નજર આ બાળકી ઉપર પડી, તેઓ એની નજીક ગયાં, અને મમતા ભર્યો હાથ તેનાં માથે ફેરવ્યો,અને પુછ્યું બેટા તું કોણ છે? ભૂલી પડી ગઈ છે? તારા માતાપિતાનું નામ શું છે? એમ ઉપરાઉપરી ત્રણ ચાર સવાલ કર્યા, પણ હજી એ ધ્રુજતી હતી. તે ખૂબ ડરી ગઈ છે, એવું લાગતાં એમણે તેને પાણી પીવડાવ્યું, અને દુકાનમાંથી વેફરનું અને સેવમમરાનું પેકેટ લાવી આપ્યું, બાળકી અત્યંત ભૂખી થઈ હોવાથી તરત જ તે વેફરને સેવમમરા ખાઈ ગઈ. ખાવા પીવાનું મળવાથી હવે તે થોડી નોર્મલ થઈ,અને તેણે જણાવ્યું કે તેનું નામ માયા છે, અને તે તેની માતા સાથે રહેતી હતી અને તેની માતા નું નામ મીના બેન છે,જે એક કંપનીમાં વર્કર તરીકે કામ કરતી હતી. એક દિવસ એ કંપનીના માલિકનું મર્ડર થતાં જોઈ ગઈ, તેની જ કંપનીમાં કામ કરતો અને યુનિયન લીડર મથ્થુરામે પેટમાં ત્રણ ચાર ચપ્પુના ઘા મારી હત્યા કરી, જે એણે નજરે જોયું હતું. મથ્થુરામને જાણ થતાં એણે મારી માતાને પણ રસ્તામાં આતંરી ઉઠાવી લીધી, અને મારી ખબર પડતાં એ મારી પાછળ પડ્યા છે. ઈશ્વર પણ કેવા જોગ સંજોગ ઘડતો હોય છે, ભગવાન ભાઈને ત્યાં ત્રણ દીકરા હતાં, પણ દીકરીની ખોટ હતી, અને બાપનું હૃદય દીકરી માટે તલસતું હતું. ઈશ્વરે તેમને ત્યાં એક દીકરી મોકલી, એવો અર્થ કરી, તે એને પોતાને ઘરે લઈ ગયા. ભગવાન ભાઈના પત્ની ભાવના બેન પણ માયાળુ સ્વભાવના હતા. ચડતાં ઉતરતા ત્રણે દિકરાને પણ લાડ કરવા નાની બેન મળી ગઈ. ટૂંકમાં માયાના આવવાથી ઘરમાં રોનક આવી ગઈ. કુદરતનો ન્યાય પણ ચિત્ર વિચિત્ર હોય છે, ગઈકાલ સુધી બે ટંકનું સારું જમવાનું પણ જેને નસીબ ન્હોતું, એવી માયાને હવે અહીં કોઈ તકલીફ નહોતી. માયાનાં આવવાથી ભગવાન ભાઈની પણ ચડતી શરૂ થઈ. રોજ ભાવના બેન એને માથું ઓળી આપતાં, ભગવાન ભાઈ કોળિયા ભરી જમાડતા, અને ત્રણે ભાઈઓ હિંચકા પર બેસાડીને દુલાર કરતાં. સમયને જતા ક્યાં વાર લાગે છે, જોતજોતામાં પાંચ વર્ષ વિતી ગયા. ન કોઈ માયાની ભાળ લેવા આવ્યું કે, ન માયા એ તેની માતા વિશે શોધ કરવા કહ્યું. કારણકે માયાને એવું લાગતું હતું કે ગુંડાએ તેની માતાને મારી જ નાખી હશે. પરિવારના પ્રેમ માટે તરસતી માયાને આમ પણ અહીં, કોઈ વાતની કમી ન્હોતી. શેઠે એને નિશાળમાં ભણવા બેસાડી દીધી હતી, અને તે ખૂબ હોશિયાર હોવાથી, ક્લાસમાં ફર્સ્ટ આવતી હતી. આમને આમ બીજા સાત વર્ષ નીકળી ગયાં, અને માયાનું કોલેજનું ભણતર પણ પુરું થયું. મોટા ભાઈના લગ્ન પણ થઈ ગયા હતાં, ભાભી પણ લાડ કરતી હતી. એક દિવસ પરદેશથી આવેલા ભગવાન ભાઈના મિત્ર મળવા આવ્યા. તેમણે માયાને જોઈ, અને પોતાનાં એકના એક દિકરા મોહિત માટે માયાનું માગું કર્યું. ભગવાનભાઈને એટલે દૂર સુધી પોતાની દીકરીને મોકલવી ન્હોતી! પણ વિધાતા એ લેખ ત્યાંના જ લખ્યા હતાં, એટલે અંતે ત્યાં જ માયાનું લગ્ન ગોઠવાયું, અને આજે તો જાન આવવાની હતી. બરાબર કન્યા પધરાવો સાવધાનની ઘડી આવી, અને ત્યાં જ ભગવાન ભાઈ જે હવે શેઠ થઈ ગયા હતાં, એનાં ઘરને આંગણે એક અજાણી મહિલા આવી, અને તેણે માયાને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. શેઠે પુછતા તેણે જણાવ્યું કે એ માયાની માતા છે, અને કેટલા સમયથી માયાને શોધે છે. ભગવાનભાઈ શેઠે જણાવ્યું કે લગભગ ૧૨/ ૧૩ વર્ષથી માયા તેમની સાથે જ રહે છે, અને તેમણે તેને દીકરીની જેમ ઉછેરીને મોટી કરી, અને આજે તેના લગ્ન છે, મીના ખૂબ જ રાજી થઈ. તેણે શેઠનો ઉપકાર માન્યો, કે પોતાની દીકરીને દીકરી તરીકે ઉછેરી, એટલે આટલું યોગ્ય માન-સન્માન મળ્યું, અને મોહિત જેવો સુંદર જીવનસાથી પણ મળ્યો. ભગવાન શેઠ મીનાને માયા પાસે લઈ ગયા. મીના તો માયાનું રુપ અને તેની સજાવટ જોઈ આશ્ચર્યચકિત થઈ ગઈ. મા દિકરી ગળે મળ્યા, થોડા જ સમયમાં લગ્નની વિધિ સંપન્ન થઈ, અને શેઠ શેઠાણી ઉપરાંત મીનાબેનનો મમતા ભર્યા હાથ માયાનાં મસ્તક પર હેત વરસાવતાં હતા, અને આમ માયાની વિદાય થઈ ગઈ. મીના એ પણ શેઠ પાસેથી જવાની રજા લીધી, શેઠે કહ્યું મીનાબેન તમે ક્યાં જશો! માયા જતા અમને એકલું લાગશે માટે તમે અહીં જ રોકાઈ જાવ, આમ પણ મારે દીકરી પણ નથી અને બહેન પણ નથી. એટલે આજથી તમે મારા બહેન, ભાવના બેન આ વાત સાંભળતા હતાં, તેમને પણ ટાપસી પુરાવી અને કહ્યું, હા નણંદ બા!! હવે તો પિયર થયું, એટલે ભાઈના ઘરે રોકાવામાં કોઈ વાંધો નથી. આમ પણ મીનાની રાહ જોવા વાળું કોઈ ક્યાં હતું, એટલે એ રોકાઈ ગઈ. રાત્રે મીના પોતાના રુમમાં સૂવા જતી હતી ત્યારે ભગવાન ભાઈ ના શબ્દો કાને પડ્યાં, તે સારું કર્યું મીનાબેનને રોકવાનું સુઝાડયું! ભાવના બેને કહ્યું માયા બોલી ન શકી પણ મને એની આંખમાં મીનાબેન માટેની ચિંતા ચોખ્ખી દેખાતી હતી, એટલે એ ઉદાસ હતી. મેં એને વિદાય સમયે કાનમાં કહ્યું કે, મીનાબેન આજથી અમારી જવાબદારી છે, એટલે તું નિશ્ચિત થઈ સાસરે જા, અને પતિના ઘરને સ્વર્ગ બનાવ. આમ માયા અને મીના બેન બંને પર ભગવાન રુપે ભગવાન ભાઈનો મમતા ભર્યો હાથ કાયમ ફરતો રહ્યો, બસ આમ જ ભગવાન માયા કરતો હોય છે, પણ આપણે આપણાં માંથી જ ઉંચા આવતા નથી, અને પછી બોલીએ છીએ, બધી ભગવાનની માયા છે.



---

**કલ્પનામાંથી બીજા જીવ પ્રત્યે વેરભાવ જાગશે, સદાસર્વદા મનને સમજાવો, તને જે સુખદુ:ખ થાય છે તારા કર્મનું ફળ છે.**

# સાનુકૂળ સંજોગોને કારણે નહીં, નિશ્ચય શક્તિ સાથે મજબૂત બનો, કોઈ પણ કાર્ય અશક્ય નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જગતને એવો આદર્શ બતાવે છે કે, હું ઈશ્વર છું છતાં હું કર્મની મર્યાદા પાળું છું, આ ભગવાનની લીલા છે, કૈકેયીએ રામને વનવાસ આપ્યો, કૌશલ્યા માને અતિ દુઃખ થયું ત્યારે રામજી એ માને કહ્યું કે, આ મારાં કર્મનું ફળ છે, પૂર્વજન્મમાં મેં કૈકેયીને દુઃખ આપ્યું હતું તેનું આ ફળ છે, પૂર્વજન્મમાં કૈકેયી રેણુકા હતી, જમદગ્નિ ઋષિની પત્ની અને પરશુરામની મા.**

હે ઈશ્વર.

જ્ઞાની પુરુષો સુખ દુ:ખનું કારણ બહાર શોધતા નથી મને કોઈ સુખ દુ:ખ આપે છે એ કલ્પના ભ્રામક છે. એવી કલ્પનામાંથી બીજા જીવ પ્રત્યે વેરભાવ જાગશે. સદાસર્વદા મનને સમજાવો. તને જે સુખદુ:ખ થાય છે તારા કર્મનું ફળ છે. રામજીને કર્મનું બંધન નથી. તેઓ તો કર્મથી પર છે. રામજી પોતાની ઈચ્છાથી પ્રગટ થાય છે. જીવ પોતાનાં કર્મનાં બળે કરીને જન્મે છે. પરમાત્મા જ્યારે લીલા કરવા આવે છે. ત્યારે કર્મની મર્યાદામાં રહે છે. જગતને એવો આદર્શ બતાવે છે કે, હું ઈશ્વર છું છતાં હું કર્મની મર્યાદા પાળું છું. આ ભગવાનની લીલા છે. કૈકેયીએ રામને વનવાસ આપ્યો. કૌશલ્યા માને અતિ દુ:ખ થયું ત્યારે રામજી એ માને કહ્યું કે, આ મારાં કર્મનું ફળ છે. પૂર્વજન્મમાં મેં કૈકેયીને દુ:ખ આપ્યું હતું તેનું આ ફળ છે. મેં પરશુરામ અવતારમાં જે કર્યું હતું તે રામાવતારમાં ભોગવવાનો વખત આવ્યો. પૂર્વજન્મમાં કૈકેયી રેણુકા હતી, જમદગ્નિ ઋષિની પત્ની અને પરશુરામની મા. એક વખત રેણુકાને મનમાં વિચાર આવ્યો કે, ગંધર્વ કન્યા જેવું સુખ મને મળ્યું નહીં. આમ મનથી વ્યભિચાર થયો તે ઋષિ જમદગ્નિના જાણવામાં આવ્યું. તેમણે પરશુરામને કહ્યું કે, તારી મા પાપી છે, તેને મારી નાંખ. પરશુરામને આજ્ઞા થઈ તેથી તેણે માને મારી નાખી. રામજી કૌશલ્યાને સમજાવે છે કે, પૂર્વજન્મમાં મેં માને દુ:ખ આપ્યું, તેથી આ જન્મમાં મને કૈકેયી મા દુ:ખ આપે છે. મહાત્માઓ તો ત્યાં સુધી કહે છે કે, રામે રામાવતારમાં જે વાલીને માર્યો તે જ વાલી શ્રીકૃષ્ણાવતારમાં પારધી થઈને આવ્યો અને ભગવાનને બાણ મારેલું. કરેલાં કર્મનું ફળ ભોગવવું પડે છે. આખી રાત લક્ષ્મણજી અને ગુહક વચ્ચે આ પ્રમાણે વાતો થઈ. બ્રાહ્મ મુહૂર્તમાં રામજી સ્નાન કી શિવ પૂજન કરે છે. રઘુનાથજી બતાવે છે કે, હું ઈશ્વર છું છતાં શિવપૂજન કરું છું. ગૃહક ઘરે જવા ના પાડે છે રામજી કહે છે,સારું ચિત્રકૂટમાં હું નિવાસ કરું અને પછી તમે ઘરે જજો. ભગવાન ધીમે ધીમે પ્રયાણ કરે છે. પછી પ્રયાગરાજ પધાર્યા છે. ત્યાં ભરદ્વાજ મુનિનો આશ્રમ છે. દ્વાજને કાનમાં ભરી રાખે તે ભરદ્વાજ.દ્વાજ એટલે ગુરશિષ્યનો બોધ. તમે ભરદ્વાજ થશો તો તમારે ત્યાં પરમાત્મા આવશે. રામ, સીતા, લક્ષ્મણ ભરદ્વાજ મુનિના આશ્રમમાં આવ્યા. બીજા ઋષિઓને ખબર પાત્ર પણ આવ્યા છે. ભરદ્વાજ મુનિ કહે છે કે, આજ સુધી જે સાધન કર્યું તેનું ફળ મને મળી ગયું સમર સાધનનું ફળ ભગવાનનાં દર્શન. ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કર્યા વગર જીવન સફળ થતું નથી. એક રાત્રિ પ્રભુએ ત્યાં મુકામ કર્યો. બીજે દિવસે પ્રભુ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં આવ્યા. વાલ્મીકિએ રામકથા સમાધિ ભાષામાં લખી છે. રામજીનું પ્રાગટ્ય થતાં પહેલાં વાલ્મીકિએ રામાયણ લખ્યું છે.વાલ્મીકિ આદિ કવિ છે. વાલ્મીકિના મુખમાંથી પહેલો શ્લોક નીકળ્યો. તે પહેલાં જગતમાં શ્લોક ન હતો.આ આદિ શ્લોક છે. એક પારધીએ ક્રૌંચને બાણ માર્યું. વાલ્મીક આ દશ્ય જોઈ બહુ વ્યાકુળ થયા અને પારધીને ઠપકો આપ્યો. એ ઠપકા નો શ્લોક તે વિશ્વનો પહેલો શ્લોક છે,આદિ કવિતાનું એ મંગલ પ્રભાત છે. વાલ્મીકિના આશ્રમમાં શ્રીરામ, લક્ષ્મણ, જાનકીજી પધાર્યા. રામચંદ્રજીએ વાલ્મીકિની સ્તુતિ કરી ત્યારે વાલ્મીકિ કહે, આ તો સત્સંગનું ફળ છે. પહેલાં વાલિયો ભીલ હતો અને લૂંટફાટનો ધંધો કરતો, પણ નારદજીના સત્સંગથી મારું જીવન સુધરી ગયું. નારદજીએ મને પૂછ્યું કે, તું કોના માટે પાપ કરે છે? મેં જવાબ આપ્યો કે, મારા કુટુંબ માટે! ત્યારે નારદજીએ મને કહ્યું કે, તારા આ પાપમાં તારા કુટુંબના સભ્યો ભાગીદાર થશે? મેં જવાબ આપ્યો કે, કેમ નહીં? નારદજીએ કહ્યું, જા, પૂછીને ખાતરીનો કર! હું ઘરે ગયો. મેં મારી પત્ની અને પુત્રોને પૂછ્યું કે, હું જે પાપ કરું છું તેમાં તમે ભાગીદાર ખરાં કે નહીં? તો બધાંએ જવાબ આપ્યો કે, પાપ કરે તે ભોગવે. અમારે શું? આ સાંભળી મારો મોહ નષ્ટ થયો! પછી મને નારદજીએ રામ નામનો મંત્ર આપ્યો. મારા જેવા પાપીના મુખમાંથી રામ રામને બદલે મરા મરા શબ્દ નીકળવા લાગ્યો. છતાં પ્રભુએ મારા ઉપર કૃપા કરી. મારો ઉદ્ધાર થયો. જેના ઉપર કૃપા કરી આપ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી દો છો તે જ આપને જાણી શકે છે અને આપને જાણ્યા પછી તે આપનું સ્વરૂપ બની જાય છે. તુલસીદાસજીએ રામાયણમાં પૂર્ણ અદ્વૈતનું વર્ણન કર્યું છે. ભક્ત અને ભગવાનમાં અંતે કંઈ ભેદ રહેતો નથી. પ્રભુએ વાલ્મીકિ ઋષિને પૂછ્યું કે, અમારે વનમાં ક્યાં નિવાસ કરવો? કોઈ સ્થાન બતાવોત્યારે વાલ્મીકિ કહે છે, જેના કાન સમુદ્ર સમાન છે, એવા સમુદ્ર સમાન કે જેમાં તમારી કથારૂપી સેંકડો નદી ઓ સખત ઠલવાતી રહે છે છતાં જે કદી છલકાતો નથી એવા ભક્તના હૃદયમાં તમારો વાસ છે. જેના હૃદયમાં કામ, ક્રોધ, મદ, મોહ, અભિ માન,લોભ, રાગ દ્વેષ, દંભ કે કપટ વગેરે નથી તમારો વાસ છે.જે સૌને તેને સરખાં છે, જે સત્ય અને પ્રિય વચન બોલનારો છે અને જાગતાં ઊંચતા તમણ શરણાગતિ છે, તમારા સિવાય જેની બીજી ગતિ નથી તેના હૃદયમાં તમારો વાસ છે. પરસ્ત્રીને જે માતાસમી ગણે છે, પરદુ:ખે જે દુ:ખી છે, અને પરસુખે જે સુખી છે અને જેને તમે પ્રાણ સમ પ્યારા છો,જેનાં માતા પિતા, સખા, સ્વામી અને ગુરુ તમે છો તેના મનમંદિરમાં પ્રભુ તમારો વાસ છેતે હું જાણું છું. તમે બે ભાઈઓને સીતાજી ત્રણે ત્યાં વસો! ભગવાન નો વાસ ભક્તોના અંતરમાં છે. એ ભક્તોનાં લક્ષણો વાલ્મીકિએ અહીં બતાવ્યાં છે. આ લક્ષણો જેનામાં હોય તેની અંદર રામજી વસશે.પછી વાલ્મીકિ કહે છે, મહારાજ, તમે કહો છો, મને રહેવાની જગ્યા બતાવો. તો આપ ક્યાં નથી? તમારી આ લીલા છે. એટલે હું આપને સ્થાન બતાવું છું. ચિત્રકૂટ પર્વત ઉપર આપ બિરાજો! ચિત્ત એ ચિત્રકૂટ છે. અંતઃકરણ પરમાત્મા સ્વરૂપનું સતત ધ્યાન કરે ત્યારે તેને ચિત્ત કહે છે. ચિંતન કરવું ચિત્તનો ધર્મ છે. નિશ્ચય કરવો એ બુદ્ધિનો ધર્મ છે, સંકલ્પ-વિકલ્પ કરવા એ મન નો ધર્મ છે. એક જ અંતઃકરણના આ ભેદો છે. આજ્ઞા નથી, પાપ થાય છે. અજ્ઞાન ચિત્તમાં છે અને ચિત્તમાં જો પરમાત્મા આવે તો જીવ કૃતકૃત્ય થાય છે. લક્ષ્મણ વૈરાગ્ય છે,સીતાજી પરા ભક્તિનું સ્વરૂપ છે.રામ એ પરમાત્મા છે.રઘુનાથજી મંદાકિનીના કિનારે પધાર્યા છે. અત્રિઋષિનો ત્યાં આશ્રમ છે. અત્રિઋષિ વયોવૃદ્ધ થયા હતા. તેનો ગંગાસ્નાનનો નિયમ હતો, પણ ગંગાસ્નાન માટે જઈ શકાતું નહોતું તેથી અનસૂયાએ ગંગાજીને પ્રાર્થના કરી કે, તમે મારા આશ્રમ માં પ્રગટ થાવ અને ગંગાજી ત્યાં પ્રગટ થયાં છે. તુલસીદાસજીને ચિત્રકૂટના ઘાટ પર રઘુનાથજીનાં દર્શન થયાં છે. તુલસીદાજી ચંદન થશે છે અને રામજી તિલક કરે છે.પણ તુલસી દાસજીને ખબર નથી. ત્યારે હનુમાનજી એમને એક દુહો બોલી ચેતવે છે. રામજી આપણા ચિત્તમાં આવે તો આપણો ચિત્રકૂટ પવિત્ર થાય. રઘુનાથજી ચિત્રકૂટ આવ્યા છે તે ખબર પડતાં ભીલ, કિરાત વગેરે લોકો રામચંદ્રજીનાં દર્શન કરવા આવે છે. રામનાં દર્શન કરતાં જડ ચેતન બને છે. રામજીનાં દર્શન માત્રથી આ વનવાસીઓનો સ્વભાવ બદલાયો. તેઓનું જીવન સુધરી ગયું. તેઓ કહે છે, અહીંના વન, પહાડ, ગુફા અમારા જોયેલાં છે. આપ કહેશો ત્યાં તમને અમે લઈ જઈશું. અમે તમારા સેવકો છીએ. રોજ ઋષિ મુનિઓ ભગવાનનાં દર્શન કરવા આવે છે. રામ ચરિત્રનો એક એક અક્ષર મહા પાતકનો નાશ કરનાર છે. વાચક ચાહક મિત્રો, આપણે હોળી દહનમાં આપણા હૃદય મનની વિકૃતિઓનું દહન કરી રંગોત્સવ ધુળેટી પર્વની ઉજવણી કરી પ્રફુલ્લિત થયા હવે શુભ કાર્યોની શરૂઆત થશે છેલ્લે ભગવદ્ ગીતા જ્ઞાનમાં એવું કહયું છે કે જો તમારા સંકલ્પો મજબુત હશે તો જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરવું હવે અશક્ય નથી. માત્ર મહાન સંકલ્પો જ મહાન લક્ષ્યોની સિદ્ધિ તરફ દોરી જાય છે. ઠરાવ માં મહાન શક્તિ છે. સંકલ્પના બળ પર જ વાંદરાઓ સમુદ્ર પર સેતુ સ્થાપિત કરી શક્યા અને નિશ્ચયના બળ પર જ પાંડવોએ મહાભારતનું યુદ્ધ જીત્યું. જો સંકલ્પ સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે. જેટલી વાર આપણા નિર્ણયો બદલાતા રહે છે, તેટલી જ આપણી સફળતા પર અસર થશે. આ ધરતી પર મહા પુરુષો દ્વારા જે પણ સર્જન થયું છે તે સાનુકૂળ સંજોગોને કારણે નહીં પરંતુ માત્ર નિશ્ચયની શક્તિને કારણે થયું છે. નિશ્ચય સાથે મજબૂત બનો, કોઈ પણ કાર્ય અશક્ય નથી.






# બંગાળ ૧૯૪૭નું ટ્રેલર રિલીઝ

## ટ્રેલર રિલીઝ થતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઇ ગયુ છે, દેવોલીના ભટ્ટાચાર્જી આ ફિલ્મમાં લીડ રોલમાં

અપકમિંગ પિરીયડ ડ્રામા ફિલ્મ બંગાળ ૧૯૪૭: એન અનટોલ્ડ લવ સ્ટોરીનું ટ્રેલર મેકર્સે રિલીઝ કરી દીધુ છે. દેવોલીના ભટ્ટાચાર્જી સ્ટારર આ ફિલ્મમાં રોમાન્સ અને ઐતિહાસિકની ઉથલ-પાથલનને બહુ સારી રીતે પેશ કરવામાં આવી છે. લેખક-નિર્દેશક આકાશાદિત્ય લામા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં ૧૯૪૭ના બંગાળમાં લઈ જાય છે જે ભારતના વિભાજનની સ્મૃતિમાં અંકિત છે. આ ઉથલ-પાથલથી ભરેલી પૃષ્ઠભુમિથી એક અનોખી પ્રેમ કહાની સામે આવી છે જે વિભાજિત ભૂમિની જટિલતાઓથી ભરપૂર છે. આ વસ્તુ ટ્રેલરમાં જોવા મળી રહી છે. આ મુવીનું ટ્રેલર દર્શકોને ખૂબ પસંદ પડી રહ્યુ છે. દેવોલીના ભટ્ટાચાર્જી જે બંગાળ ૧૯૪૭થી ફિલ્મી કરિયરની શરૂઆત કરવા માટે તૈયાર છે. એક્ટ્રેસ ખુલાસો કરતા કહ્યું કે એવા અનેક કારણો હતા જેના કારણે હું આ ફિલ્મમાં રોલ કરવા માટેના પાડી શકી નહીં. આ ફિલ્મના કારણે નિર્દેશક આકાશાદિત્ય લામાથી ફરી મળી જેમની સાથે મને કરિયરની શરૂઆતમાં એમના નાટક મોહેં જો દડોમાં સહયોગ કરવાનું સૌભાગ્યા મળ્યુ હતુ. આ સિવાય મને અનેક રીતે પ્રેરિત કરી છે. દેવોલીના ભટ્ટાચાર્જી ફિલ્મએ બંગાળ ૧૯૪૭ના વિષય પર વાત કરતા કહ્યું કે આ ફિલ્મ વિભાજનની ભયાવહ અરાજકતાની વચ્ચે પ્રેમની સ્થાયી શક્તિની ખોજ કરતા એક દ્રશ્યની ઉત્કૃષ્ટ કૃતિ હોવાનો વાદો કરે છે. જ્યારે દર્શકોએ પહેલાં વિભાજન પર પ્રેમ કહાનીઓ અને ઐતિહાસિક નાટક જોયા હશે, પરંતુ આ ફિલ્મ અનેક રીતે અલગ છે. આ ફિલ્મને જોયા પછી એક અલગ અનુભવ થશે. ફિલ્મ બંગાળ ૧૯૪૭ મનોરંજનની સાથે-સાથે આ વિષય પર તમને વધારે વિચારવા માટે મજબૂર કરી દેશે. આ ફિલ્મ ૨૯ માર્ચના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. સંગીત સ્કોર અભિષેક રે દ્વારા રચિત છે. ફિલ્મમાં દેવોલીના સિવાય સોહેલા કપૂર, ઓંકાર દાસ માનિકપુરી, આદિત્ય લાખિયા, અનિલ રસ્તોગી, પ્રમોદ પવાર, અંકુર અરમામ, સુરભિ શ્રીવાસ્તવ, ફલક રાહી, વિક્રમ ટીડીઆર અને અતુલ ગંગવાર પણ છે. આમ, તમને જણાવી દઈએ કે બંગાળ ૧૯૪૭: એન અનટોલ્ડ લવ-સ્ટોરી નિર્માતા સતીશ પાંડે, આકાશાદિત્ય લામા અને ઋષભ પાંડેના નેતૃત્વમાં કોમ્ફેડ પ્રોડકશન્સ પ્રાઈવેટ લિમિટેડ અને થિંક ટેક ગ્લોબલની વચચે એક સહયોગ છે.

# એપોક્લિપ્ટોએ બોક્સ ઓફિસ પર ૧૦૦૦ કરોડનું કલેક્શાન કર્યું હતું



## આ ફિલ્મને માત્ર સિનેમાપ્રેમીઓ માટે જ નહીં પરંતુ ઈતિહાસનો અભ્યાસ કરનારાઓ માટે પણ એક સંદર્ભ તરીકે જોઈ શકાય છે

વર્ષ ૨૦૦૬માં રિલીઝ થયેલી આ ફિલ્મ માયન સભ્યતા પર આધારિત છે. હૃતિક રોશન અને પૂજા હેગડેની 'મોહેંજદરો' પણ એક સંસ્કારી ફિલ્મ હતી પરંતુ તે ફ્લોપ રહી હતી. પરંતુ આ ફિલ્મ માત્ર પોતાના દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ સફળ થઈ. શું તમે આ ફિલ્મ વિશે જાણો છો? ના, તો અમે તમને જણાવીએ છીએ. ઓસ્કાર માટે ૩ કેટેગરીમાં નોમિનેટ થયેલી આ ફિલ્મ દરેક સિનેમા પ્રેમીએ જોવી જોઈએ. આ ફિલ્મને માત્ર સિનેમાપ્રેમીઓ





માટે જ નહીં પરંતુ ઈતિહાસનો અભ્યાસ કરનારાઓ માટે પણ એક સંદર્ભ તરીકે જોઈ શકાય છે. આ ફિલ્મનું નામ 'એપોક્લિપ્ટો' છે. આ ફિલ્મ વર્ષ ૨૦૦૬માં રિલીઝ થઈ હતી. જેનું નિર્દેશન મેલ ગિબ્સન દ્વારા કરવામાં આવ્યું હતું. ગિબ્સને વર્ષ ૧૯૯૫માં 'બ્રેવહાર્ટ' નામની ફિલ્મ બનાવી હતી. આ માટે તેને શ્રેષ્ઠ દિગ્દર્શક અને શ્રેષ્ઠ પિક્ચરનો ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. 'એપોક્લિપ્ટો'માં રૂડી યંગબ્લડે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ તેની બીજી ફિલ્મ હતી. આ ફિલ્મ માટે તેમને શ્રેષ્ઠ અભિનેતાનો પ્રથમ અમેરિકન ઈન ધ આર્ટ એવોર્ડ મળ્યો હતો. રૂડીએ પોતાની ૧૫ વર્ષની કારકિર્દીમાં માત્ર ૮ ફિલ્મો કરી છે. ફિલ્મની વાત કરીએ તો તે ડિસેમ્બર ૨૦૦૬માં રિલીઝ થઈ હતી. આ હોલિવૂડ ફિલ્મનું શૂટિંગ ગાઢ જંગલોમાં કરવામાં આવ્યું છે. તે આપણને માયન સંસ્કૃતિના યુગમાં લઈ જાય છે, જ્યાં શાસક પ્રજા પર જુલમ કરે છે. સુશાસન માટે અને સત્તામાં રહેવા માટે માનવ બલિદાન જેવી પરંપરાઓનું પાલન કરે છે. પછી માનવ બલિદાન માટે પકડાયેલા લોકોમાંથી એક કિલ્લામાંથી ભાગી જવામાં સફળ થાય છે. સૈનિકો તેને પકડવા જંગલોમાં દોડે છે. તે ઘણી વખત મરતા બચે છે અને અંતે તમામ સૈનિકોને મારી નાખવામાં સફળ થાય છે. પોતાના પરિવારનું રક્ષણ કરે છે. રિપોર્ટ અનુસાર, 'એપોક્લિપ્ટો'નું બજેટ ૪૦ મિલિયન ડોલર હતું, જે આજની તારીખે ૩૩૪ કરોડ રૂપિયા બરાબર છે. તેણે ૧૨૦.૭ મિલિયન ડોલર એટલે કે ૧ હજાર કરોડ રૂપિયાથી વધુ કલેક્શન કર્યું હતું. તમે એમેઝોન પ્રાઈમ વીડિયો પર ફિલ્મ જોઈ શકો છો.

# બચ્ચન પરિવાર પોતાના બંગલામાં ધૂમધામથી હોળી રમ્યા

## અમિતાભ બચ્ચન-જયા બચ્ચનની ભાણેજ નવ્યા નવેલી નંદાએ પણ હોલીના જશ્નની શાનદાર તસવીરો શેર કરી છે

નવ્યા નવેલી નંદાએ ઈંસ્ટાગ્રામ પર હોળી સેલિબ્રેશન બાદ અમુક તસ્વીરો શેર કરી છે. તસ્વીરોમાં રંગબેરંગી પિચકારીઓ, રંગા-ગુલાલ સહિત પકવાનોની ઝલક બતાવી છે. નવ્યાએ નાના-નાની સાથે એક મનમોહક તસ્વીર પણ શેર કરી છે. જેમાં અમિતાભ-જયા રંગો સાથે હોલી રમી રહ્યા છે. ફોટોમાં જયા પિચકારી સાથે રમતા જોવા મળે છે. નવ્યાએ એક અન્ય ફોટોમાં શ્વેતા બચ્ચનના ખોળામાં બેઠેલી જોવા મળે છે. તેમણે હોળીના દિવસે ઘરે બનાવેલા પકવાનોની ઝલક બતાવી છે. નવ્યાએ નાની જયા બચ્ચનની એક શાનદાર



તસ્વીર શેર કરી છે, જેમાં તે ધનુષના આકારની પિચકારી ચલાવી રહી છે. બિગ બીએ ખાસ અવસર પર પોતાના બ્લોગ પર હોળી સાથે જોડાયેલી યાદો શેર કરી છે. અમિતાભે બ્લોગમાં હોળીની



શુભકામનાઓ આપતા લખ્યું છે કે, તેમને યાદ નથી કે પ્રતીક્ષા બંગલામાં તેઓ કેટલી વાર હોળી સેલિબ્રેટ કરી ચુક્યા છે. બચ્ચન પરિવાર દરેક તહેવારને પરિવાર સાથે ધૂમધામથી ઉજવે છે. બચ્ચન પરિવારમાં



ડખો હોવાની અફવાઓ સામે આવતી રહી છે, પણ હોળી દહનના અવસર પર ઐશ્વર્યા અને અભિષેક બચ્ચન એક સાથે જ હતા. આ ઉપરાંત જયા અને ઐશ્વર્યા વર્ષો બાદ એક સાથે જોવા મળ્યા હતા.

### ગળામાં પહેરેલા પેન્ડન્ટે ખોલ્યા અનેક રાઝ

# શ્રદ્ધા કપૂર અને રાહુલ મોદીની રિલેશનશીપ છે એ કન્ફર્મ થયું



## શ્રદ્ધાએ રિલેશનશિપની ઓફિશિયલ કરી દીધા છે, આ પોસ્ટ પર ફેન્સ અનેક પ્રકારની કોમેન્ટ્સ કરી રહ્યા છે

શ્રદ્ધા કપૂર આ દિવસોમાં એની ફિલ્મોથી વધારે રિલેશનશિપને લઈને સતત ચર્ચામાં છે. જો કે એક્ટ્રેસે રૂમર્ડ બોયફ્રેન્ડ રાહુલ મોદીની સાથે સ્પોટ થઈ છે. જો કે બન્નેએ એમના સંબંધો પર ઓફિશિયલ કોઈ કન્ફોર્મેશન આપ્યુ નથી, પરંતુ શ્રદ્ધા કપૂરની લેટેસ્ટ પોસ્ટ જોઈને ફેન્સ હેરાન થઈ ગયા છે. આ પોસ્ટ જોઈને ફેન્સ કહી રહ્યા છે કે શ્રદ્ધાએ રિલેશનશિપની ઓફિશિયલ કરી દીધા છે. આ પોસ્ટ પર ફેન્સ અનેક પ્રકારની કોમેન્ટ્સ કરી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી પોસ્ટમાં શ્રદ્ધા કપૂરે આરામદાયક પર્પલ કલરનો નાઈટ ડ્રેસ પહેર્યો છે અને તસવીર શેર કરી છે. એક ફોટામાં અલગ-અલગ એક્સપ્રેશન આપી રહી છે, પરંતુ એના ગળામાં પહેરેલુ 'R' અક્ષરનું નેકલેક લોકોનું ધ્યાન ખેંચી રહ્યુ છે. આ તસવીરોની સાથે કેપ્શનમાં લખ્યુ છે કે "કંઈ નહીં, રવિવાર છે, તેથી હું કંઈ નથી કરી રહી." આ તસવીરો





જોઈને ફેન્સ અનેક પ્રકારની કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ પોસ્ટ શેર કરતા ફેન્સે સવાલ પૂછવાનો શરૂ કરી દીધો છે. એક યુઝર્સે લખ્યુ છે કે આર પાછળ શું રાઝ છે એ વિશે જણાવો. આ સાથે બીજા યુઝર્સે લખ્યુ છે કે આ આરથી રાહુલ મોદી કન્ફોર્મ છે. જ્યારે ત્રીજા યુઝર્સે લખ્યુ છે કે આરનો મતલબ શું થાય છે. આમ, એક પછી એક એમ અનેક યુઝર્સ કોમેન્ટ્સ કરી રહ્યા છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૨માં જ્યારે શ્રદ્ધાના ફોટોગ્રાફર રોહન શ્રેષ્ઠની સાથે બ્રેકઅપ થયુ ત્યારે મુલાકાત રાહુલ સાથે થઈ. રાહુલનો જન્મ મુંબઈમાં થયો છે. આ સાથે સ્ટડી પણ મુંબઈમાં કરી છે. વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યૂટમાંથી સ્ટડી કરી છે. વર્ષ ૨૦૧૧ની ફિલ્મ પ્યાર કા પંચનામાના સેટ પર ઈન્ટર્નશીપમાં આકાશ વાણી જેવા અન્ય પ્રોજેક્ટસ પર એક સહયોગી નિર્દેશકના રૂપમાં કામ કર્યું છે. રાહુલના પિતા આમોદ એક બિઝનેસમેન છે. આમ, શ્રદ્ધા કપૂરની વાત કરવામાં આવે તો એક્ટ્રેસ શક્તિ કપૂર અને શિવાંણી કોલ્હાપુરીની દીકરી છે, જેને હાફ ગર્લફ્રેન્ડ, એક વિલન, સાહો, આશિકી ૨ અને તૂ ઝૂઠી મેં મક્કારમાં જાણીતી છે. શ્રદ્ધાનો ફેન ફોલોઈંગ વર્ગ બહુ મોટો છે. શ્રદ્ધા કપૂરની સ્માર્ટનેસ જોઈને અનેક લોકો ફિદા થઈ જાય છે. શ્રદ્ધાનો સિમ્પલ લુક પણ ફેન્સને ખૂબ પસંદ પડે છે.

### એક જ નામથી બની ૨ ફિલ્મો

# એકે જીત્યો નેશનલ એવોર્ડ તો ૩૭ વર્ષ પછી બનેલી બીજી ફિલ્મે કંગાળ કર્યા

બોલીવુડમાં મોટા ભાગે એવું જોવા મળે છે કે, જો કોઈ ફિલ્મ હિટ થઈ જાય તો મેકર્સ તે જ નામથી ફરી વાર ફિલ્મ બનાવી પહેલી ફિલ્મની સફળતાને બોક્સ ઓફિસ પર ફરી વાર રિપીટ કરવા માગે છે. જો કે, ઘણી વાર આ પ્રયોગ સફળ થાય છે, તો ઘણી વાર નિરાશા હાથમાં લાગે છે. આવું જ કંઈક ૨૦૦૧માં આવેલી ફિલ્મ યાંદેની સાથે થયું હતું. આ જ નામ પર ૩૭ વર્ષ પહેલા પડદા પર એક બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ આવી હતી, જેના નામે સિનેમાના ઈતિહાસમાં સ્વર્ણ અક્ષરોએ લખાયેલું છે. આ ફિલ્મે નેશનલ ફિલ્મ એવોર્ડ જીતવાની સાથે સાથે પોતાના નામે વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો




છે. વર્ષ ૧૯૬૪માં સુનીલ દત્ત સ્ટારર ફિલ્મ યાદે આવી હતી. આ બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મનું નિર્દેશન અને નિર્માણ સુનીલ દત્તે કર્યું હતું. આ ફિલ્મમાં નરગિસ દત્તની એક ઝલક જોવા મળી હતી. શોર્ટ રનિંગ ટાઈમના કારણે આ ફિલ્મે દર્શકો પર જબરદસ્ત પ્રભાવ પાડ્યો હતો. આ ફિલ્મનું નામ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલું છે. સુનીલ દત્તની યાદે ભારતીય સિનેમાના ઈતિહાસમાં એક જ એક્ટરવાલી આટલી લાંબી પહેલી ફિલ્મ હતી. ૩૭ વર્ષ બાદ સુભાષ ઘઈએ આ જ નામથી ફરી વાર ફિલ્મ બનાવવાનો નિર્ણય લીધો અને તેમણે પોતાની ફિલ્મમાં જૈકી શ્રોફ, ઋતિક રોશન અને કરીના કપૂરને કાસ્ટ કરી હતી. સુભાષ ઘઈ ફિલ્મની શરુઆતમાં જૈકી શ્રોફ અને કરીના કપૂર સંગ ફિલ્મ બનાવવા માગતા હતા પણ ઋતિક રોશનની પોપુલેરિટીને જોતા તેમણે ફિલ્મની કહાનીમાં ફેરાફાર કરતા તેને એક પ્રેમ કહાનીનું સ્વરુપ આપી દીધું. સુભાષ ઘઈના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મનું બોક્સ ઓફિસ પર ખરાબ હાલત થઈ ગઈ હતી. યાદે વર્ષ ૨૦૦૧ની સૌથી મોટી ફ્લોપ ફિલ્મોમાં સામેલ હતી.

# સુહાના ખાન સોશિયલ મિડીયામાં સુપર એક્ટિવ

બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાનની દીકરી સુહાના ખાન સોશિયલ મિડીયામાં સુપર એક્ટિવ રહે છે. સુહાનાનો ફેન ફોલોઈંગ વર્ગ બહુ મોટો છે. સુહાના ખાનની દરેક તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થતી હોય છે. સોશિયલ મિડીયાથી સુહાના ખાન ફેન્સને અનેક પ્રકારની જાણકારી આપતી રહી છે. જો કે હાલમાં આઈપીએલ ૨૦૨૪માં સુપરસ્ટાર શાહરુખ ખાનની ટીમ કેકેઆરે એસઆરએચ સામે પહેલી જીત હાંસિલ કરી લીધી છે. જો કે ત્યાથી સુહાના ખાનની આ તસવીરો સોશિયલ મિડીયામાં લીક થતી રહી છે જેમાં સુહાના ખાન એના ગુડ લુક્સ ફેન્સને સાથે ફ્લોન્ટ કરતી જોવા મળી. સોશિયલ મિડીયામાં અદાકાર સુહાના ખાનની લેટેસ્ટ તસવીરો સામે આવી છે જેમાં એક્ટ્રેસ સુપર હોટ લાગી રહી છે. આ તસવીરો હાલમાં વાયરલ થઈ રહી છે. મળતી માહિતી અનુસાર સુહાના ખાને હાલમાં લેટેસ્ટ ફોટોશૂટ કરાવ્યુ છે જેમાં એ હોટ જોવા મળી રહી છે. સામે આવેલી તસવીરોમાં સુહાના ખાન હેલ્ધી સ્કિન ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. આ તસવીરો ફેન્સ ખૂબ પસંદ કરી રહ્યા છે. સુહાના ખાનના એક-એક પોઝ તમને એક નજરે ગમી જાય એવા છે.



# હલ્દી સેરેમની કૃતિ-પુલકિતે મુલતાની માટી લગાવી

## તસવીરમાં પુલકિતને તમે મસ્ત સ્માઇલ આપતો જોઇ શકો છો, આ તસવીર જોતાની સાથે તમને ગમી જશે

બોલિવૂડ ફિલ્મ સ્ટાર કૃતિ ખરબંદા અને પુલકિત સમ્રાટના થોડા દિવસો પહેલાં લગ્ન થયા. લગ્ન બાદ આ કપલની અનેક તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. વેડિંગ આલબમની તસવીરો બહુ મસ્ત છે. ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે આ તસવીરો છવાઈ જાય છે. કપલે હલ્દી



સેરેમનીમાં હલ્દીનો નહીં, પરંતુ મુલતાની માટીથી રસ્મ પુરી કરી હતી. ફિલ્મ સ્ટાર પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાની હલ્દી સેરેમનીની તસવીરો લોકો માટે ખાસ બની ગઈ છે. બન્નેએ હલદી સેરેમની દરમિયાન મુલતાની માટીનો ઉપયોગ કર્યો હતો. આમ કહી શકાય કે કપલની અનોખી હલ્દી સેરેમની થઈ છે. ફિલ્મ સ્ટાર પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદા એમની સ્કિનની કેર વધારે કરે છે, જેના કારણે એક્ટ્રેસે મુલતાની માટીનો ઉપયોગ કર્યો છે. પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાની સામે આવેલી તસવીરો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. જેમાં ફિલ્મ સ્ટાર પુલકિત સમ્રાટ પર મિત્રોએ મુલતાની માટીથી અટેક કર્યો હતો. આ તસવીરમાં પુલકિતને તમે મસ્ત સ્માઈલ આપતો જોઈ શકો છો. આ તસવીર જોતાની સાથે તમને ગમી જશે. જો કે આ પહેલાં કપલની સંગીત સેરેમનીની તસવીરો પણ વાયરલ થઈ હતી. સંગીત સેરેમનીની તસવીરો પણ ફેન્સને ખૂબ પસંદ પડી હતી.સંગીત સેરેમનીમાં



કૃતિએ ઢોલ પર બેસીને મસ્ત અંદાજમાં ડાન્સ કર્યો હતો. આ તસવીરોએ લોકોનું દિલ જીતી લીધુ છે. કૃતિ અને પુલકિત દરેક તસવીરોમાં એકબીજાના પ્રેમમાં ડુબેલા જોવા મળી રહ્યા છે. પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાની લગ્નની તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાએ ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ ગુડગાંવમાં નજીકના દોસ્તો અને પરિવારની વચ્ચે લગ્નના બંધનમાં બંધાયા છે. જાન્યુઆરીમાં પુલકિત અને કૃતિના એન્ગેજમેન્ટની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. તેને ઈન્સ્ટાગ્રામ પર એક યુઝરે શેર કરી હતી. પુલકિતે આ ફોટોને પોતાની સ્ટોરી પર પણ શેર કરી હતી. આ તસવીરોમાં કપલના હાથમાં રિંગ જોવા મળી હતી. પરંતુ બંનેએ આ સમાચારને ઓફિશિયલી કન્ફર્મ કર્યા હતાં. ઉલ્લેખનીય છે કે પુલકિત સમ્રાટના આ બીજા લગ્ન છે. આ પહેલાં વર્ષ ૨૦૧૪માં શ્વેતા રોહિરા સાથે પુલકિતે લગ્ન કર્યા હતા, જેમને વર્ષ ૨૦૧૫માં તલાક લીધા હતા.



# કાંકરેજ તાલુકાના થરા તાણા, વડા સહિત નગર ગામડાંઓમાં હોળી-ધુળેટી પર્વની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૬ ।

કાંકરેજ તાલુકાના થરા,તાણા, વડા સહિત નગર ગામડાંઓમાં ઠેર ઠેર જગ્યાએ હોળી પ્રગટાવવાનુ આયોજન કરવામાં આવેલ આમ તો જોવા જઈએ તો હિંદુ ધર્મમાં રાજસ્થાનમાં હોળીનું ખૂબ મહત્વ છે .જૂની પરંપરા મુજબ ગાય ભેંસના છાણમાંથી છાણા બનાવી નગર ગામમાં મહોલ્લા સોસાયટી કે ગામના પાદરે છાણાનો ઢગલો કરી ઢગલા પર ધજા રાખી હોળી પ્રગટાવીમાં આવે છે અને ત્યાં નવોઢા વર વધુ ,નાના બાળકોની જેમ્ભ ઢુંઢ,વ્રત ધારી નર નારી સૌ કોઈ હોળીના દર્શન કરી,પગે લાગી ધન્યતા અનુભવે છે. બીજા દિવસે એટલે સોમવારે ફાગણ વદ એકમ ધુળેટી રંગોત્સવ પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. હોળીનું શું મહત્વ હોય છે એ આવો જાણીએ.. હિરણ્યકશ્યપ નામે રાજા... જાણે દૈત્યનો અવતાર.. પરંતુ કાદવમાં કમળ.. પુત્ર પ્રભુ ભક્ત પ્રહલાદ... પિતા ભગવાનના વિરોધી.. પુત્ર ભગવાનનો પરમ ભક્ત... બન્ને પોતાની જીદ પર અડગ... પિતા એ પુત્રની જીદ ન છોડાવી શકતા હત્યાના કર્યાના અનેક પ્રયાસ...

પરંતુ આ તો સાચો પ્રભુ ભકત બહેન હોલીકા ની મદદથી હીરણક શ્યપે પ્રહલાદને સળગાવવા કર્યો પ્રયાસ પરંતુ થયુ ઉલ્ટુ હોલીકા થઈ બળીને ભસ્મ અને પ્રભુભકત પ્રહલાદ અગ્નિમાંથી બહાર આવ્યો હસતો રમતો.

પ્રજાજનો એ મનાવ્યો આનંદો ત્સવ ખુશીથી એકબીજા પર ઉડાડયા રંગ અને ગુલાલ બસ કહેવાય છે કે ત્યારથી ફાગનસુદ પુનમના દિનને હોળી તરીકે અને ફાગણ વદ પડવાના દિનને ધુળેટી તરીકે રંગેચંગે અબલા વૃધ્ધ સૌ હોંશે હોંશે ઉજવે છે.હોળીનો તહેવાર પણ અનિષ્ટ પર સારાની જીતની ઉજવણી કરે છે. દુષ્ટતા, અહંકાર, ઈચ્છાઓ અને નકારાત્મ કતાને બાળી નાખવા માટે રંગોના તહેવાર પહેલા દરવર્ષેસાંજે પવિત્ર બોનફાયર પ્રગટાવવામાં આવે છે.હોળી એ બંધન, મિત્રતા, એકતા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનો તહેવાર છે. સાંજનો સમય એ સમય છે જ્યારે બોનફાયરનો પ્રકાશ દુષ્ટતાના અંતનો સંકેત આપે છે. આગલી સવારે રંગો સાથે રમવાનો, મિત્રતા અને ખુશીની ઉજવણી કરવાનો દિવસ છે, જેમાં ઘણું ગાવાનું અને નૃત્ય સામેલ છે. હોળીમાં હૃદય મનની વિકૃતિઓનું દહન કરી બીજા દિવસે સવારથી રંગોત્સવ ધુળેટી પર્વની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવે છે.

### આતરસુંબા ઠાકોરવાસ ખાતે

# રાજમાન રાજેશ્વરી શ્રી તૂળજાભવાની માતાજી નાં મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયો


તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૨૬ ।

કપડવંજ તાલુકાના ઐતિહાસિક નગર આતરસુંબા ખાતે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ હોળી ધૂળેટીના પાવન પર્વે ઠાકોરવાસ ખાતે આવેલ રાજ રાજેશ્વરી શ્રી તૂળજા ભવાની માતાજી મંદિર અને શ્રી જોગણી માતાજી મંદિર ખાતે આતરસુંબા સમસ્ત ઠાકોરવાસ અને ગલાબપુરા ક્ષત્રિય ઠાકોર પરમાર સમાજના સર્વે આગેવાનો અને યુવાનો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે તૂળજા ભવાની અને જોગણી માતાજી મંદિરે તોરણ, પુજા અર્ચના, હવન, મહા પ્રસાદી અને રાત્રે જાતર સહિતના ધાર્મિક કાર્યક્રમ આયોજિત કરાયા છે. યજ્ઞના પાટલે બેસી શ્રી મહોબતસિંહ કેશાજી સોલંકીએ પુજા અર્ચના, તોરણ તથા હવનનો લ્હાવો લઈ માતાજીને પ્રાર્થના કરી હતી. સાથે સાથે ધૂળેટી પર્વની સાંજે માતાજીની જાતરનું આયોજન કરવામાં આવેલ. આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન આતરસુંબા ઠાકોરવાસ અને ગલાબપુરા ક્ષત્રિય ઠાકોર પરમાર સમાજના સર્વે વડીલો તેમજ યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આતરસુંબા પૂર્વ સરપંચ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર ગલાબપુરા, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, પૂર્વ ખેડા જિલ્લા ભાજપ મંત્રી શ્રીમતિ રીનાબેન શર્મા, ખેડા જિલ્લા બક્ષીપંચ મોર્ચાના કારોબારી સદસ્ય શ્રી સુરેશભાઈ પરમાર, શ્રી લાલાજી સોલંકી, શ્રી કનુભાઈ પરમાર, શ્રી પ્રભાતભાઈ પરમાર, શ્રી વિનોદભાઈ પરમાર, શ્રી રમેશભાઈ પરમાર, શ્રી દિનેશભાઈ પરમાર, શ્રી મહોબતસિંહ પરમાર, શ્રી ઈન્દુભાઈ પરમાર, શ્રી અમરાજી પરમાર, શ્રી જયંતિભાઈ પરમાર, શ્રી ડાહ્યાભાઈ પરમાર, શ્રી ચંન્દ્રેશભાઈ સુરેશભાઈ પરમાર, શ્રી ભૂપતભાઈ પરમાર, શ્રી અંકેશભાઈ સોલંકી, બાબુભાઈ પરમાર, શ્રી ભલાભાઈ પરમાર, શ્રી પુંજાભાઈ લક્ષ્મણભાઈ પરમાર, શ્રી ચિરાગભાઈ પરમાર, શ્રી અજીતભાઈ પરમાર, શ્રી રમેશભાઈ વેલજીભાઈ પરમાર, શ્રી ગોવિંદભાઈ પરમાર, શ્રી મંગાજી ભીખાજી પરિવાર, શ્રી ગોપાલભાઈ પરમાર, શ્રી બળદેવભાઈ પટેલ, શ્રી નાસિરભાઈ સિંધી, શ્રી મહોબતસિંહ સોલંકી, શ્રી વિપુલભાઈ પટેલ શ્રી અજયભાઈ સુરેશભાઈ પરમાર, શ્રી હર્ષદભાઈ પરમાર, શ્રી મુકેશભાઈ કાંતિભાઈ સોલંકી, શ્રી અરવિંદભાઈ પરમાર, શ્રી અજયકુમાર પરમાર, શ્રી કાભઈ ભાણાભાઈ, શ્રી ભદ્રેશભાઈ પરમાર, શ્રી રાજુભાઈ પ્રતાપભાઈ પરમાર, શ્રી વિજયભાઈ પરમાર, શ્રી પરબતભાઈ પરમાર શ્રી સંજયકુમાર અજીતભાઈ પરમાર, શ્રી ચિરાગભાઈ પરમાર શ્રી સુરેશભાઈ વેલજીભાઈ પરમાર, શ્રી દશરથભાઈ સોલંકી, શ્રી ભૂપતભાઈ સોલંકી, શ્રી અજયભાઈ મસ્તાનભાઈ પરમાર, શ્રી સંજયભાઈ પરમાર, શ્રી અશ્વિનભાઈ પસાભાઈ શર્મા સહિત આતરસુંબા ગામના તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત ઠાકોરવાસ ગલાબપુરાના સર્વે યુવાનો, વડીલો, માતાઓ બહેનો અને બાળકોએ ધાર્મિક કાર્યક્રમનું સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ નાવ્યો હતો.

# અમદાવાદ શહેરના ‘મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન’ અને ‘કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટી’ માં ‘મતદાન જાગૃતિ’ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયા

**યુવા મતદારોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્રના માર્ગદર્શનમાં કરાયું આયોજન**







। અમદાવાદ, તા.૨૬ ।

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં ‘મતદાન જાગૃતિ’ અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરના ‘મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન’ અને ‘કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટી’માં ‘મતદાન જાગૃતિ’ અંગેનો કાર્યક્રમ યોજાયા હતો. જ્યાં યુવાનોમાં મતદાન પર્વના મહત્ત્વ અને મતદાન અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત યુવાનોને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઈન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

ખાસ તો, બંને સંસ્થાનોમાં ઉપસ્થિત ફર્સ્ટ ટાઈમ વોટર બનનારા સૌ યુવાનોએ દેશહિતમાં અચૂક મતદાનના શપથ લીધા હતા. આગામી દિવસોમાં વધુમાં વધુ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં ‘મતદાન જાગૃતિ’ના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન કરે તે દિશામાં અમદાવાદ ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે.

## કડાણા તેમજ દિવડા કોલોની ખાતે ઉજવવામાં આવેલ હોળી ઉત્સવ


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ફાગણ સુદ પૂનમ ને રવિવારના રોજ હોળી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.તેમાં દહન દરમ્યાન લાકડા તેમજ ગૌ કાષ્ટ નો ઉપયોગ કરવામાં આવે છે ત્યારબાદ ધાણી ચણા હાયડા કપૂર તેમજ ગાયના ઘી થી પૂજન કરવામાં આવે છે હોળી પ્રાગટ્ય પછીથી શુભ કાર્યોનો પુનઃ પ્રારંભ થાય છે હોળી દહન બાદ શ્રીફળ લઈ પ્રદક્ષિણા કરી શ્રીફળ હોમવામાં આવે છે જેઓએ ઉપવાસ કર્યો હોય તેઓ પૂજન કરી ઉપવાસ છોડે છે ત્રિશંકુ હોળીની જ્વાળાઓના આધારે વરસાદનો વરતારો નક્કી કરાય છે ઉત્તર દિશામાં જ્વાળાઓના કારણે સારો વરસાદ તેમજ સારું અનાજ પાકવાની શક્યતાઓ આ વર્ષે જણાય છે.

# ઝાલોદ તાલુકાના કદવાલ ગામે “બિરસા મુંડા લાઇબ્રેરી અને વાંચનાલય” સેન્ટરનુ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ તાલુકાના કદવાલ ગામે લાઈબ્રેરી અને વાંચનાલય સેન્ટરનું ઉદ્‌ઘાટન આજરોજ તારીખ ૨૪-૦૩-૨૦૨૪ ના રોજ ભાડાના મકાનમાં કરવામાં આવ્યુ હતુ. પ્રારંભમાં ઉપસ્થિત સૌનું ગમછા પહેરાવી અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મહેમાનોનું ઢોલકુંડી અને થાળી વગાડી આદિવાસી નૃત્ય દ્વારા સ્વાગત થયુ.આ કાર્યક્રમનું પ્રારંભિક ઉદબોદન નિવૃત્ત અધિક કલેક્ટર શ્રી એસ.એસ.બારીયા સાહેબના હસ્તે કરવામાં આવ્યુ. તેમણે પોતાના પ્રારંભિક ઉદબોધનમાં લાઈબ્રેરી નું મહત્વ અને યુવાનોએ વર્તમાન સમયે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી તે બાબતે ઊંડુ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. તેમાં મુખ્ય વક્તા તરીકે પ્રોફે.ડો. સુરેન્દ્ર બારીયા હાજર રહ્યા હતા. તેમણે ભૂતકાળના સંસ્મરણોને વાગોળી આધુનિક સમયમાં યુવાનોએ સ્પર્ધા કઈ રીતે કરવી તેની સમજણ પૂરી પાડી હતી. આ પ્રસંગે આદિવાસી સમાજના રાજકીય, સામાજિક અને સ્પર્ધાત્મક પરીક્ષા આપનાર વડીલો, યુવાનો અને બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના વિચારો પણ રજૂ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગ્રુપ ઓફ બિરસા અને સમગ્ર યુવા ટીમ કદવાલ તરફથી કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં આજુબાજુના પંચાયતના સરપંચો, જગુભાઈ સંગાડા, અલ્કેશભાઈ પ્રજાપતિ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત અરવિંદભાઈ વસૈયા, દયારામભાઈ, બાબુભાઈ ડામોર, વજુભાઈ ડામોર, ડો. ધર્મેશ બારીયા, ભરતભાઈ, દેવેન્દ્રભાઈ મેડા, મનસુખભાઈ કટારા, વિક્રમભાઈ ડામોર, રવિભાઈ, અનિલભાઈ સહિત ખૂબ જ મોટી સંખ્યામાં નામી અનામી તમામ યુવાનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા. બહેનો માંથી શ્વેતાબેન અને કોમલબેન હાજર રહ્યા. ઉપસ્થિત સૌએ આર્થિક સહયોગ કરવાની પણ ખાતરી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડો. ગણેશ નિસરતા એ કર્યુ હતુ. આમ આ સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો.

# મતદાર જાગૃતિ અંગે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર અને રાય યુનિવર્સિટી વચ્ચે થયા MoU




। અમદાવાદ, તા.૨૬ ।

આજનો યુવાન એ આવતીકાલનો જવાબદાર નાગરિક છે. યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા ફર્સ્ટ ટાઈમ વોટર અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત રાય યુનિવર્સિટી સાથે મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગિતા અંગે MoU કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં રાય યુનિવર્સિટીના તમામ વિભાગોમાં ‘મતદાન જાગૃતિ’ના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે. આ MoU અંતર્ગત રાય યુનિવર્સિટીના યુવાનોમાં મતદાન પર્વના મહત્ત્વ અને મતદાન અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે રાય યુનિવર્સિટી-ના ડો. શૈલેષ ઐયર તથા પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં યુવાનોને લોકશાહીના મહાપર્વમાં જાગૃત નાગરિક તરીકે સહભાગી થવા માટે આહ્વાન કરાયું હતું. આ કાર્યક્રમમાં સૌ યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત આગામી દિવસોમાં શહેર-જિલ્લાની વધુમાં વધુ શૈક્ષિણક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં યુવા મતદારોની સક્રિય ભાગીદારી વધે તે સંદર્ભે MoU કરવામાં આવશે. અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન પર્વમાં સહભાગી થાય તે દિશામાં અમદાવાદ ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ધ્યાન રાહત લાવશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે. આજે તમારૂં જીવન એક સુંદર વળાંક લેશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે. બસ પ્રેમ કરતા રહો. આજે નવી ભાગીદારી આશાસ્પદ ઠરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુનું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રૉમેન્ટિક દિવસ બગાડી નાખશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે. આજે જો તમે ખરેખર લાભ મેળવવા માગતા હો તો-અનોય દ્વારા આપવામાં આવતી સલાહને કાને ધરજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો. આ બાબત તમારૂં પારિવારિક જીવન વધુ અર્થપૂર્ણ બનાવશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

### ૧૫ મે ૨૦૨૪થી જ અમલમાં મૂકવામાં આવશે

# કેનેડા વિદેશી સ્ટુડન્ટ્સ માટે બે મહિનામાં નવા નિયમો લાગુ કરશે

## અમુક પ્રકારના પ્રોગ્રામમાં જેમણે ભાગ લીધો હશે તેમને પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ નહીં મળી શકે તેવું સરકારનું કહેવું છે

। (એજન્સી) કેનેડા,તા.૨૬ ।

કેનેડામાં છેલ્લા કેટલાક સમયથી વિદેશી સ્ટુડન્ટ્સ માટે પરિસ્થિતિ બહુ પ્રવાહી છે. નવી નવી ચેલેન્જને પહોંચી વળવા માટે કેનેડા સરકાર વારંવાર તેના નિયમોમાં ફેરફાર કરે છે. આ વખતે પણ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ માટે નવા નિયમો આવવાના છે, પરંતુ આ નિયમોનો અમલ વહેલી તકે થવાનો છે. વિદેશી સ્ટુડન્ટ માટે કેનેડા સરકાર જે નિયમોનો પહેલી સપ્ટેમ્બર, ૨૦૨૪થી લાગુ કરવાની હતી, તેને હવે ૧૫ મે ૨૦૨૪થી જ અમલમાં મૂકવામાં આવશે. તેના કારણે ભારતીય સ્ટુડન્ટ્સ પર ઝડપથી અસર થવાની શક્યતા છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ કેનેડાના ઈમિગ્રેશન વિભાગે જાહેરાત કરી હતી કે પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ માટેના ધોરણોમાં ફેરફાર



થવાનો છે. પબ્લિક-પ્રાઈવેટ કરિક્યુલમ લાઈસન્સિંગ એગ્રીમેન્ટ મારફત જે કોલેજ પ્રોગ્રામ ડિલિવર કરવામાં આવે છે, તે પ્રોગ્રામના ગ્રેજ્યુએટ્સને હવેથી આ પરમિટ નહીં મળે. તેનો અર્થ એ થયો કે ૧૫ મે, ૨૦૨૪ ના દિવસે અથવા ત્યાર પછી જે વિદેશી વિદ્યાર્થીઓ આવા પ્રોગ્રામમાં એડમિશન લેશે તેમને તેમનો અભ્યાસ પૂરો ન થઈ જાય ત્યાં સુધી પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ નહીં મળી શકે. જોકે, તેનો અર્થ એવો નથી કે સ્ટુડન્ટ માટે આ રસ્તો સાવ બંધ થઈ જશે. ઉદાહરણ તરીકે ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ કોઈ પણ એમ્પ્લોયરના એપ્રૂવ્ડ લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ દ્વારા વર્ક પરમિટ માટેની અરજી કરી શકશે. ખાસ કરીને કેનેડામાં જે વ્યવસાયમાં લોકોની અછત હશે તેના માટે આ વાત લાગુ થાય છે. કેનેડિયન સરકારે ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ પ્રોગ્રામમાં સુધારા કર્યા હતા. તેઓ બાકીની તમામ જરૂરિયાતોનું પાલન કરતા હોય ત્યાં સુધી જે સ્ટુડન્ટે માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ પૂરો કર્યો હોય, ભલે તે બે વર્ષ કરતા ઓછો ચાલ્યો હોય, તો પણ તેઓ ત્રણ વર્ષની પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ મેળવી શકશે.

### હાલમાં તેઓ પોતાની મિલ્કતની જપ્તતીમાંથી બચી ગયા છે

# ટ્રમ્પને ૪૫.૪ કરોડ ડોલરના સિવિલ ફ્રોડ કેસમાં રાહત મળી

। (એજન્સી) અમેરિકા,તા.૨૬ ।

અમેરિકાના પ્રેસિડન્ટની ચૂંટણી લડી રહેલા રિપબ્લિકન પાર્ટીના નેતા ડોનાલ્ડ ટ્રમ્પને હાલમાં ૪૫.૪ કરોડ ડોલરના સિવિલ ફ્રોડ કેસમાં રાહત મળી છે. ટ્રમ્પે તાત્કાલિક આટલી રકમના બોન્ડની વ્યવસ્થા કરવાની હતી નહીંતર તેમની સંપત્તિ જપ્ત થાય તેમ હતી. પરંતુ હાલમાં તેઓ મિલ્કતની જપ્તીમાંથી બચી ગયા છે. જોકે, તેના માટે ટ્રમ્પે ૧૦ દિવસની અંદર ૧૭.૫ કરોડ ડોલરના બોન્ડ જમા કરાવવા પડશે. ૪૫.૪ કરોડ ડોલરના બોન્ડની વ્યવસ્થા કરવી ટ્રમ્પ માટે બહુ મુશ્કેલ હતી. હવે હાલ પૂરતી તેમને નિરાંત થઈ



છે. ન્યૂયોર્ક સ્ટેટ ઓથોરિટી દ્વારા ટ્રમ્પની આલિશાન ઈમારતો અને વિશાળ ગોલ્ફ કોર્સ સહિતની એસેટ જપ્ત કરવામાં આવે તેવી શક્યતા હતી. પરંતુ હાલ પૂરતી વાત ટળી ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ એક બાજી અમેરિકન પ્રેસિડન્ટની ચૂંટણી લડી રહ્યા છે ત્યારે બીજી બાજી કોર્ટ કેસમાં ઘેરાયેલા છે. તેઓ અત્યારે નાણાકીય કટોકટીનો સામનો કરે છે ત્યારે બોન્ડની ૪૫ કરોડ ડોલરની રકમ ભરવામાંથી મુક્તિ મળી હોવાથી તેઓ ખુશ છે. તેમણે કહ્યું કે બોન્ડની વ્યવસ્થા કરવા માટે માટે મારી ભવ્ય સંપત્તિને નીચા ભાવે વેચવાની ફરજ પડી હોત. કોર્ટના રુલિંગ પ્રમાણે ટ્રમ્પ એક નિશ્ચિત સમયમર્યાદામાં ૧૭.૫ કરોડ ડોલરના બોન્ડ જમા કરાવશે તો તેમની એસેટ સિઝ કરવામાં નહીં આવે. જોકે, આ મામલો અપીલ કોર્ટમાં પણ જવાનો છે. તેથી અંતમાં શું થશે તે અત્યારથી કહી શકાય નહીં. આ પ્રક્રિયામાં કદાચ વર્ષોના વર્ષો પણ લાગી શકે છે.

# બિહારના આરામાં પંચાયત સમિતિના ભૂતપૂર્વ સભ્યના પુત્ર સહિત બે લોકો પર ફાયરિંગ કરાયું

। (એજન્સી) આરા-બિહાર, તા.૨૬ ।

બિહારના આરામાં સોમવારની રાત્રે, જૂની દુશ્મનાવટ પર પહેલેથી જ હુમલો કરી રહેલા ગુનેગારોએ પંચાયત સમિતિના ભૂતપૂર્વ સભ્યના પુત્ર સહિત બે લોકોને ગોળી મારી દીધી હતી. આ ઘટના જિલ્લાના ઉદવંતનગર પોલીસ સ્ટેશન વિસ્તારના બેલૌર ગામમાં બની હતી. આ ઘટનામાં પૂર્વ પંચાયત સમિતિના સદસ્યના પુત્રને બે ગોળી વાગી હતી જ્યારે તેના મિત્રને પણ એક વખત ગોળી વાગી હતી.

પોલીસે બંનેને તાત્કાલિક બાબુબજાર સ્થિત ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા છે. ઘટના વિશે જણાવવામાં આવી રહ્યું છે કે સોમવારે બપોરે કુખ્યાત બુટન ચૌધરીના ભત્રીજાએ ઘર પાસે ગોળીબાર કર્યો હતો, ત્યારબાદ પોલીસ પણ આવી હતી. રાત્રે જમ્યા બાદ બંને જ્યારે ઘરની બહાર નીકળ્યા ત્યારે તેમને ગોળી વાગી હતી. ઈજાગ્રસ્તોમાં ઉદવંતનગર પોલીસ સ્ટેશન વિસ્તારના બેલૌર ગામના પૂર્વ પંચાયત સમિતિના સભ્ય સ્વર્ગસ્થ દીપક કુમાર ગુપ્તાના ૧૮ વર્ષીય પુત્ર આયુષ કુમાર ગુપ્તા અને તે જ ગામના રહેવાસી રંજન પાસવાનનો ૧૭ વર્ષીય પુત્ર દીપુ કુમાર સામેલ છે. . ઈજાગ્રસ્ત આયુષ કુમાર ગુપ્તાએ જણાવ્યું કે સોમવારે રાત્રે તે ઘરની બહારના હેન્ડપંપમાંથી પાણી કાઢી રહ્યો હતો. તેનો મિત્ર દીપક પણ ત્યાં હાજર હતો. કુમાર એક હેન્ડપંપ ચલાવતો હતો જ્યાં ગામના કુખ્યાત ગુનેગાર બુટોન ચૌધરીના ભત્રીજાઓ, જેઓ પહેલાથી જ ઝાડીમાં છુપાયેલા હતા, તેઓએ ગોળીબાર કર્યો. જેના કારણે બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા.

જણાવવામાં આવી રહ્યું છે કે એક વર્ષ પહેલા તેમના પિતા પૂર્વ પંચાયત સમિતિના સભ્ય દીપક કુમાર ગુપ્તાની ચૂંટણીની દુશ્મનાવટના કારણે ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. તે તેના પિતાની હત્યાનો મુખ્ય સાક્ષી પણ છે. આ કેસમાં ગામના જ કુખ્યાત ગુનેગાર બુટન ચૌધરીના ભાઈ ઉપેન્દ્ર ચૌધરીના જામીન નામંજૂર થયા હતા. આનાથી નારાજ બટન ચૌધરીના ભત્રીજા કરીમન ચૌધરી, સુમિત ચૌધરી અને રાજ યાદવે યાદવ પર તેના મિત્રને ગોળી મારવાનો આરોપ લગાવ્યો છે. આ મામલે ભોજપુરના એસપી પ્રમોદ કુમારે જણાવ્યું કે આરા સદર સબ ડિવિઝન હેઠળના ઉદવંતનગર પોલીસ સ્ટેશનના બેલૌર પંચાયતમાં બે પક્ષો વચ્ચે જૂની દુશ્મની ચાલી રહી છે.

### અમેરિકા અને ઈઝરાયલના સંબંધોમાં કડવાશ આવી

# ઈઝરાયલના પ્રધાનમંત્રી નેતન્યાહુ નારાજ! અમેરિકા પ્રવાસને રદ કર્યો

## યુદ્ધની શરૂઆતથી જેનો સાથ હતો તે અમેરિકા અને ઈઝરાયલની દોસ્તીમાં પડી ગઈ છે મોટી તિરાડ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૬ ।

જે દોસ્તી વર્ષો જૂની હતી. વગર કોઈ શરતે એકબીજાની મદદ માટે તૈયાર રહેતા હતા. યુદ્ધની શરૂઆતથી જેનો સાથ હતો તે અમેરિકા અને ઈઝરાયલની દોસ્તીમાં પડી ગઈ છે મોટી તિરાડ. અણબનાવ પણ એવો કે સમગ્ર વિશ્વને સવાલ થાય છે કે આવું કઈ રીતે થઈ શકે. હમાસના હુમલાના થોડા દિવસ બાદ જ ઈઝરાયલ પહોંચી ગયેલા જો બાઈડને હવે પોતાના મિત્ર નેતન્યાહુ સાથે વિશ્વાસઘાત કર્યો છે, જે નેતન્યાહુ ક્યારેય નહીં ભૂલી શકે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં જ્યારે તમામ દેશ ઈઝરાયલની વિરુદ્ધમાં એકજૂટ હતા. ત્યારે ઈઝરાયલને જરૂર હતી અમેરિકાના વીટો પાવરની. પરંતુ બાઈડને સંકટ સમયે કરી દીધો મદદ કરવાનો ઈનકાર... સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ગાઝામાં ચાલી રહેલા યુદ્ધમાં તુરંત વિરામ લગાવવા માટેના એક પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ પ્રસ્તાવમાં એવું પણ કહેવાયું કે તમામ બંધકોને કોઈ પણ શરત વિના મુક્ત કરવામાં આવે. તેમાં સૌથી મોટી વાત એ છે કે, આ પ્રસ્તાવના વોટિંગ દરમિયાન અમેરિકાએ પોતાના વીટો પાવરનો ઉપયોગ કર્યો નહીં. એટલું જ નહીં મતદાન દરમિયાન અમેરિકા હાજર પણ ન રહ્યુ. જેથી ઈઝરાયલ વિરુદ્ધ આ



પ્રસ્તાવ ૧૪-૦ના મત સાથે પસાર થઈ ગયો. આ પ્રસ્તાવ પાસ થવાના કારણે ઈઝરાયલને મોટો ઝટકો લાગ્યો છે. આ પહેલાં જ્યારે જ્યારે આવા પ્રસ્તાવ આવ્યા, અમેરિકાએ હમેશાં પોતાના વીટો પાવરનો ઉપયોગ કર્યો, પરંતુ આ વખતે અમેરિકાએ સાથ છોડી દીધો આ વાતથી ઈઝરાયલના પ્રધાનમંત્રી નેતન્યાહુ નારાજ થઈ ગયા છે. તેમણે પોતાનો અમેરિકા પ્રવાસને રદ કરી દીધો છે. વોશિંગ્ટનમાં તેમણે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળની બેઠકમાં સામેલ થવાનું હતું. માહિતી પ્રમાણે, ઈઝરાયલે વાઈટ હાઉસના પ્રતિનિધિ મંડળ સમક્ષ ગાઝાના રાફામાં સંભવિત જમીની હુમલાની યોજના રજૂ કરવાની હતી. જ્યાં ૧૦ લાખ ફિલિસ્તીની નાગરીકોએ યુદ્ધથી બચવા માટે શરણ માગી છે. પરંતુ હવે યુદ્ધ વિરામની માગ વાળા પ્રસ્તાવ પર અમેરિકા વીટો ન વાપરતા ઈઝરાયલના પ્રધાનમંત્રી નાખુશ છે.

## ઉત્તર અને પૂર્વી રાજ્યોમાં તાપમાનમાં સતત વધારો

। (એજન્સી) નવીદિલ્લી,તા.૨૬ ।

દેશના મેદાની વિસ્તારોમાં ઠંડીની વિદાય થઈ ચૂકી છે. ઉત્તર અને પૂર્વી રાજ્યોમાં તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આ સાથે જ મૌસમી વાયરાની દિશા ઝડપથી બદલાવવાની શરૂ થઈ ચૂકી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) પ્રકૃતિના આ બદલાતા તેવરને જોતા દેશના અનેક ભાગોમાં મંગળવારે ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. જાણો ગુજરાતની શું છે પરિસ્થિતિ... દેશના મેદાની વિસ્તારોમાં ઠંડીની વિદાય થઈ ચૂકી છે. ઉત્તર અને પૂર્વી રાજ્યોમાં તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આ સાથે જ મૌસમી વાયરાની દિશા ઝડપથી બદલાવવાની શરૂ થઈ ચૂકી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) પ્રકૃતિના આ બદલાતા તેવરને જોતા દેશના અનેક ભાગોમાં મંગળવારે ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. ખાસ કરીને પૂર્વોત્તર અને પૂર્વ ભારતમાં તોફાન સાથે વરસાદ પડવાની શક્યતા છે. આ અગાઉ મધ્ય ભારતના અનેક ભાગોમાં વરસાદ નોંધાયો. આ દરમિયાન આંધી તોફાનના પણ એંધાણ છે. બીજી બાજુ દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં ૨૬ માર્ચના રોજ વાદળ છવાયેલા રહેવાનું અનુમાન છે.

# ઈમરાન ખાન અને તેમની પત્નીને કોર્ટમાં હાજર થવા માટે આદેશ

## પાક.ની મીડિયા અનુસાર જસ્ટિસ તાહિર અબ્બાસે જામીન અરજી પર સુનાવણી કરી અને બંને માટે કોર્ટમાં હાજર થવાનો ઓર્ડર જાહેર કર્યો

। ઈસ્લામાબાદ,તા.૨૬ ।

પાકિસ્તાનના ઈસ્લામાબાદની એક જિલ્લા અને સેશન્સ કોર્ટે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને ૪ એપ્રિલે હાજર થવાનો આદેશ આપ્યો છે. પાકિસ્તાની મીડિયા અનુસાર જસ્ટિસ તાહિર અબ્બાસે જામીન અરજી પર સુનાવણી કરી અને બંને માટે કોર્ટમાં હાજર થવાનો ઓર્ડર જાહેર કર્યો છે. કોર્ટમાં પક્ષના વકીલ ખાલિદ યુસુફ ચૌધરી પણ હાજર હતા. કોર્ટે અદિયાલા જેલના સુપ્રિટેન્ડેન્ટને ઈમરાન ખાનને હાજર કરવાનો



આદેશ આપ્યો હતો. અગાઉ, ઈસ્લામાબાદની જિલ્લા અને સત્ર અદાલતે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના સ્થાપક ઈમરાન ખાનને તેમની સામે દાખલ કરાયેલા બે કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. ઈસ્લામાબાદમાં પાર્ટીની લોંગ માર્ચ દરમિયાન ઈમરાન ખાન વિરુદ્ધ લુહી ભીર અને સહલા પોલીસ સ્ટેશનમાં બે કેસ નોંધવામાં આવ્યા છે.

# પવન દાવુલુરીને માઇક્રોસોફ્ટ Windowsના નવા બોસ બનાવ્યા

## અગાઉ આ વિભાગના વડા હતા : Panos Panay ગયા વર્ષે માઈક્રોસોફ્ટ છોડીને Amazonમાં જોડાયા

। નવીદિલ્લી, તા.૨૬ ।

IIT મદ્રાસમાંથી ભણેલા પવન દાવુલુરીને માઈક્રોસોફ્ટમાં નવી જવાબદારી સોંપવામાં આવી છે. હવે તે માઈક્રોસોફ્ટના વિન્ડોઝ અને સરફેસના નવા બોસ બની ગયા છે. પાનોસ પનાય બાદ તેમને આ પદ મળ્યું છે જે અગાઉ આ વિભાગના વડા હતા. Panos Panay ગયા વર્ષે માઈક્રોસોફ્ટ છોડીને Amazonમાં જોડાયા. માઈક્રોસોફ્ટ પહેલાથી જ વિન્ડોઝ અને સરફેસને અલગ કરી ચૂક્યું હતું અને બંનેનું નેતૃત્વ અલગ હતું. પવન દાવુલુરી અગાઉ સરફેસ




સિલિકોનના કામની દેખરેખ રાખતા હતા જોકે આ સમય દરમિયાન વિન્ડોઝ વિભાગનું નેતૃત્વ મિખાઈલ પારખિન કરતા હતા. મિખાઈલ પારખિન નવી ભૂમિકાઓ શોધવા માંગે છે ત્યારબાદ દાવુલુરીને વિન્ડોઝ અને સરફેસની જવાબદારી સોંપવામાં આવી છે. પવન દાવુલુરીનું ભારત સાથે ખાસ જોડાણ છે. તેમણે જાણીતી સંસ્થા IIT મદ્રાસમાંથી સ્નાતક થયા છે.

## વિશેષ

### સિંગણપોર પોલીસે ૬૦ જેટલી બોગસ ડિગ્રીઓ અને માર્કશીટ સાથે આરોપીને ઝડપી પડ્યો

# નકલી માર્કશીટ અને બોગસ ડીગ્રી કૌભાંડમાં વધુ એક આરોપીની દિલ્લીના હરિયાણા ખાતેથી ધરપકડ

સુરતની સિંગણપોર પોલીસ દ્વારા નકલી માર્કશીટ અને બોગસ ડીગ્રી કૌભાંડમાં વધુ એક આરોપીની દિલ્લીના હરિયાણા ખાતેથી સિંગણપોર પોલીસે ૬૦ જેટલી બોગસ ડિગ્રીઓ અને માર્કશીટ સાથે આરોપીને ઝડપી પાડી ધરપકડ કરી છે. જ્યારે સમગ્ર કૌભાંડમાં સામેલ અન્ય આરોપીઓની પણ પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હમણાં સુધી કુલ છ આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જેમાં બોગસ ડીગ્રીનો ઉપયોગ કરનારા આરોપીઓનો પણ સમાવેશ થાય છે. સુરતના સિંગણપોર વિસ્તારમાંથી પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલા આંતરરાષ્ટ્રીય નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી બનાવવાના કૌભાંડ મામલે વધુ એક આરોપીની પોલીસે દિલ્હીના હરિયાણા ખાતેથી ધરપકડ કરી છે. સુરત ડીસીપી પિનાકીન પરમારના જણાવ્યા અનુસાર, ૨૧ માર્ચના રોજ સુરત સીંગણપોર પોલીસ દ્વારા નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી બનાવવાના રાષ્ટ્રવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કરી નિલેશ સાવલિયા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. જે આરોપી પાસેથી લેપટોપ, કોમ્પ્યુટર સહિત ૧૩૭ અલગ અલગ રાજ્યના શિક્ષણ બોર્ડની નકલી માર્કશીટ અને જુદી જુદી યુનિવર્સિટીઓની બોગસ ડિગ્રીઓ કબજે કરવામાં આવી હતી. જે આરોપીની પૂછપરછ માં ફરીદાબાદના મનોજકુમાર નામના શખ્સ સામે આવ્યું હતું. સમગ્ર કૌભાંડ રાષ્ટ્રવ્યાપી હોય સિંગણપોર પોલીસ દ્વારા જુદી જુદી ટીમો બનાવી



તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.જે તપાસ દરમિયાન પોલીસને એક બાદ એક કડીઓ મળતી ગઈ હતી. સમગ્ર એક પ્રકારની એજન્ટોની લાંબી ચેન ચાલી રહી હોવાની શક્યતા ના પગલે પોલીસે ખૂબ જ ઊંડાણપૂર્વકની આ કેસની તપાસ શરૂ કરી હતી. સિંગણપોર પોલીસની તપાસમાં સરથાણા અને સેલવાસના વધુ બે એજન્ટોની ભૂમિકા સામે આવતા બે દિવસ અગાઉ બંને શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી.જે બંને આરોપીઓની પૂછપરછ પણ રૂ.૧૦,૦૦૦ થી લઈ એક લાખ રૂપિયા સુધીમાં બોગસ માર્કશીટ અને ડિગ્રી બનાવી આપવામાં આવતા હોવાનો ખુલાસો થયો હતો.જે બાદ સરથાણા ના કેતન શૈલેષ જેઠવા અને સેલવાસથી આસિફ જીવાણીની ધરપકડ કરવામાં આવી હતી. આ બંને એજન્ટો પોતાની પાસે આવતા લોકોને વિદેશ જવા માટે જરૂરી બોગસ ડોક્યુમેન્ટ બનાવવા માટે સુરતના એજન્ટ નિલેશ સાવલિયાનો સંપર્ક કરતા હતા. જે બાદ નિલેશ સાવલિયા બોગસ ડોક્યુમેન્ટ બનાવવા માટે જે તે વ્યક્તિના તમામ ડેટા દિલ્હી અનવ હરિયાણા ખાતે બેઠેલા માસ્ટર માઈન્ડ આરોપીઓ મનોજકુમાર, કરણ અને રાહુલ સૈની ને મોકલી આપતો હતો. પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે આ ત્રણેય શખ્સોના સંપર્કમાં દેશના અલગ અલગ રાજ્યના એજન્ટો પણ સંપર્કમાં છે. જેમ ગુજરાતમાં નિલેશ સાવલિયા એજન્ટ છે તેવી જ રીતે અલગ અલગ રાજ્યોમાં પણ તેઓ જોડે અન્ય એજન્ટો સંકળાયેલા છે. જે એજન્ટો ને રૂપિયા લઈ નકલી સર્ટીફીકેટ અને બોગસ ડિગ્રીઓ મોકલી આપતા હતા. ડીસીપી પિનાકીન પરમારના જણાવ્યા મુજબ, આ એક સુનિયોજિત આરોપીઓની ચેન ચાલી આવી છે. જેમાં અલગ અલગ એજન્ટો ની ભૂમિકા રહેલી છે. પોલીસ તપાસમાં દિલ્હીના હરિયાણા ખાતે રહેતા રાહુલ સૈની નામના ઈસમનું નામ સામે આવતા તેની ધરપકડ કરવા માટે પોલીસે ટીમ દિલ્હી રવાના કરવામાં આવી હતી.જ્યાથી રાહુલ સૈની નામના આ શખ્સને ઝડપી પાડવામાં સિંગણપોર પોલીસને સફળતા હાથ લાગી છે. પોલીસે આરોપીના ઘરમાં સર્ચ કરતા ૬૦ જેટલી અલગ અલગ ડિગ્રીઓ અને માર્કશીટ મળી આવી છે. જેમાં ૪૭ નામ જોગ અને અન્ય ૧૩ જેટલી નકલી માર્કશીટ તેમજ સર્ટિફિકેટ નામ વિનાના મળી આવ્યા છે.જે આરોપીની ધરકપડ કરી સુરત કોર્ટમાં રજૂ કરતા એક દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે હાલ ઝડપાયેલ આરોપી રાહુલ સૈની જેવા અન્ય આરોપીઓ હરિયાણા અને દિલ્હી ખાતે રહેલા છે. જે શખ્સો આ પ્રકારે લોકોને બોગસ ડિગ્રી અને સર્ટિફિકેટ રૂપિયા લઈ બનાવી આપે છે.જે કૌભાંડના તાર દૂર દૂર સુધી જોડાયેલા છે અને અનેક ખુલાસા બહાર આવે તેવી શકયતા રહેલી છે. આ સમગ્ર કૌભાંડ ના માસ્ટર માઈન્ડો દિલ્હીમાં બેઠેલા છે અને દેશભરમાં આ માસ્ટર માઈન્ડો દ્વારા બોગસ ડિગ્રી અને સર્ટિફિકેટ બનાવી આપવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું છે કે આ સમગ્ર કૌભાંડમાં જે લોકોએ બોગસ ડિગ્રી અને નકલી માર્કશીટ ઉપરાંત સર્ટિફિકેટ બનાવી લાભ લીધો છે,તેવા લોકો સામે પણ સંકજો કસવામાં આવી આવી રહ્યો છે.જેમાં દિપક પરાસર અને હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આવી છે.આરોપીઓ દ્વારા એજન્ટો ની મદદથી નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રીઓ બનાવવામાં આવી છે. આમ પોલીસ દ્વારા એજન્ટો સહિત કુલ છ આરોપીઓની હમણાં સુધી અટકાયત કરવામાં આવી છે. જેથી પોલીસ પણ હાલ અલગ અલગ રાજ્યોમાં છાપો મારી સમગ્ર કેસની ઊંડાણપૂર્વકની તપાસ કરી રહી છે. એટલું જ નહીં પરંતુ ગુજરાત બહારની કેટલીક યુનિવર્સિટીઓની પણ સંડોવણી હાલ સામે આવી છે. જે યુનિવર્સિટીઓ સાથે દિલ્હી અને હરિયાણા માં બેઠેલા માસ્ટર માઈન્ડો સંપર્કમાં હોવાનું હમણાં સુધીની તપાસમાં સામે આવ્યું છે. પોલીસ તપાસમાં દિલ્હી અને હરિયાણા ખાતે બેઠેલા બોગસ ડીગ્રી અને નકલી માર્કશીટ કૌભાંડના મુખ્ય સૂત્રધારોના કેટલાક ટાઉટો પણ યુનિવર્સિટીમાં બેઠેલા છે. જે ટાઉટોના માધ્યમ દ્વારા બોગસ ડિગ્રી અને સર્ટિફિકેટ સહિત નકલી માર્કશીટ અન્યોને આપવામાં આવતી હતી. એટલું જ નહીં પરંતુ અન્ય કોઈ એજન્સી અથવા ફોરેનની યુનિવર્સિટી આવી બોગસ ડિગ્રીઓ અથવા તો સર્ટિફિકેટ નું વેરીફિકેશન કરે ત્યારે આ યુનિવર્સિટીઓ દ્વારા તેને ઓથોરાઈઝ તરીકે જાહેર કરી આપવામાં આવતી હતી. આ ખૂબ જ મોટું રાષ્ટ્રવ્યાપી કૌભાંડ હોવાનું હમણાં સુધીની તપાસમાં સામે આવતા પોલીસ તેની ઝીણવટભરી રીતે તપાસ કરી રહી છે.

### વધુ એક ભયંકર અકસ્માતની ઘટના બની । એમ્બ્યુલન્સના ડ્રાઈવર સહિત ૩ વ્યક્તિના મોત થયા છે

# ચોટીલા-રાજકોટ હાઇવે પર એમ્બ્યુલન્સનો અકસ્માત

। (એજન્સી) ચોટીલા, તા.૨૬ ।

ચોટીલા-રાજકોટ હાઈવે પર વધુ એક ભયંકર અકસ્માતની ઘટના બની છે. આ હાઈવે પર ગઈકાલે મોડી રાતે એક એમ્બ્યુલન્સ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી, જેમાં એમ્બ્યુલન્સના ડ્રાઈવર સહિત ૩ વ્યક્તિના મોત થયા છે. જાણવા મળતી વિગત પ્રમાણે એમ્બ્યુલન્સમાં જે દર્દીને લઈ જવાતા હતા તેમનો જીવ બચી ગયો છે, પરંતુ તેમની સાથેની બે વ્યક્તિ મૃત્યુ પામી છે. ચોટીલાથી રાજકોટ જતી એમ્બ્યુલન્સને આપાગીગાના ઓટલા નજીક ટ્રક સાથે અકસ્માત નડ્યો હતો. અત્યાર સુધીમાં મળેલી માહિતી મુજબ એમ્બ્યુલન્સમાં સવાર દર્દી સાથે રહેલા તેમના બેન તથા દીકરી તથા એમ્બ્યુલન્સના ડ્રાઈવરના મોત નીપજ્યા છે. સોમવારે મોડી રાતે ચોટીલા-રાજકોટ હાઈવે આ એક્સિડન્ટ થયો છે જેમાં એક પ્રાઈવેટ હોસ્પિટલની એમ્બ્યુલન્સ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં એમ્બ્યુલન્સના ડ્રાઈવર વિજયભાઈ બાવળીયા (ઉ. વ. ૩૯), તથા દર્દી સાથે રહેલા પાયલબેન મકવાણા (ઉંમર વર્ષ ૧૮) અને ગીતાબેન મીયાત્રા (ઉંમર વર્ષ



૪૫)ના અવસાન થયા છે. પોલીસે ઘટના સ્થળે જઈને વધુ કાર્યવાહી હાથ ધરી છે. ચોટીલા - રાજકોટ હાઈવે પર આપા ગીગાના ઓટલા પાસે એક અજાણ્યા ટ્રક પાછળ એમ્બ્યુલન્સ ધડાકાભેર અથડાઈ હતી. ચોટીલાથી દર્દીને રાજકોટ વધુ સારવાર માટે લઈ જવામાં આવતા હતા, તે દરમિયાન આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. સૂત્રોએ જણાવ્યા પ્રમાણે સોમવારે સાડા દસ વાગ્યા આસપાસ ચોટીલાના રાજપરા ગામે રહેતા કાજલબેન હરેશભાઈ મકવાણા ચોટીલા હોસ્પિટલે તેમની દીકરી તથા દીકરા સાથે સારવાર લેવા આવ્યાં હતાં. તે સમયે રાજકોટમાં રહેતાં બહેન અને બનેવી પણ ચોટિલા આવ્યા હતા. આ દરમિયાન ચોટીલા રેફરલ હોસ્પિટલમાં દર્દીને તકલીફ વધી ગઈ હોવાથી ડોક્ટરે રાજકોટ હોસ્પિટલે લઈ જવા જણાવ્યું હતું. તેઓ ખાનગી એમ્બ્યુલન્સમાં રાજકોટ જવા રવાના થયા ત્યારે આપાગીગાના ઓટલા નજીક ટ્રક સાથે ધડાકાભેર ટક્કર થઈ હતી. સ્થાનિકોએ ૧૦૮ને જાણ કરતાં સૌને ૧૦૮ની એમ્બ્યુલન્સથી ચોટીલા રેફરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા જ્યાં ગીતાબેનને તાત્કાલિક મૃત જાહેર કરાયા હતા. બીજા બે ઈજાગ્રસ્તોને રાજકોટ લઈ જવાતા હતા ત્યારે રસ્તામાં જ મૃત્યુ પામ્યા હતા. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને લાંબા સમય સુધી વાહન વ્યવહારને અસર થઈ હતી. આ ઘટનાની પોલીસને જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના વિશે વધારે માહિતી મળે તેની રાહ જોવાઈ રહી છે. રાજકોટથી લીંબડી સુધીનો હાઈવે દાયકાઓથી સૌથી જોખમી રોડ તરીકે ઓળખાય છે અને અહીં છાશવારે દુર્ઘટનાઓ બનતી રહે છે. ખાસ કરીને રાતના સમયે રસ્તા પર ઉભેલા ટ્રકના કારણે બીજા વાહનો માટે જોખમી સ્થિતિ પેદા થતી હોય છે.

## ન્યૂઝ બ્રિફ

### જૂની અદાવતમાં યુવાનનું અપહરણ કરી ચાર મિત્રોએ હત્યા કરી

। (એજન્સી) વલસાડ, તા.૨૬ ।

પુના ગામમાં એક વ્યક્તિનું અપહરણ કર્યા બાદ હત્યાનો મામલો સામે આવ્યો છે. હત્યાની ઘટનાને છૂપાવવા આરોપીઓએ લાશને સળગાવી દીધી હતી. આરોપીના મિત્રના ભાઈની હત્યાનું વેર રાખી વ્યક્તિનું અપહરણ કરી હત્યાના ગુનાને અંકજામ અપાયો હતો. હત્યાની અદાવતમાં ચાર મિત્રોએ ભેગા મળી એક વ્યક્તિની હત્યા કરી હતી. ગળું દબાવી હત્યા બાદ મૃતદેહને વાપી નજીક સળગાવી દેવાયો હતો. પોલીસને ગેરમાર્ગે દોરવા આરોપીઓ દ્વારા ગોળ-ગોળ જવાબ અપાયા બાદ પોલીસની કડક પૂછપરછમાં એક આરોપીએ ગુનો કબૂલ્યો હતો. મૃતકના અવશેષો કબ્જે લઈ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. હત્યા કેસમાં હજુ ત્રણ આરોપી ફરાર છે જેની પોલીસ શોધખોળ કરી રહી છે

### સુરતના નકલી માર્કશીટ અને બોગસ સર્ટિફિકેટ કૌભાંડ ઝડપાયું

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતના નકલી માર્કશીટ અને બોગસ સર્ટિફિકેટ કૌભાંડમાં પોલીસને વધુ એક સફળતા હાથ લાગી છે. આખા દેશમાં ફેલાયેલા કૌભાંડમાં માસ્ટર માઈન્ડ એવા રાહુલ સૈનીને સિંગણપોર પોલીસે હરિયાણાથી દબોચી લીધો છે. સાથે જ આરોપી પાસેથી ૬૦ જેટલી બોગસ ડિગ્રી અને નકલી માર્કશીટ પણ જપ્ત કરી છે. ગત ૨૧ માર્ચના રોજ સુરત પોલીસે સિંગણપોરમાંથી નિલેશ સાવલિયા નામના શખ્સની ધરપકડ કરીને આંતરરાષ્ટ્રીય નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. નિલેશ પાસેથી પોલીસે ૧૩૭ અલગ અલગ રાજ્યના શિક્ષણ બોર્ડની નકલી માર્કશીટ અને જુદી જુદી યુનિવર્સિટીઓની બોગસ ડિગ્રીઓ કબજે કરી હતી.

### જાફરાબાદમાં મકાનની દીવાલ ધરાશાયી થતા ૧વ્યકિતનું મોત

। (એજન્સી) અમરેલી, તા.૨૬ ।

અમરેલીમાં મકાનની દીવાલ ધરાશાયી થવાની ઘટનામાં ૧ વ્યક્તિનું મોત નિપજ્યું. મકાનની દિવાલ ધરાશાયી થવાની ઘટનામાં અન્ય લોકોને પણ ગંભીર ઈજા પંહોચી હતી. આ ઘટનામાં ત્રણથી વધુ લોકોને ઈજા થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જાફરાબાદમાં મકાનની દિવાલ ધરાશાયી થઈ. જાફરાબાદના એક મકાનમાં આધેડ ચા પિતા હતા ત્યારે મકાનની દિવાલ અચાનક ધરાશાયી થઈ. આ ઘટનામાં ૧ વ્યક્તિનું મોતન નિપજયુ છે. જ્યારે અન્ય લોકોને પણ ગંભીર ઈજાઓ પંહોચી છે. મકાનની દિવાલ ધરાશાયી થવાની ઘટનાને પગલે ફાયર ફાયટરની ટિમ અને પોલીસ ઘટનાસ્થળે તુરંત પંહોચી ગઈ હતી. જે મકાન ધરાશાયી થયું તે SBI બેન્કનું મકાન છે. જે જર્જરિત હાલતમાં હોવાનું સ્થાનિકો જણાવે છે. મકાનની દિવાલ ધરાશાયી થતા સ્થાનિકોનું ટોળું જમા થઈ ગયું હતું. અને ઈજાગ્રસ્ત લોકોને બહાર કાઢવામાં ફાયર ટીમને મદદ કરી રહ્યા હતા.

### લોકસભા બેઠક પર કોંગ્રેસનો પેંચ ફસાયેલો છે

# સૌરાષ્ટ્રની ત્રણ બેઠકો પર કોંગ્રેસમાં મંથન યથાવત

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

સૌરાષ્ટ્ર અને કચ્છની કુલ ૮ બેઠકો પૈકી પાંચ બેઠકોના નામ કોંગ્રેસ અને તેના ગઠબંધન દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.જો કે હજુ પણ ત્રણ બેઠકો પર કોંગ્રેસ દ્વારા મંથન ચાલી રહ્યું છે.આ ત્રણ બેઠકોમાં જુનાગઢ, સુરેન્દ્રનગર અને રાજકોટ લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. આ ત્રણેય બેઠકો પર કોંગ્રેસ દ્વારા જાતિગત રણનિતી ઘડાઈ રહી છે. ત્રણેય બેઠક પર ભાજપે તેના ઉમેદવાર જાહેર કરી દીધા છે ત્યારે તેને ટક્કર આપી શકે તેવા ઉમેદવારને ટિકિટ આપવાની રણનિતી ઘડી રહ્યું છે. રાજકોટ, સુરેન્દ્રનગર અને જુનાગઢ લોકસભા બેઠક પર કોંગ્રેસ મુરતીયાઓ પર મંથન કરી રહ્યા છે. રાજકોટ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે અને આ વખતે આ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રુપાલા મેદાને છે ત્યારે તેની સામે કોંગ્રેસે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીને મેદાને ઉતારવાની રણનિતી બનાવી હતી પરંતુ પરેશ ધાનાણીએ લડવાની ના પાડતા હવે રાજકોટમાં ઉમેદવારને લઈને પેંચ ગુચવાયેલો છે. આ બેઠક પર કોંગ્રેસ કડવા પાટીદાર નેતા સામે લેઉવા અથવા ઓબીસીનો દાવ રમવાની રણનિતી ઘડી રહ્યું છે ત્યારે આ બેઠક પર હાલના સંજોગોમાં હિતેષ વોરા અથવા તો કોળી સમાજના કોઈ આગેવાનનું નામ ચર્ચામાં છે.આ ઉપરાંત ડૉ.હેમાંગ વસાવડા અને ઈન્દ્રનીલ રાજ્યગુરૂના નામ પણ ચર્ચાઈ રહ્યા છે. આ સીટ પર કોંગ્રેસના એક જુથ દ્વારા વિક્રમ સોરાણીનું નામ ઓબીસી નેતા તરીકે મૂકવામાં આવ્યું હતું પરંતુ આ કોંગ્રેસના નેતાઓ દ્વારા તેનો વિરોધ કરીને આ સીટ પર સ્થાનિક અને મૂળ કોંગ્રેસી નેતાને ટિકિટ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

વાત જુનાગઢ બેઠકની કરીએ તો આ બેઠક પણ કોળી સમાજના પ્રભુત્વવાળી બેઠક છે. ભાજપે આ સીટ પર રાજેશ ચુડાસમાને રિપીટ કર્યા છે. જેની સામે કોંગ્રેસ પ્રદેશ ઉપાધ્યાક્ષ અને આહિર સમાજના અગ્રણી હિરા જોટવાને મેદાને ઉતારી શકે છે. એક શક્યતા એવી પણ વર્તાઈ રહી છે કે ભાજપના કોળી ઉમેદવારની સામે કોળી સમાજને મેદાને ઉતારવા માટે ધારાસભ્ય વિમલ ચુડાસમાના અંગત વ્યક્તિને પણ ટિકીટ ફાળવી શકાય છે જો કે હાલના સંજોગોમાં હિરા જોટવાનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે.

રાજકોટ લોકસભા બેઠક પર કોંગ્રેસનો પેંચ ફસાયેલો છે. નામને લઈને કોંગ્રેસમાં જુથવાદ ચરમસીમા પર જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ વિક્રમ સોરાણીનું નામ મૂક્યું હતું. જેની સામે મહેશ રાજપૂત, હેમાંગ વસાવડા સહિતના નેતાઓએ નારાજગી દર્શાવી હતી. આ સીટ પર લેઉવા પાટીદાર સમાજમાંથી પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશ વોરાનું નામ પણ ચર્ચામાં છે. જો કે જેની સામે એક જુથને વાંધો છે. ટૂંકમાં રાજકોટ લોકસભા બેઠક માટે સર્વસંમતિ સધાતી ન હતી. જેના કારણે જ ગત રવિવારે શક્તિસિંહ ગોહિલે રાજકોટના તમામ નેતાઓ સાથે બેઠક કરી હતી અને ચીમકી આપી હતી કે પાર્ટીમાં રજૂઆત કરી શકાશે પરંતુ જો શિસ્ત ભંગ કર્યો તો ગમે તેવા મોટા નેતા હશે તેમને કાઢી મુકવામાં આવશે. ત્યારે હવે સર્વ સંમતિ સાધવા માટે કોંગ્રેસ પ્રયત્ન કરી રહ્યું છે. ત્યારે ક્યારે આ નામ જાહેર થશે તેના પર સૌની નજર ટકેલી છે.

### લોકસભાની સાથે સાથે ગુજરાતમાં વિધાનસભાની પેટા ચૂંટણી

# ભાજપે વિધાનસભા પેટા ચૂંટણી માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી

### ગુજરાતમાં ૫, હિમાચલ પ્રદેશમાં ૬, કર્ણાટકમાં ૧ અને પશ્ચિમ બંગાળમાં ૨ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ભારતીય જનતા પાર્ટીએ સિક્કિમ વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આ સાથે ૪ રાજ્યોમાં પેટાચૂંટણી માટે ઉમેદવારોના નામની પણ જાહેરાત કરવામાં આવી છે. પાર્ટીએ સિક્કિમમાં ૯ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ગુજરાતમાં ૫, હિમાચલ પ્રદેશમાં ૬, કર્ણાટકમાં ૧ અને પશ્ચિમ બંગાળમાં ૨ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

ભાજપે સિક્કિમમાં ઉમેદવારોની પ્રથમ યાદીમાં ૧૪ નામોની જાહેરાત કરી હતી. હવે બીજી યાદી આવતાં જ ૨૩ બેઠકો પર ભાજપના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. અહીં કુલ ૩૨ વિધાનસભા બેઠકો અને ૧ લોકસભા બેઠક છે.

લોકસભાની સાથે સાથે ગુજરાતમાં વિધાનસભાની પેટા ચૂંટણી પણ થવાની છે. તેના માટે ભાજપે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. રાજીનામું આપનાર ધારાસભ્યને ભાજપે ટિકિટ આપી છે. જે પાંચ સીટ માટે ભાજપે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે તેમાં પોરબંદરથી અર્જુનભાઈ મોઢવાડીયા, વિજાપુરથી ચતુરસિંહ ચાવડા, માણાવદરથી અરવિંદ લાડાણી, ખંભાતથી ચિરાગકુમાર પટેલ, વાઘોડિયાથી ધર્મેન્દ્રસિંહ વાઘેલાના નામની જાહેરાત કરવામાં આવી છે.લોકસભાની સાથે સાથે ગુજરાતની ૨૬ બેઠકો પર સાતમી મેએ મતદાન થશે. ત્રીજા તબક્કામાં યોજાશે ગુજરાતનું મતદાન યોજાશે, ગુજરાત સહિત તમામની મતગણતરી ચોથી જૂનના રોજ થશે. વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી પણ સાતમી મેના રોજ થશે.

**લોકસભા ચૂંટણી ૨૦૨૪ સાત તબક્કામાં યોજાશે**

પ્રથમ તબક્કો : ૧૯મી એપ્રિલ
બીજો તબક્કો : ૨૬મી એપ્રિલ
ત્રીજો તબક્કો : સાતમી મે
ચોથો તબક્કો : ૧૩મી મે
પાંચમો તબક્કો : ૨૦મી મે
છઠ્ઠો તબક્કો : ૨૫મી મે
સાતમો તબક્કો: પહેલી જૂન
**પરિણામોઃ ચોથી જૂન**

૧૮૨ સભ્યો વાળી ગુજરાત વિધાનસભાની ૨૦૨૨માં ચૂંટણી યોજાઈ હતી. ત્યારે ભાજપે ૧૫૬ બેઠકો પર જીત મેળવી હતી અને કોંગ્રેસને ૧૭, આમ આદમી પાર્ટીને ૫, અપક્ષના ૩ અને સમાજવાદી પાર્ટીની ૧ બેઠક પર જીત મળી હતી. વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ અત્યાર સુધીમાં છ ધારાસભ્યોએ રાજીનામાં આપ્યા છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભાની હાલની સ્થિતિ ભાજપના ૧૫૬, કોંગ્રેસ ૧૩, આમ આદમી પાર્ટી ૪, અપક્ષ ૨ અને સપાના ૧ ધારાસભ્ય છે. જેને લઈને આ ખાલી પડેલી છ વિધાનસભા બેઠકો માટે લોકસભા ચૂંટણીની સાથે જ પેટાચૂંટણી યોજાશે. ત્યારે આ બેઠકો પોતાના નામે કરવા રાજકીય પક્ષોએ કમર કસવી પડે તેમ છે.

### મહિલા તબીબ ડો. વૈશાલી જોષીની આત્મહત્યા કેસ

# બી.કે. ખાંચરે ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચ કેમ્પ સમાં ગત, ૬ માર્ચના રોજ પ્રેમપ્રકરણમાં મહિલા તબીબ ડો. વૈશાલી જોષીની આત્મહત્યા કેસમાં નાસતા ફરતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર બી.કે.ખાંચરે ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. જેમાં કોર્ટે તપાસ કરનાર અધિકારીએ સેશન્સ કોર્ટમાં એફિટેવીટ કરી છે.તપાસનીશ અધિકારીએ એફિડેવીટમાં મૃતક વૈશાલી જોષીની ચિઠ્ઠીનો કોઈ ઉલ્લેખ કર્યો નથી, આરોપી સાથે મૃતકે કેટલીવાર વાતચીતો કરી હતી અને ચિઠ્ઠી કબજે લેવામાં આવી હોવાનું પણ એફિડેવીટમાં જણાવ્યુ નથી. આમ પોલીસ અધિકારીએ આરોપી અધિકારી ખાંચરને બચાવવા લૂલી એફિડેવીટ ફઈલ કરી હોવાનું સામે આવ્યું છે. આ મામલે વધુ સુનાવણી ૨૭મી માર્ચ પર મુલતવી રાખી છે. ઉલ્લેખનીય છે કે, વૈશાલી જોષીએ આત્મહત્યા કરી તે દિવસથી પીઆઈ ખાંચર રજા પર ઉતરી ગયા હતા અને ભૂગર્ભમાં જતા રહ્યાં છે, ત્યાર બાદ આ મામલે ફિયાદ નોંધાઈ હતી અને પોલીસ તેમના ઘરે તથા વતનમાં તપાસ માટે ગઈ હતી પરંતુ તેઓ મળી આવ્યા નથી .

### શાક માર્કેટ અન્ય જગ્યાએ ખસેડવા ધમકી આપી

# પાવીજેતપુરના ઉપસંરપચ પાસે ૫૦ લાખની ખંડણી માગતા ફરિયાદ નોંધાઈ

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૨૬ ।

છોટાઉદેપુરમાં RTI એક્ટિવિસ્ટે પાવીજેતપુરના ઉપસંરપચ પાસે ૫૦ લાખની ખંડણી માગતા ફરિયાદ નોંધાઈ છે. RTI એક્ટિવિસ્ટ રસિક લાલ સામે ધમકી, માનસિક ત્રાસ આપવાની ફરિયાદ નોંધાઈ છે. RTI એક્ટિવિસ્ટે શાક માર્કેટ અન્ય જગ્યાએ ખસેડવા ધમકી આપી હોવાનો આક્ષેપ છે. પાવીજેતપુર પંચાયતના ડેપ્યુટી સરપંચ અંકિત કુમાર શાહ ઉર્ફે મોન્ટુ શાહ પાસે RTI એક્ટિવિસ્ટ રસીક લાલે ખંડણી માગી હોવાનો આક્ષેપ કર્યો છે. મોન્ટુ શાહે ગ્રામ પંચાયતની નજીક શાકભાજી માર્કેટ માટે સરકારી ગ્રાન્ટ મેળવી વેપારીઓ અને લોકોને તકલીફ ન પડે તે માટે શેડ બનાવ્યો હતો અને આ માર્કેટ પાસે રસિક લાલાનું મકાન આવેલુ છે, જેથી તેને માર્કેટ અહીંથી હટી જાય અને મકાન તોડી કોમર્શિયલ ઉપયોગ માટે લેવું હોવાનું જણાવ્યુ હતુ.

# વાઘોડિયા બેઠક પરથી ભાજપે ધર્મેન્દ્રસિંહ વાઘેલાને મેદાને ઉતાર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ધર્મેન્દ્રસિંહ વાઘેલા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વાઘોડિયા બેઠક પરથી અપક્ષ તરીકે ચૂંટાયા હતા. બાદમાં તેઓ ભાજપમાં જોડાતા આ બેઠક ખાલી પડી હતી, ત્યારે હવે પેટા ચૂંટણીમાં ભાજપ તરફથી આ બેઠક પર ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચૂંટણી લડશે. લોકસભા ચૂંટણીની સાથે ગુજરાતમાં વિધાનસભાની ૫ બેઠકો માટે પેટા ચૂંટણી પણ યોજાવાની છે, ત્યારે આ ૫ બેઠકો માટે ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત પણ કરવામાં આવી છે. આ ૫ બેઠકોમાં એક બેઠક વડોદરાની વાઘોડિયાનો પણ સમાવેશ થાય છે. આ બેઠક પરથી ભાજપે ઉમેદવાર તરીકે ધર્મેન્દ્રસિંહ વાઘેલાને મેદાને ઉતાર્યા છે.

# અમદાવાદમાં સ્વાઈન ફ્લૂના ૧૭૩, ઝાડા-ઉલટીના ૫૬૨ કેસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

શહેરમાં પ્રદૂષિત પાણી અને ગરમીનું પ્રમાણ વધતાં પાણીજન્ય રોગોમાં સતત વધારો થઈ રહ્યો છે. ઝાડા-ઉલટી અને ટાઈફોઈડના કેસો વધ્યા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રામોલ, અમરાઈવાડી, જશોદાનગર અને લાંભા વિસ્તારમાં એક-એક કોલેરાના કેસો પણ નોંધાયા છે.

સરકારી અને ખાનગી દવાખાનાઓમાં સ્વાઈન ફ્લૂના શરદી, ખાંસી, વાયરલ ફીવરના દર્દીઓની લાઈનો જોવા મળે છે. શહેરમાં ૨૪ માર્ચ સુધીમાં સ્વાઈન ફ્લૂના ૧૭૩, ઝાડા-ઉલટીના ૫૬૨, કમળાના ૮૫, ટાઈફોઈડના ૨૦૪ કેસ નોંધાયા છે. જ્યારે સાદા મેલેરિયાના ૦૯, અને ડેન્ગ્યુના ૧૫ કેસ નોંધાયા છે.

સૌથી વધારે પ્રદૂષિત પાણીના કારણે રોગચાળામાં સતત વધારો થઈ રહ્યો છે. પીવાના પાણીમાં ગટરનું અને ગંદુ પાણી મિક્સ થવાના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા જે પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. તેમાં સૌથી વધારે પૂર્વ વિસ્તારના દક્ષિણ ઝોનમાં મણીનગર, ઈસનપુર, વટવા, લાંભા સહિતના વિસ્તારોમાં કુલ ૪૭૨ જેટલા પાણીના સેમ્પલ અનફિટ આવ્યા છે. જ્યારે શહેરનો કોટ વિસ્તાર ગણાતા એવા ખાડિયા, જમાલપુર, રાયપુર, કાલુપુર શાહપુર અસારવા સહિતના વિસ્તારોમાં પણ સૌથી વધારે ૧૭૨ જેટલા પાણીના સેમ્પલો અનફિટ આવ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડાએ જણાવ્યું હતું કે, શહેરમાં સ્વાઈન ફ્લૂના કેસોમાં વધારો થયો છે. ચાલુ મહિનામાં ઠંડીનું પ્રમાણ પણ વધ્યું હતું, જેના કારણે સ્વાઈન ફ્લૂના કેસોનો વધારો થયો છે. ૨૪ દિવસમાં સ્વાઈન ફ્લૂના ૧૭૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત પાણીજન્ય રોગચાળામાં વધારો થયો છે. ઝાડા-ઉલટી અને ટાઈફોડના કેસમાં વધારો થયો છે.

# સાબરકાંઠા લોકસભા બેઠક પર ઉમેદવારને લઈ કકળાટ

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૬ ।

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપે ટિકિટ બદલીને પુરુષને બદલે મહિલાને આપી છે. ભાજપે શિક્ષિત મહિલા ઉમેદવારને પસંદ કર્યા છે, તો અગાઉ જાહેર કરવામાં આવેલ ઉમેદવાર ભીખાજી ઠાકોરે ચૂંટણી લડવાની વ્યક્તિગત કારણોસર અનિચ્છા દર્શાવી હતી. જેને લઈ ભીખાજીના સમર્થકોએ મેઘરજમાં દેખાવો કર્યા હતા.લોકસભા બેઠક સાબરકાંઠા પર ભાજપને શરુઆતથી જ કકળાટનો સામનો કરવો પડી રહ્યો છે. પહેલા પુરુષ ઉમેદવારને ટિકિટ આપી હતી. પરંતુ તેઓની અટકને લઈને વિવાદ શરુ થયો હતો. જોકે આ દરમિયાન તેઓએ ચૂંટણી લડવાની અનિચ્છા સોશિયલ મીડિયા મારફતે જાહેર કરી હતી. ત્યાર બાદ તેમના સમર્થકોએ વિરોધના સૂર રજૂ કર્યા હતા. પોસ્ટર શરુ થયા હતા અને વિરોધ કરવાની શરુઆત પણ થઈ હતી. આ દરમિયાન મોટા ટોળા સ્વરુપ ભીખાજીના સમર્થકો અને આગેવાનો મોડાસા સ્થિતિ જિલ્લા ભાજપ કાર્યાલય પર પહોંચ્યા હતા. જ્યાં મોટા ટોળા સ્વરુપ પહોંચેલ સમર્થકોએ ૨૦૦૦ કાર્યકરો ભાજપમાંથી રાજીનામુ ધરી રહ્યાનો પત્ર આપ્યો હતો. આમ ભાજપમાં રોષની સ્થિતિ જોવા મળી હતી. આ દરમિયાન ભીખાજીએ પોતે ભાજપ સાથે છે અને તેઓએ તેમના સમર્થકોને સમજાવીને ચૂંટણીમાં કાર્ય કરશે.

# અમદાવાદમાં કોરોનાના બે દર્દીને દાખલ કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

માર્ચ મહિનામાં એક સાથે ત્રણેય ઋતુનો અનુભવ થતાં રોગચાળો વકર્યો છે. જ્યારે હાલમાં ગરમીનું પ્રમાણ વધુ હોવાથી ઝાડા-ઉલટીના કેસમાં પણ વધારો થયો છે. ત્યારે ચાલુ મહિનાની શરૂઆતમાં મિશ્ર ઋતુના અનુભવને કારણે વાઈરલ ઈન્ફેક્શનના કેસ મોટા પ્રમાણમાં વધ્યા હતા. ત્યારે આ વર્ષે સ્વાઈન ફ્લુના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ઉપરાંત જે દર્દીઓને વાઈરલ ઈન્ફેક્શન છે તે પણ ઘણાં લાંબા સમયગાળા સુધી ચાલી રહ્યું હોવાથી તેનો ફેલાવો ખૂબ ઝડપથી થઈ રહ્યો છે. અમદાવાદ શહેરના નાના મોટા દવાખાનાથી માંડીને એશિયાની સૌથી મોટી જાહેર હોસ્પિટલની ઓપીડી પણ વાઈરલ ઈન્ફેક્શન અને સ્વાઈન ફ્લુના દર્દીઓથી ભરાઈ રહી છે




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨